CMYK

Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : 33 ● અંક : ૨૫૮
તા.૨૬-૧૦-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૪ કારતક સુદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

P.R.No. GBK/06/2015-17    RNI No 20508/71    Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ    પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭    જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...


સૂર્યોદય : ૦૬:૪૩    સૂર્યાસ્ત : ૦૬:૦૫

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૭.૮ | વડોદરા | ૩૬.૦ |
| અમદાવાદ | ૩૭.૦ | સુરત | ૩૫.૯ |
| ગાંધીનગર | ૩૮.૪ | નલિયા | ૩૩.૨ |

ચાંદી : ૪૦,૫૦૦    સોનું : ૩૦,૫૦૦

## ચૂંટણી પંચની જાહેરાત સાથે આચારસંહિતા અમલી

# ગુજરાત ચૂંટણી મહાસંગ્રામની જાહેરાત



## ૯મી અને ૧૪મી ડિસેમ્બરે બે તબક્કામાં મતદાન : ગુજરાતની સાથે સાથે હિમાચલમાં પણ મતગણતરી ૧૮મી ડિસેમ્બરે : રાજ્યમાં ૧૦૦ ટકા વીવીપેટ મશીન

નવી દિલ્હી

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ આજે જાહેર કરવામાં આવ્યો હતો. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા અટકળોનો અંત આવ્યો હતો. ગુજરાતમાં બે તબક્કામાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસે ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરના દિવસે ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે જ્યારે બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં બંને જગ્યાઓએ મતગણતરી એક જ દિવસે એટલે કે ૧૮મી ડિસેમ્બરે થશે. ગુજરાત ચૂંટણીમાં આ વખતે ૫૦૧૨૮ પોલિંગબુથ અથવા તો મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. ગોવા બાદ હિમાચલ અને ગુજરાત એવા રાજ્ય બની ગયા છે જ્યાં ચૂંટણીમાં ૧૦૦ ટકા વીવીપેટ મશીનનો ઉપયોગ કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર એકે જ્યોતિએ ગુજરાત ચૂંટણીની જાહેરાત કરતા કહ્યું હતું કે, પ્રદેશમાં ૧૦૦ ટકા સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી યોજવામાં આવશે. વીવીપેટ ઉપરાંત હાઈપ્રોફાઈલ ગુજરાત ચૂંટણી માટે અન્ય કેટલાક પગલા પણ લેવામાં આવી રહ્યા છે. આ ચૂંટણીમાં નજર રાખવા માટે અને પેમેન્ટ સુધીમાં આઈટીનો ઉપયોગ કરવામાં આવશે. લોકોની સુવિધા માટે એક મોબાઈલ એપ પણ રહેશે જેના ઉપર ચૂંટણી સાથે જોડાયેલી ફરિયાદોને દૂર કરી શકાશે. ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે પણ એક સુવિધા એપ રહેશે. આ ઉપરાંત ચૂંટણી દરમિયાન એક ઈ એટલસ પણ રહેશે જેના પર વાસ્તવિક ટાઈમ અપડેટ જાણવા મળશે. ઉમેદવારો એફિડેવિટમાં કોઈપણ કોલમને ખાલી છોડી શકશે નહીં. જો આવું થશે તો એક વખતે ઉમેદવારને નોટિસ મળશે. ઉમેદવારી પણ રદ કરવામાં આવી શકે છે. પોલિંગ બૂથ ઉપર વિડિયોગ્રાફી અને સીસીટીવી પણ રહેશે. અરજી દાખલ કરવા, ચકાસણી અને ચૂંટણી પ્રચાર સહિત ચૂંટણી સાથે સંબંધિત તમામ ગતિવિધિમાં વિડિયો રેકોર્ડિંગ કરવામાં આવશે. સુરક્ષિત માહોલમાં ચૂંટણી કરવા માટે પુરતી તૈયારી કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવશે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ પોલિંગ બુથ ઉપર ખાસ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ડીએમ અને પોલીસ અધિકારીઓની જવાબદારી રહેશે કે સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવામાં આવે. ચૂંટણીમાં ખર્ચ ઉપર નજર રાખવા ખાસ ટીમ બનાવવામાં આવી છે જે જીપીએસ સિસ્ટમથી સજ્જ રહેશે.

આ ઉપરાંત ઉમેદવારની ચૂંટણી ગતિવિધિની રેકોર્ડિંગ પણ કરવામાં આવશે. શરાબ વિતરણ જેવી ગતિવિધિઓ ઉપર અંકુશ રાખવા માટે પોલીસ ટુકડી તૈયાર રહેશે. પ્રતિ ઉમેદવાર ખર્ચની ઈ-પેમેન્ટ ગેટવેની વ્યવસ્થા રહેશે. આની મદદથી ચૂંટણી સાથે જોડાયેલા લોકો, ગાડીની ચુકવણી કરવામાં આવશે. ચૂંટણીમાં પારદર્શકતા લાવવામાં આવશે. હિમાચલ પ્રદેશમાં એક તબક્કામાં ૯મી નવેમ્બરના દિવસે મતદાન યોજનાર છે. અગાઉ હિમાચલની સાથે ગુજરાતની ચૂંટણીની તારીખો જાહેર ન થતાં ભારે હોબાળો થયો હતો. કોંગ્રેસે દલીલ કરી હતી કે, ગુજરાતમાં કોમી રમખાણોને છોડી દેવામાં આવે તો ગુજરાત અને હિમાચલમાં ચૂંટણી સાથે થતી રહી છે. ૧૯૯૮, ૨૦૦૭ અને ૨૦૧૨માં બંને રાજ્યોમાં ચૂંટણીની સાથે જાહેરાત કરવામાં આવી હતી પરંતુ ૨૦૧૭માં આવું બન્યું ન હતું. ૧૨મી ઓક્ટોબરના દિવસે હિમાચલ પ્રદેશની સાથે ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર ન થતાં કોંગ્રેસ સહિતની પાર્ટીઓએ વિરોધ કર્યો હતો.




ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે તારીખોની જાહેરાત થતાં આચારસંહિતા તાત્કાલિક અમલી બની છે જેના ભાગરુપે હોર્ડિંગો ઉતારવાની શરૂઆત થઈ ચુકી છે.

### ગુજરાત ચૂંટણી કાર્યક્રમ

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા થનાર છે. ૪.૩ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. બે તબક્કામાં યોજાનાર ચૂંટણીનો કાર્યક્રમ નીચે મુજબ છે.

**પ્રથમ તબક્કાનો કાર્યક્રમ**

★ ૧૯ જિલ્લામાં ૮૯ સીટ પર મતદાન
૨.૧ કરોડ મતદારો મતદાન કરશે
૧૪મી નવેમ્બરે જાહેરનામુ જારી કરાશે
૨૧મી નવેમ્બરે ઉમેદવારી પરત ખેંચવાની તારીખ રહેશે
૨૨મી નવેમ્બરે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે
૯મી ડિસેમ્બરે પ્રથમ તબક્કામાં મતતદાન થશે

**બીજા તબક્કાનો કાર્યક્રમ**

★ ૧૪ જિલ્લામાં ૯૩ સીટ પર મતદાન
૨.૨૧ કરોડ મતદારો મતદાન કરશે
૧૪મી નવેમ્બરે જાહેરનામુ જારી કરાશે
૨૭મી નવેમ્બરે ઉમેદવારી પરત ખેંચવાની તારીખ રહેશે
૨૮મી નવેમ્બરે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે
૧૪મી ડિસેમ્બરે બીજા તબક્કામાં મતતદાન થશે

### ચૂંટણીની સાથે સાથે.......

★ પ્રથમ તબક્કામાં ૨.૧ કરોડ લોકો ૧૯ જિલ્લાઓને આવરી લેતી ૮૯ બેઠકો પર મતદાન કરશે
★ બીજા તબક્કામાં ૨.૨૧ કરોડ મતદારો ૧૪ જિલ્લાને આવરી લેતી ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન કરશે
★ ૧૮૨ સીટોની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૫૦૧૨૮ મતદાન મથકો રહેશે
★ દરેક મતદાન મથકો ઉપર વીવીપેટ મશીનનો ઉપયોગ કરવામાં આવશે
★ દરેક ઉમેદવાર માટે ચૂંટણી ખર્ચની મર્યાદા ૨૮ લાખ નક્કી કરાઈ. જેની વિગત ૭૫ દિવસમાં આપવી પડશે. ચૂંટણી ખર્ચ માટે દરેક ઉમેદવારને બેંક ખાતા નવા ખોલાવવા પડશે

# ડીસા બેઠક ઉપર ભાજપના ઉમેદવારને લઈ ધમાસાણ

## મોવડીઓની જાતિવાદ, સ્થાનિક, ઈત્તર સમાજની આશા સહિત પ્રદેશ કક્ષાના નેતા મુદ્દે વિચારણા

ડીસા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના મતદાનની તારીખોની જાહેરાત થતા ઉત્તર ગુજરાત સહિત બનાસકાંઠામાં શિયાળાના આરંભે જ રાજકીય ગરમાવો છવાયો છે. જેમાં ઉમેદવારોની પસંદગીને લઈ અવનવી અટકળોનું બજાર ગરમા - ગરમ બની ગયું છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લાની આર્થિક પાટનગરી ગણાતી ડીસા બેઠકની વાત કરીએ તો કોંગ્રેસ રાજયસભાની ચૂંટણીની વફાદારી રૂપે ગોવાભાઈ રબારીની ટીકીટ ફાઈનલ છે પરંતુ ભાજપમાં ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોનો રાફડો ફાટ્યો છે. મોટા અને નાના સમાજોના કાર્યકરો પોતપોતાના સમીકરણો દાખવી ભાજપ મોવડી મંડળ પાસે સમાજના પ્રતિનિધિત્વની માંગણી કરી રહ્યાં છે. ત્યારે છેલ્લી ત્રણ ચૂંટણીની વાત કરીએ તો ૨૦૦૭ અને ૨૦૧૨ માં બહુમતિ ધરાવતા ઠાકોર સમાજના લીલાધરભાઈ વાઘેલાની પસંદગી થતા તેઓ જીત્યા હતા એ પછી તેમની ખાલી પડેલી બેઠક માટે ૨૦૧૪ માં યોજાયેલી પેટા ચૂંટણીમાં પણ ઠાકોર સમાજના લેબજીજી ઠાકોરની પસંદગી થઈ હતી પરંતુ તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. જો કે જાતિવાદનું સમીકરણ આ બેઠક ઉપર આજે પણ હાવી છે તેથી ઠાકોર સમાજના ભરતભાઈ ધુંખની પસંદગી થાય તો નવાઈ નહીં ! પરંતુ બીજી એક ગણતરી જોતા લીલાધરભાઈ વાઘેલા મોટા ગજાના પીઢ નેતા છે. જેઓ આગવી આવડતથી બે ચૂંટણી જીત્યા હતા. ત્યારે ડીસા શહેર અને તાલુકાવાસીઓની પસંદગી સ્થાનિક ચહેરાની છે.જે દાવ અજમાવાય તો જીત આસાન બને તેમ છે. જેમાં માળી સમાજનું પ્રભુત્વ અકબંધ છે. પરંતુ માળી સમાજને ભાજપ સરકારે એક કોર્પોરેશનની ચૂંટણી પૂર્વે ભેટ ધરી દીધી છે. તેથી આ સમાજ માટે

અનુસંધાન પાના નં.૬

### ભાજપના અદના કાર્યકરે ટીકીટ ન માંગી દાખલો બેસાડયો



ભાજપ સાથે છેલ્લા ઘણાં વર્ષોથી જોડાયેલા પાર્ટીના અદના અને સંનિષ્ઠ કાર્યકર કનુભાઈ વ્યાસના પિતા વૈકુંઠભાઈ વ્યાસ પણ ભાજપ સાથે સંકળાયેલા હતા. જેમણે જીવન પર્યંત પાર્ટીની સેવા કરી હતી. આવા અદના કાર્યકરનું નામ છેલ્લી બે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના ચહેરા તરીકે ચર્ચાતું હતું. છતાં ટીકીટ મેળવવા ચાલતી ખેંચતાણ વચ્ચે તેમણે પાર્ટી પાસે ટીકીટ ન માંગી ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડયું છે. એક મુલાકાતમાં કનુભાઈ વ્યાસે જણાવ્યું હતું કે હું પાર્ટી સાથે વફાદારીથી જોડાયેલો છું. પાર્ટીને મારી યોગ્યતા જે પણ પ્રકારની જણાશે ત્યાં મને સામે ચાલીને જવાબદારી સોંપશે મારા જેવા નાનકડા કાર્યકરને ટૂંકા ગાળામાં પાર્ટીએ ઘણું બધું આપ્યું છે.

# હાર્દિક પટેલની રાહુલ સાથે મુલાકાતને લઈ તર્કવિતર્ક

## હોટલ તાજના સીસીટીવી ફુટેજને પગલે ઘમસાણ

અમદાવાદ

પાસના કન્વીનર હાર્દિક પટેલ અને કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી વચ્ચેની હોટલ તાજમાં મુલાકાત થઈ કે કેમ તે મુદ્દે છવાયેલું સસ્પેન્સ વધુ ઘેરું બન્યું છે. કારણ કે, હોટલમાં પ્રવેશતા અને પાછલા ગેટથી બહાર નીકળતા હાર્દિકના સીસીટીવી ફુટેજ બાદ હોટલ તાજના કેટલાક વધુ સીસીટીવી ફુટેજ લીક થયા છે, જેમાં હાર્દિક પટેલ રાહુલ ગાંધીના રૂમ તરફ જતો જોવા મળી રહ્યો છે, જેને લઈ સમગ્ર મામલો વધુ ગરમાયો છે. જો કે, હાર્દિક પટેલે સ્પષ્ટતા કરી હતી કે, તે રાહુલ ગાંધીને નહી પરંતુ અશોક ગેહલોતને મળ્યો હતો. બીજીબાજુ, હોટલના સીસીટીવી ફુટેજ લીક થવા અંગે હાર્દિક પટેલે સ્થાનિક પીઆઈ અને હોટલ તાજના સંચાલકો સામે પોલીસ ફરિયાદ કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે. ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા એટલે તા.૨૩મી ઓકટોબરે ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર કોંગ્રેસમાં જોડાવાના હોઈ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અમદાવાદ આવ્યા હતા. રાહુલ ગાંધી હોટલ તાજમાં રોકાયા હતા અને એ દિવસે યોગાનુયોગ હાર્દિક પટેલ પણ તાજ હોટલમાં ઉતર્યો હતો. તેના હોટલમાં પ્રવેશવાના અને પાછલા ગેટથી બહાર નીકળતા ફુટેજ લીક થતાં મામલો ગરમાયો હતો. જે અંગે હાર્દિકે સ્પષ્ટ કર્યું હતું કે, તે રાહુલ ગાંધીને મળ્યો નથી. જો કે, બીજા દિવસે તાજ હોટલના કેટલાક વધુ સીસીટીવી ફુટેજ લીક થયા હતા, જેમાં હાર્દિક પટેલ રાહુલ ગાંધીના રૂમ તરફ જતો જોવા મળ્યો હતો અને કેટલીક ખાનગી ચેનલોએ પણ બંને વચ્ચે મુલાકાત થઈ હોવાની શકયતાઓને લઈ અહેવાલો પ્રસિધ્ધ કર્યા હતા. જેથી હાર્દિક પટેલ અને રાહુલ ગાંધી વચ્ચેની મુલાકાત અંગેનું સસ્પેન્સ વધુ ઘેરૂ બન્યું હતું.


અક્ષર કેરીયર એકેડમી - ૯૪૦૮૨ ૯૦૫૧૫
100 % પરિણામ આપતી મહેસાણાની નંબર - ૧ અક્ષર કેરીયર એકેડમી હવે ડીસામાં
TET - 1 TAT | વર્ગ - ૩ જનરલ બેચ | પોલીસ કોન્સ્ટેબલ સંભવિત ૧૨૦૦૦ જગ્યા
ફ્રી ડેમો લેક્ચર તા.૨૬ થી ૩૧ ઓક્ટોબર સવારે ૧૦ થી ૧૨, સાંજે ૭ થી ૯
ડેમો માટે ફોનથી રજી. કરાવવું ફરજીયાત
તેજસ્વી વિદ્યાર્થીઓને કલાસમાં વધારાનો ફાયદો
90 % હાજરી હશે તો 40 % ફી પરત
80 % હાજરી હશે તો 20 % ફી પરત
પરીક્ષા પાસ કરે તો 50 % ફી પરત



વધે નામના તમારી
એવી શુભકામના અમારી



ગુજરાત સરકાર દ્વારા આપની નિષ્ઠાની કદર કરીને ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશન લિમિટેડના ચેરમેન પદે થયેલી નિમણૂંકને આવકારી હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ, આપ રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરો તેવી અંતઃકરણપૂર્વકથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ....

મગનલાલ માળી
ચેરમેન, ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશન લિ.

લિ.
ત્રિભોવનભાઈ મહેતા    જગદીશભાઈ મહેતા    વરૂણ મહેતા
કિર્તિભાઈ મહેતા    સ્નેહલ મહેતા    વૈભવ મહેતા


CMYK

સૂર્યોદય - ૬.૪૩ સૂર્યાસ્ત - ૬.૦૫

## તિથિદર્શન

કારતક સુદ-૬ ગુરૂવાર ૨૦૭૪

| ખાનું | ગ્રહ |
|---|---|
| ૮ | શ. |
| ૬ | શુ.મં. |
| ૯ | ચં. |
| ૭ | સુ.લ.બુ.ગુ. |
| ૫ | |
| ૧૦ | કે. |
| ૪ | રા. |
| ૧૧ | |
| ૧ | |
| ૩ | |
| ૧૨ | |
| ૨ | |

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક સુદ : છઠ્ઠ ગુરૂવાર નક્ષત્રઃ પૂર્વાષાઢા રાત્રે ૧૧.૫૨ પછી ઉત્તર ષાઢા યોગ :સુકર્મા કરણઃ ગર આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### યત્વારો ધનદાયાહા ધર્માગ્નિતૃપઃ તસ્કરાઃ તેષાં જયેષ્ઠા વમાનેન ત્રયઃ કુપયન્તિ બાંધવાઃ

'ધર્મ અગ્નિ, રાજા અને ચોર આ ચાર જણા આપણા ધનના હકથી ભાગીદાર છે. તેમાં પણ જે સૌથી મોટો ભાઈ છે (ધર્મ), તેની જો અવગણના કરવામાં આવે તો બાકીના ત્રણે ભાઈઓ વધારે ગુસ્સે થઈ જાય છે. અને આપણને પરેશાન પણ કરે છે.' આપણે હકથી, પૈસા ભરી જમીન- પ્લોટ ખરીદ્યા હોય, પરિશ્રમથી મકાન બનાવ્યું હોય અને છતાંય 'રાજા' મિલ્કતવેરો, સફાઈવેરા, શિક્ષણ ઉપર આ બધું હકથી કાયદાથી ઉઘરાવે જ છે ને? રાજા આપણા ધનનો ભાગીદાર છે.

અગ્નિને પણ પ્રાચીનકાળમાં યજ્ઞનો ધન-અનાજ- ઘી જેવાં દ્રવ્ય આપી પર્યાવરણ સાચવવા માટે તેનો હકનો ભાગ આપવા 'યજ્ઞો' કરવામાં આવતા હતા. નાના ગરીબ, ઘરનાં કામકાજ કરતા નોકર- ચાકર પણ 'હકથી' આપણા ઘરની વસ્તુ- ભોજન- માગીને કે હકથી ઉઠાવી લઈ જઈને પોતાનો ભાગ વસૂલે છે. આવકમાંથી દસાંશ ધર્મ માટે ખર્ચવો જ જોઈએ. દાન - પુણ્ય કરવાં જોઈએ. જો ધર્મનું પાલન ન થાય તો બાકીના ત્રણે દ્વારા આપત્તિઓ આવે છે, એ કુદરતી અને સામાન્ય છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)વ્યર્થ દોડા-દોડી રહે. મનમાં વ્યગ્રતા અનુભવાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)માનસિક અસ્વસ્થતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)પુરૂષાર્થનું શુભરૂપ પ્રાપ્ત થાય. આરોગ્ય બાબતે સાવચેત રહેવું.**
**કર્ક : (ડ.હ.) મનની મુરાદ મનમાં રહે. અણધારી આફત આવે.**
**સિંહ : (મ.ટ.) મહત્વની કામગીરીમાં સફળતા મળે. નવિન ઓળખાણ લાભ આપી જાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) આરોગ્ય અંગે સાવચેત રહેવું. પડોશી વર્ગથી મતભેદ સર્જાય.**
**તુલા : (ર.ત.) લાભની આશા ઠગારી નીવડે. આર્થિક વ્યવહારમાં સાવચેતી રાખવી.**
**વૃશ્ચિક :(ન.ય.)ચિંતાનો ઉકેલ મળે. મનની મુરાદ બર આવે.**
**ધન : (ભ.ફ.ધ.)નવિન લાભની તક મળે. શત્રુઓ કે વિરોધી વર્ગ પર વિજય મળે.**
**મકર : (ખ.જ.) માનસિક ચિંતા અનુભવાય. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.**
**કુંભ : (ગ.શ.સ.) સામાજિક કાર્યમાં સફળતા મેળવી શકશો. ધંધામાં આકસ્મીક લાભ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)મનની મુરાદ પૂરી થાય, આનંદમય દિવસ વ્યતિત થાય. પ્રિયજનથી મિલન થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

પ્લેગ,કોલેરા તથા હડકવા વિરોધી રસીના શોધક અને જેમના સંનિષ્ટ પ્રયાસોથી ઈ.સ.૧૮૯૯ મા મુંબઈમાં 'પ્લેગ રીચર્સ ઈન્સ્ટિટયુટ' સ્થાપવા અંગ્રેજ સરકાર સહમત થઈ હતી. તે ડો.વાલ્ડેમેટ હાફકીનની પુણ્યતિથિ છે. એમનો જન્મ ૧૬-૩-૧૮૬૦ ના રોજ રશિયાના ઓડેસાનગરમાં થયો હતો.

એમની કોલેરા વિરોધી રસી ભારતમાં એટલી લોકપ્રિય બની ગઈ કે ૨૫૦૦૦ માણસોએ એનો લાભ લીધો અને એ માટે હિંદી સરકારે તેમને સી.આઈ.ઈ.નો ખિતાબ આપ્યો. આ મહાન શોધકનું તા. ૨૬-૭-૧૯૩૦ ના અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## ડીસામાં તાપમાનમાં ઘટાડો

ડીસા સહિત બનાસકાંઠા જીલ્લામાં ધીમા પગલે શિયાળાની શરૂઆત થઈ રહી છે રાત્રે તેમજ વહેલી સવારે ઠંડીનો અહેસાસ થવા લાગ્યો છે. ત્યારે ગઈકાલે ડીસાના તાપમાનમાં ૨.૪ ડીગ્રીનો ઘટાડો નોંધાયો હતો. ગઈકાલે ડીસાનું લઘુતમ તાપમાન ૧૯.૮ ડીગ્રી નોંધાયું હતું.

## ગેળામાં સત્ય નારાયણની કથા સાથે સંતવાણી યોજાઈ


નરસિંહ પ્રજાપતિ

પ્રતિ. ગેળા

લાખણી તાલુકાના ગેળા ગામની બંધુ બેલડી પ્રજાપતિ ઈશ્વરભાઈ રાજાજી અને પ્રજાપતિ કસ્તુરભાઈ રાજાજીના નવા નિવાસ સ્થાને લાભ પાંચમના પાવન દિવસે વાસ્તુ પૂજન સાથે ભગવાન સત્ય નારાયણની કથા અને સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભજનિકોએ મોડી રાત સુધી પ્રાચિન - અર્વાચીન ભજનોની રમઝટ જમાવી હતી. ત્યારબાદ બીજા દિવસે મોટી સંખ્યામાં સ્નેહી સ્વજનો અને ગ્રામજનોએ હાજર રહી ભોજન પ્રસાદનો લાભ લીધો હતો ઉપસ્થિત મહેમાનોની બંધુ બેલડી સાથે નાનજીભાઈ, જેરૂપભાઈ અને કિર્તિભાઈ પ્રજાપતિ સહિત પરિવારે ખડેપગે સેવા કરી હતી.

## બનાસકાંઠા જિલ્લા જુનીયર બોયસ (અન્ડર - ૧૭) ફુટબોલ ખેલાડીઓનો પસંદગી કેમ્પ યોજાશે

ડીસા

મહેસાણા ફુટબોલ ડીસ્ટ્રીકટ એસોસીએશન દ્વારા આયોજીત બલરામ ક્ષત્રીય મેમોરલ ટ્રોફી ઈન્ડર ડીસ્ટ્રીકટ તા.૧૧/૧૧/૨૦૧૭ ના રોજ યોજાવાની હોઈ તેમાં બનાસકાંઠા જિલ્લાની ફુટબોલ ટીમ પણ ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓ માટે બનાસકાંઠા ટીમનું સિલેકશન ડીસા મુકામે તા.૫/૧૧/૨૦૧૭ ને રવિવારના રોજ રાખેલ છે. જેમાં દરેક શાળા અને સંસ્થાએ પોતાની ટીમની એન્ટ્રી અને ટીમ ન હોય તો લાયકાતવાળા ખેલાડીઓના નામ તા.૩૧/૧૦/૨૦૧૭ પહેલા સેક્રેટરીને મોકલી આપવા અનુરોધ કરાયો છે. જે માટે ખેલાડીની યોગ્યતામાં ખેલાડીની જન્મ તા.૧/૧/૨૦૦૧ થી તા.૩૧/૧૨/૨૦૦૨ વચ્ચે થયેલો હોવોજોઈએ અને દરેક ખેલાડીએ જન્મ નોંધણીનો ઓરીજનલ જન્મ સર્ટીફીકેટ, આધારકાર્ડ અને ચાર પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે તા.૫/૧૧/ ૨૦૧૭ ને રવિવારના સવારે ૯/૦૦ કલાકે એસ.સી.ડબલ્યુ. હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં ડીસા ખાતે દરેક શાળા, સંસ્થા કે કલબોએ પોતાના ખેલાડીઓ અને ટીમને ઉપર જણાવેલ સમય અને સ્થળે ફુટબોલની કીટ (બુટ-સેફગાર્ડ) સાથે હાજર રહેવા વિનંતી કરી છે. માહિતી માટે સેક્રેટરી શેખનો મો નં.૯૯૯૮૨૯૧૬૨૦ અને ગીરીશભાઈ પરમાર મો નં.૯૮૨૫૯૯૮૯૮૭ અને મગનભાઈ ધાપા મો.૯૭૨૩૯૨૩૯૫૭ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે.

## ડીસામાં સંન્નિષ્ઠ શિક્ષકનું સન્માન કરાયુ



ડીસા

ડીસામાં કલા ફાઉન્ડેશનના પ્રણેતા અને રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત થયેલા ચિત્ર શિક્ષક ચંદુભાઈ એ.ટી.ડી. એ સંનિષ્ઠ શિક્ષક પ્રવિણભાઈ નાઈની સેવાઓને બિરદાવવા મોમેન્ટો તથા પુષ્પગુચ્છ આપીને તેમના નિવાસ સ્થાને તેમનું સન્માન કર્યું. ત્યારે ડીસાના સેવાભાવી કાર્યકર વડીલ મફતભાઈ મોદી, જયંતિબાપા ઠક્કર (ઓઢાવાળા), મુર્ધન્ય સાહિત્યકાર કનુભાઈ આચાર્ય, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય તથા ડીસાની આદર્શ પ્રાથમિક શાળાના સંચાલિકા હસુમતીબેન સહાયતા, લોક સાહિત્યકાર મેહુલભાઈ જોશી(મહારાજ) ભા.વિ.પ. ના મહામંત્રી અને સામાજિક કાર્યકર જયેશભાઈ દેસાઈ વગેરે મિત્રોએ ઉપસ્થિત રહીને પ્રવિણભાઈને ધન્યવાદ આપ્યા હતા. પ્રખર ઉદ્ઘોષક અને ચિંતક ભગવાનદાસ ઠક્કર 'બંધુ' એ પ્રવિણભાઈની સેવાઓને ટેલીફોન દ્વારા બિરદાવી હતી.

## ગુજરાતમાં આચારસંહિતા લાગુ : હોર્ડિંગ્સને હટાવાયા

અમદાવાદ

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજે સત્તાવાર રીતે ગુજરાત રાજયની વિધાનસભાની ચૂંટણીઓની તારીખો જાહેર કરી દેતાની સાથે જ ગુજરાત રાજયમાં આદર્શ આચારસંહિતા લાગુ પાડતી જાહેરાત રાજય ચૂંટણી પંચ તરફથી કરવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી.સ્વૈને ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ ફરમાવવાની સાથે સાથે રાજયભરમાંથી સરકારી-પ્રચારની જાહેરાતો, પોસ્ટર્સ, બેનર્સ, હોર્ડીંગ્સ ઉતારી લેવા સહિતના મહત્વના નિર્દેશો રાજયના તમામ જિલ્લા કલેકટરો અને સંબંધિત સત્તાધીશોને જારી કરી દીધા હતા. તા.૨૦મી ડિસેમ્બર સુધી ગુજરાતમાં ચૂંટણી આચારસંહિતા લાગુ રહેશે.

## રોટરી કલબ ડીસા દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન યોજાયું


ભરત સુંદેશા

ડીસા

છેલ્લા ૪૦ કરતાં વધારે વર્ષોથી રોટરી કલબ ડીસા દ્વારા નવા વર્ષે સ્નેહમિલનનો કાર્યક્રમ કરવામાં આવે છે. જેમાં નાત - જાત કે ધર્મના ભેદભાવ વગર ડીસાના સર્વે નાગરિકો કે જે દેશના અને રાજયના અલગ અલગ શહેરોમાંથી દિવાળી નિમિત્તે વતનમાં આવતા હોય છે તેઓ મળીને એકબીજાને શુભેચ્છા પાઠવે છે ગત તા.૨૦ ઓકટોબરના દિવસે રોટરી કલબનો પ્રમુખ નટુભાઈ પટેલ દ્વારા સો નાગરિકોને રોટરી કલબ દ્વારા આવકારીને નવા વર્ષની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ગોવાભાઈ રબારી, નાગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી, એસ.ટી. નિગમના ડીરેકટર દિનેશભાઈ અનાવાડીયા, ડો.આસનાની સહિત ડીસાના અગ્રગણ્ય નાગરિકોએ પધારીને એકબીજાને નૂતનવર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ડીસા ખાતે પંચાલ સમાજનો પાંચમો સ્નેહમિલન સમારોહ યોજાયો



ડીસા

ડીસા ખાતે ધાનધાર પંચાલ સમાજ દ્વારા નવા વર્ષના પાવન પ્રસંગે સેન્હ મિલન યોજાયો હતો.ડીસાના રેલવેસ્ટેશન પાસે આવેલ પંચાલ સમાજની વાડી ખાતે પંચાલ યુવક મંડળ આયોજિત ધાનધાર પંચાલ સેવા સમાજ દ્વારા સેન્હ મીલન સમારોહ યોજાયો હતો.

આ સમારોહના દાતા તરીકે ગેંનમલ ભાઈ હંસરાજભાઈ પંચાલ પરિવારે લાભ લીધો હતો.આ પાવન પ્રસંગે સમગ્ર પાંચલ સમાજના લોકો ઉપસ્થિત રહી નવા વર્ષ ની શુભ કામના પાઠવી હતી.

## રાજસ્થાનના ભીનમાલ ખાતે રાજરાજેશ્વરી ખિમજ માતાજીના મંદિરે દર્શનાર્થીઓ ઉમટ્યા


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

રાજસ્થાનના ભિનમાલ ખાતે ઊંચા પહાડ પર બિરાજમાન અગ્નિવંશી સોલંકી કુળના કુળદેવી ખિમજ માતાજીના મંદિરે દિવાળી નિમિત્તે ભક્તોની ભીડ જામી હતી.

ભિનમાલ ખાતે આવેલ સોલંકી કુળના કુળદેવી માતા શ્રી ખિમજ માતાના બેસણા પહાડની ટોચ ઉપર આવેલા છે. લોકવાયકા મુજબ સિધ્ધરાજ જયસિંહ સોલંકી દ્વારા પુજા અર્ચના કરવા માટે આ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ત્યારે માતાજીના મંદિરે નવા વર્ષના દર્શન કરવા રાજસ્થાન ગુજરાત અને અન્ય રાજયોમાંથી સોલંકી કુળના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

## દાંતીવાડા નહેરોમાં માટી અને ઝાડી - ઝાંખરનું સામ્રાજ્ય


ચેતન શ્રીમાળી

પ્રતિનિધિ આસેડા

ડીસા સહિત તાલુકામાં નવા વર્ષ બાદ પણ ગરમીનું પ્રમાણ યથાવત રહ્યું છે. તેમ છતાં ખેડુતોએ દાંતીવાડા ડેમમાંથી પિયત માટે પાણી મળી રહેવાની આશાએ શિયાળુ વાવેતરની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પરંતુ દાંતીવાડા ડેમમાંથી નીકળતી તમામ નહેરોમાં હાલમાં માટી અને ઝાડી- ઝાંખરનું સામ્રાજ્ય છવાયું છે. સિંચાઈ વિભાગ દ્વારા ટૂંક સમયમાં આ નહેરોમાં પાણી છોડાનાર છે પરંતુ હજુ સુધી નહેરોની સફાઈ હાથ ધરવામાં આવી નથી. જેથી અમુલ્ય પાણીનો વેડફાટ થવાની શક્યતા છે. જેને ગંભીરતાથી લઈ તંત્ર દ્વારા સત્વરે નહેરોની સફાઈ હાથ ધરાય તેમ જગતનો તાત ઝંખે છે.

# ભાજપા ચૂંટણી સમિતિની બેઠકનો આજે અંતિમ દિવસ

**વિધાનસભાની ૩૧ બેઠકોની સમિક્ષા કરશે**

ગાંધીનગર

ભાજપા મીડીયા વિભાગની યાદી જણાવે છે કે, ગુજરાત રાજયની ૧૮૨ વિધાનસભા બેઠકો માટેના ભાજપાના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા માટે પ્રદેશ ચૂંટણી સમિતિની ચાલી રહેલી બેઠકનો આજે તારીખ ૨૬ ઓક્ટોબર, ૨૦૧૭ ના રોજ અંતિમ દિવસ રહેશે. સૌરાષ્ટ્રના જુદા જુદા ૧૦ જીલ્લાની ૩૧ બેઠકોની સમીક્ષા આજે હાથ ધરાશે અને સંભવિત ઉમેદવારોની પણ ચર્ચા કરાશે.

તારીખ ૨૬ ઓક્ટોબરના રોજ રાજકોટ જીલ્લો, મોરબી, જામનગર જીલ્લો, દેવભૂમિ દ્વારકા, જામનગર શહેર, અમરેલી, પોરબંદર, ગીર સોમનાથ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ શહેરના નિરિક્ષકો અને સંકલન સમિતિ પ્રદેશ ચૂંટણી સમિતિ સમક્ષ પોતાના અહેવાલ રજુ કરશે.

૧૮૨ વિધાનસભા ક્ષેત્રોની સમીક્ષા અને સંભવિત ઉમેદવારો અંગેની ચર્ચા પૂર્ણ થયા બાદ પ્રદેશ ચૂંટણી સમિતિ તમામ ૧૮૨ બેઠકો પરના સંભવિત ઉમેદવારોનો અહેવાલ કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ સમક્ષ રજુ કરશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારોની આખરી પસંદગી કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ કરશે.

## નવા વરાયેલા બોર્ડ/ નિગમના અધ્યક્ષની હાલત એક દિન કા સુલતાન જેવી

**ચૂંટણીની જાહેરાત થતાં જ મંત્રીઓએ ટપોટપ સરકારી ગાડીઓ જમા કરાવવાની શરૂઆત કરી**

ગાંધીનગર

આજર ચૂંટણીની જાહેરાત બાદ રાજ્ય ના પ્રધાન મંડળના મંત્રીઓએ એક પછી એક પોતાની સરકારી ગાડીઓ જમા કરવાની પક્રિયા શરૂ કરી દિધી છે. જો કે નવાઈની વાત એ છે કે આદર્શ આચાર સંહિતાના અમલી કરણ પહેલાં અને ચૂંટણી જાહેર થાય તે પહેલાં જ કેબિનેટ પ્રધાન ભુપેન્દ્રસિંહે તો પોતાની સરકારી ગાડી જમા કરાવી દીધી હતી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત થતા જ આજથી આદર્શ આચાર સંહિતનો અમલ શરૂ થઈ ગયો છે. એટલે હવે ગુજરાત ની ભાજપ સરકારએ રખેવાળ સરકાર બની ગઈ છે.

તો બીજી તરફ ચૂંટણી ની જાહેરાત થતાં જ ભાજપ સરકારના કેબિનેટ અને રાજ્ય કક્ષાના પ્રધાનોએ પોતાની સરકારી ગાડીઓને જમા કરાવવા ની શરૂઆત કરીદીધી છે. એટલે બંધારણીય રીતે નિયમ મુજબ પ્રધાન મંડળના મંત્રીઓ આજથી આચાર સંહિતા અમલીકરણ કરવું ના ભાગ રૂપે સરકારી સવલતો નો ઉપયોગ નહીં કરી શકે.

અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી એ રાજ્ય ના ૧૮ જેટલા બોર્ડ /નિગમોના અધ્યક્ષ અને ચેરમેનની જાહેરાત કરી હતી. ત્યારે હજુ ગઈકાલે જ (ઈબીસી) રાજ્ય બિન અનામત આયોગ અને નિગમના બન્ને પદો માટે હંસરાજ ભાઈ ગજેરા અને એચ.બી.ગોડાસરા અને જીઆઈડીસીના અદયક્ષ બનેલા બળવંત સિંહ રાજપૂતનો પદ ગ્રહણ સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો. જેને હજુ ૪૮ કલાક પણ થયાં નથી. ત્યારે આ મહાનુભાવોને મળવા પાત્ર સરકારી સવલત મળે તે પહેલાજ આચાર સંહિતાનો અમલ શરૂ થતાં તેમની હાલત "એકદીન કા સુલતાન" જેવી થઈ ગઈ છે. તો બીજી તરફ પાટનગરમાં પણ જીએમસી દ્વારા આચાર સંહિતાના કડક અમલીકરણ કરવાના ભાગ રૂપે આજથી જ સરકારી જાહેરાતો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવા માં આવી હતી.

**રાહુલ ગાંધી સાથે મુલાકાત શા માટે કરી અને ગુપ્ત કેમ રાખી ?**

## રાહુલ ગાંધી સાથેની ભેદી મુલાકાત અંગે હાર્દિક પટેલ જવાબ આપે : નીતિન પટેલ

(જી.એન.એસ) ગાંધીનગર

પાટીદાર નેતા હાર્દિક પટેલે સોમવારે કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે અમદાવાદની હોટલમાં મુલાકાત કરી હતી કે નહીં? આ પ્રશ્ન છેલ્લા ૨ દવિસથી સતત ચર્ચાઇ રહ્યો છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ મુદ્દે હાર્દિક પટેલનું સ્પષ્ટીકરણ માંગ્યુ છે. ઉલ્લેખનીય છે કે, સોમવારે સાંજે સીસીટીવી ફૂટેજ બહાર આવ્યા બાદ, બુધવારે અન્ય સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા. જેમાં હાર્દિક પટેલ તાજ ઉમ્મેદ હોટલના રૂમ નંબર ૨૨૪માં બહાર નીકળતા જોવા મળે છે અને થોડા સમય બાદ રાહુલ ગાંધી પણ એ જ રૂમમાંથી બહાર નીકળતા જોવા મળે છે. આથી નીતિન પટેલે માંગણી કરી છે કે, તેઓ બને તો તુરંત ડીજિટલ મીડિયાને માધ્યમથી લોકોને જવાબ આપે કે તેમણે રાહુલ ગાંધી સાથે મુલાકાત શા માટે કરી હતી અને તેને ગુપ્ત કેમ રાખી?

નીતિન પટેલે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, 'કોંગ્રેસ અને હાર્દિક પટેલ દ્વારા આ મુલાકાતને છુપાવવાનો પ્રયત્ન થયો છે. નવા સીસીટીવી ફૂટેજ સામે આવ્યા પછી હવે હાર્દિકનો ભાંડો ફૂટી ગયો છે. હાર્દિક પટેલ રૂમ નંબર ૨૨૪માં ગયા હતા, ત્યાં તેમણે ૧ કલાક રાહુલ ગાંધીની રાહ જોઇ ત્યાર બાદ બંને વચ્ચે ૫૫ મિનિટ લાંબી મીટિંગ થઇ હતી. હાર્દિક જણાવે કે તેણે કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે ભેદી મુલાકાત કેમ કરી અને જો આ મુલાકાત ભેદી નહોતી તો તેને છુપાવવાનો પ્રયત્ન કેમ કર્યો? હું પણ પાટીદાર સમાજનો સભ્ય છું અને હાર્દિકને પૂછવા માંગુ છું કે તેણે આ મુલાકાત સમાજથી કેમ છુપાવી? કોંગ્રેસે એવું તો શું આપ્યું છે કે ગુપ્ત રાખવું પડે? કોંગ્રેસ પર પ્રહાર કરતાં નીતિન પટેલે કહ્યું કે, મીડિયા અને સોશિયલ મીડિયામાં સીસીટીવી ફૂટેજ બહાર આવતાં કોંગ્રેસનો પણ ભાંડો ફૂટી ગયો છે. પહેલા હાર્દિક પટેલની જેમ જ કોંગ્રેસે પણ મુલાકાત થઇ હોવાની વાતને રદિયો આપ્યો હતો. પછીથી અશોક ગેહલોતે સ્વીકાર્યું કે, હાર્દિક સાથે મુલાકાત થઇ હતી અને હાર્દિકે પણ સ્વીકાર્યુ. હાર્દિકે હજુ પણ મુલાકાત નથી થઇ એ જ રટણ પકડી રાખ્યું છે અને તેણે લોકોને તથા પાટીદાર સમાનજને અંધારામાં રાખવાનો પ્રયત્ન કર્યો છે. નીતિન પટેલે આગળ જણાવ્યું કે, 'સરકારે પાટીદારોની માંગણીઓ પૂરી કરવાના બનતા પ્રયત્નો કર્યા છે. એ સૌને તેમણે લોલિપોપ ગણાવ્યા છે. અહીં આવી સરકાર સાથે બેઠક પણ કરી છે. પરંતુ કોંગ્રેસે હજુ સુધી કશું નથી કર્યું. કોંગ્રેસે પાટીદાર સમાજ માટે શું કર્યું કે શું કરશે એ અંગે હાર્દિક જવાબ આપે. રાહુલ ગાંધી સાથેની બેઠકમાં હાર્દિકે તેમની સાથે સમાજના હિતની શું વાતો કરી, શું સોદા કર્યા એ જણાવે અને તુરંત જણાવે. બને તો ડીજિટલ મીડિયાના માધ્યમ દ્વારા આ સવાલોના તુરંત જવાબ આપે.

**આઈબીના રિપોર્ટથી ભાજપની ઊંઘ હરામ,સત્તા ગુમાવે તો નવાઈ નહિ**

## આઈબીનો રિપોર્ટ : ભાજપને ૮૨ તો કોંગ્રેસને ૯૫ બેઠકો મળે તેવી શક્યતા

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળશે તેવો દાવો ઈન્ડિયા ટુડે ગ્રુપ અને એક્સિસ માય ઈન્ડિયાએ મળીને કરેલા ઓપનિયન પોલના તારણમાં કરાયો તેના કારણે ભાજપ ગેલમાં છે ત્યાં તેનો આ આનંદ ઉડી જાય તેવા સમાચાર ગુજરાતની એક જાણીતી વેબસાઈટ દ્વારા અપાયા છે.

ગુજરાતના ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી)ના હવાલાથી અપાયેલા આ સમાચારમાં દાવો કરાયો છે કે, હાલના તબક્કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી થાય તો ભાજપને માત્ર ૮૦થી ૮૨ બેઠકો મળે એવી શકયતા છે. રાહુલ ગાંધીએ ગુજરાતમાં કરેલી પહેલી મુલાકાતથી શરૂ કરીને રવિવાર રાત સુધીનો આ સર્વે છે તેવો દાવો કરાયો છે.આ સર્વે મુજબ તો અત્યારે ભાજપ ગુજરાતમાં સત્તા ગુમાવે એવી પૂરી શક્યતા દર્શાવવામાં આવી છે. જો કે આ રીપોર્ટ ઉમેદવાર હજી નક્કી થયા નથી એ સમયનો છે, પણ આ રિપોર્ટ પરથી એ પુરવાર થઇ રહ્યું છે કે ભાજપે ગુજરાતમાં શાખ ગુમાવી હોવાથી બહુ ઓછા વિસ્તાર હવે ભાજપના ગઢ રહ્યા છે.

આ અહેવાલમાં કોંગ્રેસને આનંદ થાય તેવા દાવા પણ કરાયા છે. આઈબીના હવાલાથી આપવામાં આવેલા આ રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે કોંગ્રેસ ગુજરાતમાં સ્ટ્રોંગ થઇ છે અને અત્યારના તબક્કે કોંગ્રેસને ગુજરાતમાં ૯૫ બેઠક પર જીત મળે એવી શકયતા છે. આ અહેવાલ સ્વાભાવિક રીતે જ ભાજપમાં ચિંતા પેદા કરનારા છે.આઈબીએ આપેલા રિપોર્ટ મુજબ ગુજરાતમાં ભાજપ બેકફુટ પર આવી ગઇ છે. સામાન્ય રીતે સ્ટેટ આઈબીનું કામ રાજ્ય સરકારના વખાણ કરવાનું હોય છે છતાં આઈબીએ આવો નબળો રિપોર્ટ આપ્યો એ જ દેખાડે છે કે છેલ્લા એક મહિનામાં ગુજરાતમાં ભાજપની હાલત ખરેખર કથળી છે અને ધાર્યા કરતાં વધારે ખરાબ છે.

સામાન્ય રીતે આઈબીના આ પ્રકારના રિપોર્ટના આધારે સત્તા પર રહેલી સરકાર પોતાની સ્ટ્રેટેજી બનાવતી હોય છે અને આ સ્ટ્રેટેજી માટે જ સર્વે કરાવવામાં આવતા હોય છે. વિધાનસભાના ઈલેકશન પહેલા ભાજપ કેવી રીતે ડેમેજ કન્ટ્રોલ કરે છે અને ગુજરાતમાં સત્તા અકબંધ રાખવા માટે કેવાં પગલાં ભરે છે એ હવે જોવાનું રહે છે. યોગાનુયોગ ઈન્ડિયા ટુડે ગ્રુપ અને એકિસસ માય ઈન્ડિયાએ મળીને કરેલા ઓપનિયન પોલમાં વિધાનસભાની કુલ ૧૮૨ સીટો પૈકી ૧૧૫ થી ૧૨૫ બેઠકો સાથે ભાજપને બહુમતી મળશે એવા દાવો કરવામાં આવ્યો છે. કોંગ્રેસને ૫૭થી ૬૫ સીટો જ્યારે પાટીદાર નેતા હાર્દિક પટેલના સમર્થનવાળા પક્ષને એક પણ સીટ નહીં મળે તેવો દાવો કરાયો છે.

### ડીસા માર્કેટયાર્ડ મગફળીની આવકોથી ઊભરાયું

# નવા વર્ષના પ્રથમ દિને જ ૫૦ હજારથી વધુ બોરીની આવક

## ટેકાના ભાવે ખરીદીનું કેન્દ્ર ખુલવાની રાહ જોતા ખેડૂતો

ડીસા

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય ખરીફ પાક ગણાતા મગફળીમાં ચાલુ વર્ષે પાક લેટ થતા તેમજ દિવાળી ની રજાઓ બાદ માર્કેટયાર્ડો લાભ પાંચમથી શરૂ થતાં પ્રથમ દિને જ મગફળીની પુષ્કળ આવક થતા માર્કેટ યાર્ડ ધમધમતાં થાય હતાં .ડીસા માર્કેટ યાર્ડ માં મુહૂર્તના દિવસે જ ૫૦ હજારથી વધુ બોરીની મગફળીની આવક નોંધાઈ હતી. જો કે સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવાની હોવા છતાં હજુ સુધી કેન્દ્ર શરૂ થયું ન હોવાથી ખેડૂતો રાહ જોઈ રહયા છે.

ચાલુ વર્ષે બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિ અને ભારે પુરના કારણે ચોમાસુ પાકો ધોવાઈ ગયા હતા જોકે ત્યારબાદ ખેડૂતોએ જિલ્લાના મુખ્ય ગણાતા ખરીફ પાક મગફળીનું મોટાપાયે વાવેતર



ભરત સુંદેશા

કર્યુ હતુ.વાવેતર લેટ થતા આ વખતે દિવાળી અગાઉ મગફળીની ખાસ આવક નોંધાઈ નથી .ત્યારબાદ માર્કેટયાર્ડોમાં દસ દિવસ જેટલી રજા બાદ લાભપાંચમના શુભમુહૂર્તે માર્કેટયાર્ડો શરૂ થતા ડીસા માર્કેટયાર્ડમાં પ્રથમ દિવસે જ ૫૦૦૦૦થી વધુ બોરીની મગફળીની આવક નોંધાઈ હતી.મુહૂર્તન સોદા માં મગફળીના ભાવ ૮૦૦ થી ૮૫૦ જેવા રહ્યા હતા.

જો કે સરકાર દ્વારા ખેડૂતોની પોષણક્ષમ ભાવ મળે તે માટે પ્રતિ મણ ૯૦૦ ના ભાવે ટેકાના ભાવે ખરીદી કરવા માટે બનાસડેરીની ઉત્તર ગુજરાતમાં ખરીદ કેન્દ્રો શરૂ કરવા પ્રતિનિયુક્તિ કરાઈ છે.જોકે બનાસડેરી દ્વારા ઉત્તર ગુજરાતના માર્કેટયાર્ડમાં કુલ ૩૪ જેટલા

અનુસંધાન પાના નં.૬

### ડીસા માર્કેટયાર્ડ દ્વારા વ્યાપારીઓનું સ્નેહમિલન યોજાયું

ડીસા માર્કેટયાર્ડ માં ધી ડીસા ગ્રેઈન એન્ડ સિડ્સ મર્ચન્ટ એસોસિયેશન દ્વારા બુધવારે લાભપાંચમે દિવાળીની રજાઓ બાદ માર્કેટ યાર્ડ શરૂ થતા સ્નેહમિલન સમારોહ યોજાયો હતો.આ પ્રસંગે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ વેપારી એસો.ના પ્રમુખ અરજણ ભાઈ પટેલ,યોગેન્દ્રસિંહ જાડેજા,રમેશભાઈ માળી સહિત માર્કેટયાર્ડના ડિરેકટરો અને અગ્રણી વેપારીઓએ ઉપસ્થિત રહી વેપાર-ધંધામાં પ્રગતિ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

### ચૂંટણી જાહેર થતાની સાથે જ

# બનાસકાંઠામાં આચારસંહિતાનો અમલ શરૂ



સંજય જોષી

## રાજકીય પક્ષોના હોર્ડિંગ્સ, વાવટા સંકેલી લેવાયા

પાલનપુર

જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે ગુજરાત વિધાનસભાની ચૂંટણી આખરે આજે જાહેર કરી દેવતા રાજકીય ગલીયારાઓમાં દોડધામ મચી જવાની સાથે આજથી જ આદર્શ આચાર સંહિતા લાગુ થઇ ગઈ હતી. જેના ભાગરૂપે તંત્ર દ્વારા આચાર સંહિતાનો અમલ કરવાની કામગીરી પણ હાથ ધરાઈ હતી.

આજે ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર કરાઈ હતી. જેમાં બે તબક્કામાં યોજાનાર ચૂંટણીમાં સરહદી બનાસકાંઠામાં ૧૪મી ડિસેમ્બરે મતદાન થવાનું છે. ત્યારે ચૂંટણી જાહેર થતાની સાથે જ જિલ્લા પ્રશાશન હરકતમાં આવી ગયું હતું. જેમાં ચુસ્ત આદર્શ આચાર સંહિતાના અમલની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુર સહિત તમામ વિસ્તારોમાં આચારસંહિતા નો અમલ શરૂ થઇ ગયો છે. ત્યારે આજે જિલ્લા મથક પાલનપુર ખાતે રાજકીય પક્ષ ભાજપ અને કોંગ્રેસના નેતાઓના હોર્ડિંગ્સ, ઝંડા સહિતના સરકારી જાહેરાતના બોર્ડ પણ ઉતારવામાં આવ્યા હતા. રાજકીય પક્ષોના બેનર અને ઝંડીઓ ઉતારી લેવાઈ હતી. આમ, ચૂંટણીની જાહેરાત સાથે જ જિલ્લામાં ચૂંટણી લક્ષી કામગીરી નો ધમધમાટ શરૂ થઇ ગયો છે.

# વિધાનસભા ચૂંટણી - ૨૦૧૭ ની રસપ્રદ વાતો

તા.પ્રતિ થરા

ઈન્તજારી - બદલી - બઢતી - નિમણૂંકો વચ્ચે ગુજરાત વિધાનસભા - ૨૦૧૭ ની ચૂંટણી આખરે ગઈકાલે જાહેર થઈ ગઈ ક્યાંક શેર આયા પર ગઢ ગાયા જેવી સ્થિતિ ચૂંટણી જાહેર થતાં જ જોવા મળી બોર્ડ - નિગમ આગામી ડીસેમ્બર ૨૦૧૭ માં બે તબક્કામાં ૧૮૨ વિધાનસભા બેઠક માટે ચૂંટણી જંગ ખેલાશે. લગભગ ૪૫ થી ૫૦ દિવસનો સમય ગુજરાતની પ્રજા માટે કસોટી સમાન બની રહેશે. જેમાં જીએસટી નોટબંધી અનામતનું વાવાઝોડું કેટલું કોને નુકશાન અને ફાયદો કરશે તેની ગણતરીઓ વચ્ચે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા તેજ બની ગઈ છે. જ્ઞાતિવાદનું સમીકરણ ઉમેદવારની પસંદગીમાં બહુ જ અગત્યનું રહે છે. તે સિવાય 'લક્ષ્મીજી' ની સ્થિતિને નજર સમક્ષ રાખવામાં આવે છે. મુખ્ય ચૂંટણી કમિશ્નર એ.કે.જતિએ દરેક પાસાઓને ધ્યાનમાં રાખીને લોકશાહીનું જતન થાય તેવી ઉમદા દ્રષ્ટિ રાખી કડક નિર્ણયથી કામ કરવા જે તે અધિકારીઓને સૂચના જાહેર કરી છે. વિધાનસભા - ૨૦૧૨ ની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો હતો ને જેની અસર લોકસભા - ૨૦૧૪ ની ચૂંટણીમાં સમગ્ર દેશમાં જોવા મળી - ૨૦૦૭ ની વિધાનસભા કરતાં ભાજપે આ ચૂંટણીમાં બે બેઠક ગુમાવી હતી. ૨૦૧૨ ની સ્થિતિ જોઈએ તો ભાજપ - ૧૧૫, કોંગ્રેસ - ૬૧, ગુજરાત પરિવર્તન પાર્ટી - ૦૨ બેઠક મેળવેલ જ્યારે ૨૦૦૭ માં ભાજપ - ૧૧૭ કોંગ્રેસ - ૫૯ બેઠક મેળવી હતી.




**યશપાલસિંહ ટી.વાઘેલા**

ગુજરાત વિધાનસભા - ૨૦૧૨ માં કચ્છની ૦૬ બેઠકોમાં અબડાસા - કોંગ્રેસ બાકીની પાંચ બેઠકો ભાજપની ઝોળીમાં ગયેલ, સુરેન્દ્રનગર કુલ-૦૪ બેઠકોમાં લીંબડી કોંગ્રેસ બાકીની ત્રણ ભાજપ, રાજકોટ - ૧૧ બેઠકોમાં ૬ ભાજપ ૫ કોંગ્રેસ, જામનગરમાં સાત બેઠકોમાં ભાજપ - ૦૫ કોંગ્રેસ - ,જુનાગઢ - ૦૯ બેઠકોમાં ભાજપ - કોંગ્રેસ - ૪ + ૪ ગુજરાત પરિવર્તન પાર્ટી - ૦૧, અમરેલી પાંચ બેઠકોમાં ભાજપ - કોંગ્રેસ ૨ + ૨ ગુજરાત પરિવર્તન પાર્ટી - ૦૧, ભાવનગર - ૦૯ બેઠકોમાં ભાજપ ૦૮ કોંગ્રેસ - ૦૧, અમદાવાદની ૨૧ બેઠકોમાં ભાજપ - ૧૭ કોંગ્રેસ - ૦૪, ગાંધીનગર - ૦૫ બેઠકોમાં ભાજપ - ૦૨ (બે) કોંગ્રેસ - ૦૩, મહેસાણા - ૦૭ માં ભાજપ -૦૫ કોંગ્રેસ - ૦૨,બનાસકાંઠા - ૦૯ બેઠકોમાં કોંગ્રેસ - ૦૫ ભાજપ - ૦૪, સાબરકાંઠા - ૦૭ બેઠકોમાં કોંગ્રેસ - ૦૬ ભાજપ - ૦૧, પંચમહાલ - ૦૭ ભાજપ - ૦૪ કોંગ્રેસ - ૦૩, ખેડા - ૦૭ કોંગ્રેસ - ૦૫ ભાજપ - ૦૨, વડોદરા - ૧૩ બેઠકો ભાજપ - ૧૦ કોંગ્રેસ - ૦૨ અપક્ષ - ૦૧, ભરૂચ - ૦૫ બેઠકમાં ભાજપ - ૦૪ જનતાદળ (યુ) - ૦૧, સુરત - ૧૮ માં ભાજપ - ૧૬ કોંગ્રેસ - ૦૨, વલસાડ - ૦૬ માં ભાજપ - કોંગ્રેસ ૩ + ૩ મેળવી સમોવડા રહ્યા, પોરબંદર ૨ બેઠકોમાં ભાજપ - ૧ એનસીપી - ૦૧, પાટણ - ૦૪ માં ભાજપ - ૦૩ કોંગ્રેસ - ૦૧,

અનુસંધાન પાના નં.૬

# ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીઓની તૈયારીની સમીક્ષા : કાયદા - વ્યવસ્થાની જાળવણી ઉપર ખાસભાર

### મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા વિડીયો કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના પગલે ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવા અંગે તમામ જિલ્લા કલેક્ટર એસ.પી. અને ચૂંટણી અધિકારીઓ સાથે મહત્વની વિડીયો કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી હતી. મુખ્ય નિર્વાચન અધિકારી (ભારત સરકાર) ડો.એ.કે.જોષી એ ગુજરાતની વિધાનસભા ચૂંટણીઓની તમામ મુદ્દાઓની સમીક્ષા તેમજ ચુંટણી લક્ષી કામગીરીની તૈયારી અંગે વિડીયો કોન્ફરન્સ કરી હતી. જેમાં રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર, પોલીસ અધિક્ષકો અને ચૂંટણી અધિકારીના વિડીયો કોન્ફરન્સ માધ્મથી સમીક્ષા તેમજ જરૂરી સુચનો કર્યા હતા.

મળતી માહિતી મુજબ ગતરોજ આયોજીત વિડીયો કોન્ફરન્સમાં ૫૦ હજાર થી વધુ મતદાન મથકોની સમીક્ષા તેમજ ચુંટણીના જાહેરનામાથી લઈને પરિણામ જાહેર થયા ત્યાં સુધીની તમામ કામગીરીનો રીપોર્ટ, સુચનો અને તેને લગતું માર્ગદર્શન આજની વિડીયો કોન્ફરન્સમાં આવરી લેવાયું છે. સાથે સાથે મતદાર યાદી, મતદાન મથકો, ઈ.વી.એમ. વી.વી.પેટ, મત ગણતરીના સ્થળો ને ધ્યાને લઈ વિચાર વિમર્શ કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા વિવિધ સમાજો - સંગઠનોના આંદોલનોને લઈને ચૂંટણી પંચ દ્વારા વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે અને ચૂંટણી દરમિયાન કાયદો - વ્યવસ્થા જળવાય તે માટે ખાસ ભાર મુકવામાં આવ્યો છે. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ચૂંટણી પંચે ગત વર્ષે ૨૦૧૨ ની વિધાનસભાની ચૂંટણીની સરખામણી એ આ વખતે સંવેદનશીલ મતદાન મથકોની સંખ્યામાં વધારો થાય તેવી શક્યતાના આધારે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે અને આ માટે જિલ્લા પોલીસ વડા (એસ.પી.) સાથે આ મુદ્દે પણ મુદ્દાપર વિચાર વિમર્શ કરવામાં આવ્યા હોવાના અહેવાલ છે. જેમાં મતદાન સમયે અને પરિણામ સમયે

અનુસંધાન પાના નં.૬

### બનાસકાંઠાની ૯ બેઠકોની બીજા તબક્કામાં ચૂંટણી

# લાભ પાંચમે જાહેર થયેલી ચૂંટણી કયા પક્ષને ફળશે ?

## ચૂંટણીની જાહેરાતના પગલે આદર્શ આચાર સંહિતા અમલી

ડીસા

આખરે બહુ પ્રતિક્ષિત ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ છે. જેમાં બનાસકાંઠા જીલ્લાની નવ બેઠકોની ચૂંટણી બીજા તબક્કામ ૧૪ ડીસેમ્બરે યોજાનાર છે. ચૂંટણીની જાહેરાતના પગલે જિલ્લામાં શિયાળાના આરંભે જ રાજકીય ગરમાવો છવાયો છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની મુદત જાન્યુઆરી - ૨૦૧૮ માં પુરી થાય છે તેથી છેલ્લા એક મહિનાથી ચૂંટણી જાહેર થવાની અટકળો વહેતી થવા લાગી હતી પરંતુ ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશની ચૂંટણી જાહેર કરી દીધી હતી પરંતુ ગુજરાતની ચૂંટણી જાહેર ન થતાં કોંગ્રેસ સહિતના પક્ષોએ હોબાળો મચાવ્યો હતો. બીજી બાજુ, શાસક ભાજપ દ્વારા ચૂંટણીલક્ષી જાહેરાતોની વણઝાર સર્જાઈ હતી. આખરે ચૂંટણી પંચે ગઈકાલે લાભ પાંચમના પાવન દિવસે બે તબક્કામાં ૯ અને ૧૪ ડીસેમ્બરે ચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાની નવ વિધાનસભા બેઠકોની ચૂંટણી બીજા તબક્કામાં ૧૪ મી ડીસેમ્બરે યોજાનાર છે. ચૂંટણીની જાહેરાતના પગલે સરહદી જિલ્લામાં શિયાળાના પ્રારંભે જ રાજકીય ગરમાવો સર્જાયો છે. જેથી ચોમેર ચૂંટણીલક્ષી ચર્ચાઓ સાંભળવા મળી રહી છે. જેમાં લાભ પાંચમના દિવસે જાહેર થયેલી ચૂંટણી કયા પક્ષને ફળશે ? ની ચર્ચા 'ટોક ઓફ ધી ટાઉન' બની ગઈ એટલું જ નહી, હવે ઉમેદવારોની પસંદગીને લઈ અવનવી અટકળોનું બજાર ગરમા - ગરમ બની ગયું છે. જો કે વિધાનસભાની ચૂંટણીની જાહેરાત સાથે આદર્શ આચાર સંહિતા અમલી બની ગઈ છે. જેથી વિકાસ કામો અને કલ્યાણકારી જાહેરાતો ઉપર 'બ્રેક' લાગી ગઈ છે.

# ધાનેરા તાલુકાના નેનાવા ગામે લાગી પશુના સેડ માં આગ : ૧૦ પશુ ગંભીર રીતે દાજયા

તા.પ્રતિનિધિ ધાનેરા

આજ રોજ ધાનેરા તાલુકાના નેનાવા ગામે આગ નો બનાવ સામે આવ્યો હતો .નેનાવા ગામ ના રમેશ ભાઈ પટેલ ના ખેતર પર આવેલા પશુ માટે બનાવેલા શેડ માં અચાનક આગ લાગી હતી.જો કે પશુ મલિક ખેતર પર હાજર રહેતા શેડ માં લાગેલી આગ માંથી તુરંત તમામ બાંધેલા નાના મોટા પશુ ને સુરક્ષિત જગ્યા પર ખસેડવામાં આવ્યા હતા.જયારે ૧૦ જેટલા પશુ આગ ની લપેટ માં આવી જતા ગંભીર રીતે દાઝેલા પશુ ની સારવાર હાથ ધરવામાં આવી છે.

પશુ માટે બનાવમાં આવેલો શેડ લાકડા તેમજ સુખા ઘાસ નો હોવાતથી પલ ભર માં આ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.જો કે પરિવાર જનો એ તુરત પશુ ને બહાર કાઠી પાણી નો મારો કરતા આખરે આગ કાબુ માં લેવાઈ હતી.

# પાલનપુરમાં ખાનગી તબીબે દર્દીને માર માર્યો હોવાની રાવ

પાલનપુર

પાલનપુરમા એક ખાનગી ડોકટરે દર્દીને માર માર્યો હોવાની ઘટના સામે આવી હતી. સુઈગામ તાલુકાના મેઘાભાઈ નામના દર્દીએ કરેલા આક્ષેપો મુજબ, તેઓ પાલનપુર ખાતે માનસિક રોગની ખાનગી હોસ્પિટલમાં દવા લેવા આવ્યા હતા. જ્યાં તબીબે તેને જાતિ અપમાનિત શબ્દો કહી માર માર્યો હતો. દરમિયાન, તબીબની માર નો ભોગ બનેલ દર્દી પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા આવ્યો હતો. જ્યાંથી દર્દીએ ખાનગી હોસ્પિટલના માનસિક રોગના નિષ્ણાત ડોકટર વિરુદ્ધ પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરી હોવાનું જણાવ્યું હતું.

## ગુજરાત સરકારના અન્ન પુરવઠા નિગમમાં વાવ રાણા સાહેબની ડીરેકટરપદે વરણી

તા.પ્રતિ વાવ

વાવ રાજવી સ્ટેટના રાણા સાહેબ અને વાવ વિધાનસભા વિસ્તાર ભાજપના પ્રખર અગ્રણી એવા બાપુના હુલામણા નામથી ઓળખાતા ગાજેન્દ્રસિંહજી રાજેન્દ્રસિંહજી ચૌહાણની ગુજરાત સરકારના અન્ન અને પુરવઠા નિગમમાં ડીરેકટરપદે વરણી કરાઈ છે રાજયના આરોગ્યમંત્રી અને વાવ ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીના પ્રયત્નોથી બાપુને ગુજરાત સરકારના નિગમમાં મહત્વની



જવાબદારી મળતાં રાજવી પરિવાર અને તેમના સમર્થકમિત્રો, સ્નેહીજનો અને વાવ - થરાદ - ભાભર - સુઈગામ દરબાર સમાજમાં આનંદની લાગણી જોવા મળી છે. આ વરણીને સમગ્ર બં.કાં. જિલ્લામાંથી ચોમેરથી આવકાર મળી રહ્યો છે. વિધાનસભાની ચૂંટણીમાં બાપુની રાહબરી હેઠળ વાવ વિધાનસભા બેઠક ઉપર દરબાર સમાજમાં ભાજપને વિશાળ સંખ્યામાં મતો મળી રહે છે.

## અંકલેશ્વરના સારંગપુર ગામમાં જમીનમાં કેમિકલ વેસ્ટ દાટી દેતાં કાર્યવાહી કરાઈ

પ્રતિ. અંકલેશ્વર

અંકલેશ્વરના સારંગપુર ગામમાં જમીનમાં કેમિકલ વેસ્ટ દાટી દેવાની ફરિયાદ જીપીસીબીમાં કરી હોવાથી જીપીસીબીની ટીમ એ સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

સારંગપુર ગામની જમીન પર જે કેમિકલ વેસ્ટ દાટી દેવાયો હતો તે જમીનના માલિકને જીપીસીબીએ સ્થળ પર બોલાવીને ૩ દિવસમાં ખુલાસો કરવાની નોટીસ આપી હતી. નોટસ મળ્યા પછી જમીનના માલિકે કહ્યું હતું કે તેણે પોતાની બિન ખેતીની જમીનમાં જમીન લેવલ કરવા માટે ૯૦ ટ્રક માટી નાખવામાં આવી હતી. પણ એ તપાસ કરવી પડે કે આમાં કેટલા કેમિકલ વેસ્ટ અને કેટલી માટી એની તપાસ કરવી પડે.અને આમાં બીજા કોણ કોણ સંડોવાયેલા છે તેની તપાસ પણ ચાલુ જ છે. જમીન માલિકે ટ્રકના માલિકોને હાલમાં દોષી માને છે. જીપીસીબીના અધિકારી ત્રિવેદીએ કહ્યું હતુ કે જમીનમાં ત્રણ થી ચાર ટ્રક કેમિકલ વેસ્ટ છે જેના સેમ્પલ લઈને જીપીસીબીની ટીમે વધુ તપાસ હાથ ધરી છે.

## અન્ન પુરવઠા નિગમમાં ડીરેકટર બનવા બદલ ભાભર ખાતે વાવ રાણાનું સન્માન કરાયુ



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ ભાભર

ગુજરાત સરકારના અન્ન અને પુરવઠા નિગમના ડીરેકટરપદે વાવરાણા ગજેન્દ્રસિંહજી ચૌહાણની નિમણૂંક કરવામાં આવતા ભાભરના જાગીરદાર યુવક મંડળ અને ભાભર કરણીસેના દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારમાં ડીરેકટરપદે વાવરાણાનું નામ સુચવનાર ગુજરાત સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીનો દરબાર સમાજે આભાર વ્યક્ત કર્યો હતો. ભાભરના શ્રી નાગણેશ્વરી માતાજી મંદિરે જાગીરદાર સમાજના સન્માનીય વાવરાણા ગજેન્દ્રસિંહજી ચૌહાણને ડીરેકટર બનાવી દરબાર સમાજને રાજકીય ક્ષેત્રે ગૌરવવંત બનાવ્યું છે.

# આચાર સંહીતાનો અમલ



ભરત સુંદેશા

વિધાનસભાની ચૂંટણીની જાહેરાત સાથે જ આદર્શ આચાર સંહીતાનો અમલ શરૂ થઈ ગયો છે તેથી વહીવટીતંત્ર દ્વારા ગઈકાલે ડીસા હાઈવે ઉપર વિવિધ રાજકીય પક્ષોનો લાગેલા બેનરો અને હોર્ડીગ્સ ઉતારી લેવાયા હતા.

# હવે ઉમેદવારોની યાદીને લઈને થોભો ને રાહ જુઓની રણનીતિ

અમદાવાદ

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થતાંની સાથે જ ભાજપ અને કોંગ્રેસ પક્ષ દ્વારા ચૂંટણીમાં પોતપોતાની જીતના દાવાઓ કરવામાં આવ્યા હતા. બીજીબાજુ, દિલ્હીમાં કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીની બેઠકમાં ઉમેદવારોની પસંદગી સહિતની ચૂંટણીલક્ષી મુદ્દાઓને લઇ મેરેથોન ચર્ચા ચાલી રહી છે. કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની યાદીને લઇ થોભો ને રાહ જુઓની રણનીતિ અપનાવવામાં આવે તેવી શકયતા છે. કારણ કે, ભાજપ ઉમેદવારોની યાદી જાહેર કરે ત્યારબાદ કોંગ્રેસ તેના પત્તા ખોલવાની ફિરાકમાં છે, તો ભાજપે પણ ચૂંટણી જાહેરથતાંની સાથે જ તેની વ્યૂહરચના તેજ બનાવી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ અને ખાસ કરીને સ્ક્રીનીંગ કમીટીના પદાધિકારીઓએ ગુજરાત કોંગ્રેસના નેતાઓને દિલ્હી બોલાવી ઉમેદવારો પસંદગી સહિતના મુદ્દા પર ચૂંટણીલક્ષી મહત્વની કવાયત હાથ ધરી છે. દિલ્હીથી તેડું આવતાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના સ્થાનિક નેતાઓ દિલ્હી પહોંચ્યા છે અને સ્ક્રીનીંગ કમીટીના પદાધિકારીઓ સાથે ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પર ઉમેદવારોના નામોની પસંદગી મુદ્દે છેલ્લા બે દિવસથી ચર્ચા વિચારણા ચાલી રહી છે. આજે સતત બીજા દિવસે દિલ્હીમાં સ્ક્રીનીંગ કમીટીની બેઠકમાં ગુજરાતની વર્તમાન રાજકીય સ્થિતિ, લોકજુવાળ, જાતિવાદના સમીકરણો અને પાટીદાર-દલિત ફેકટર તેમ જ તાજેતરમાં જ કોંગ્રેસમાં જોડાયેલા ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરની સેનાને કેટલી ટિકિટો કયા ક્ષેત્ર માટે આપવી સહિતના મુદ્દાઓ પર મેરેથોન ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. સ્ક્રીનીંગ કમીટીના અધ્યક્ષ બાલાસાહેબ થોરાટ સહિતના પદાધિકારીઓ સાથે ગુજરાત કોંગ્રેસના ભરતસિંહ સોલંકી,

અનુસંધાન પાના નં.૬

# ગુજરાતમાં ચૂંટણી પહેલા જ હાર્દિક વિરૂદ્ધ ધરપકડ વોરંટ

અમદાવાદ

પાટીદાર નેતા હાર્દિક પટેલની મુશ્કેલીમાં વધારો થવાના સંકેત ફરીવાર દેખાઈ રહ્યા છે. વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર થઇ ચુક્યો છે અને કોંગ્રેસ પાર્ટી દ્વારા હાર્દિકને પોતાની તરફેણમાં કરવાના તમામ પ્રયાસ થઇ રહ્યા છે ત્યારે હાર્દિકની મુશ્કેલીમાં વધારો થયો છે. વિસનગરના ધારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફિસની તોડફોડના કેસમાં છેલ્લી ત્રણ મુદતોથી અદાલત સમક્ષ હાજર નહી રહેવા બદલ વિસનગર કોર્ટે પાસના નેતા હાર્દિક પટેલ અને લાલજી પટેલ વિરૂધ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું છે. જૂલાઇ-૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલન સમિતિની રેલી દરમ્યાન પાસના નેતાઓ અને કાર્યકરો દ્વારા વિસનગરના ભાજપના ધારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફિસમાં તોડફોડ કરી સમગ્ર વિસ્તારમાં ભારે હલ્લો મચાવાયો હતો. આ કેસમાં છેલ્લી ત્રણ મુદતથી પાસના નેતા હાર્દિક પટેલ, લાલજી પટેલ સહિતના અન્ય લોકો અદાલત સમક્ષ હાજર થતા ન હતા અને તેના કારણે કોર્ટે આજે ગંભીર નોંધ લીધી હતી અને આરોપીઓના બેજવાબદાર વલણ પરત્વે ભારોભાર નારાજગી વ્યકત કરી તેમની સામે વિરૂધ્ધ પકડ વોરંટ જારી કર્યું હતું. વર્ષ ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલન દરમિયાન વિસનગરમાં સૌથી વધારે તંગદિલીપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. હાર્દિક પટેલના નેતૃત્વમાં આ આંદોલન દરમિયાન ભાજપ ધારાસભ્યની ઓફિસને ટાર્ગેટ બનાવીને તોડફોડ કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે, ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરાઈ હતી જે પૈકી ગુજરાતમાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસે મતદાન થશે. મતગણતરી ૧૮મી ડિસેમ્બરે થશે

# ધાનેરાના નેનાવા નજીક ટ્રકમાંથી મોટા પાયે વિદેશી દારૂ ઝડપાયો

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરની સુચના તથા એ.એચ.ચૌધરી (નાયબ પોલીસ અધિક્ષક થરાદ વિભાગ)ના માર્ગદર્શન મુજબ આગામી સમયમાં વિધાનસભા ચૂંટણી યોજાનાર હોઈ અને હાલમાં ગુજરાત રાજ્યમાં આચારસંહિતા અમલમાં હોઈ અને ચૂંટણી સરળતાથી શાન્તીથી, નિષ્પક્ષ રીતે યોજાય તે સારૂ બોર્ડરની ચેક પોસ્ટ ઉપર સઘન વાહન ચેકીંગ કરવા અને દારૂના કેસો શોધી કાઠવા માટે કડક સુચના કરેલ છે. જે આધારે ગતરોજ આર.કે.પાઠક (પોલીસ ઈન્સ્પેકટર, ધાનેરા) તથા દિલાવરખાન સીકન્દરખાન તથા ભેમજીભાઈ ધનરાજભાઈ તથા પ્રકાશભાઈ ભીખાભાઈ તથા ઈશ્વરભાઈ હરસંગાભાઈ તથા કલ્પેશભાઈ કચરાભાઈ તથા પ્રધાનજી ધારસીજી તથા વિજયસિંહ સોમસિંહ તથા અમરતભાઈ હાથીભાઈ વિગેરે પો.સ્ટાફના માણસો સાથે નેનાવાચેક પોસ્ટ પર સઘન વાહન ચેકીંગ કરતાં બાતમી આધારીત નાકાબંધી કરી હતી. જે દરમિયાનટ્રક ગાડી નં. પીબી-૨૨-કે-૮૭૨૮ ની અંદર ભુસાના વેસ્ટ કટ્ટા વચ્ચે સંતાડેલ પરપ્રાંતિય વિદેશી દારૂની પેટી નંગ-૪૦૭ બોટલ નંગ-૪૮૮૪ કિ.રૂા. ૧૯,૫૩,૬૦૦/- તથા ગાડી કીંમત રૂા.૧૦,૦૦,૦૦૦/- મળી કુલ મુદ્દામાલ રૂા.૨૯, ૫૩,૬૦૦/- નો કુલ મુદ્દામાલ કબજે કરેલ છે.

અનુસંધાન પાના નં.૬

# આધાર કાર્ડને લિંક કરવાની સમય મર્યાદા ૩૧મી માર્ચ

નવીદિલ્હી

સરકારી યોજનાઓનો લાભ ઉઠાવવા માટે આધાર કાર્ડને ફરજિયાતપણે લિંક કરવા માટેની સમય મર્યાદા ૩૧મી ડિસેમ્બરથી વધારીને ૩૧મી માર્ચ ૨૦૧૮ કરી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારે આજે સુપ્રીમ કોર્ટમાં આ અંગેની માહિતી આપી હતી. એડવોકેટ જનરલ કેકે વેણુગોપાલે કહ્યું હતુ કે, દેશની સૌથી મોટી અદાલતમાં કહેવામાં આવ્યું છે કે, કેન્દ્ર સરકાર એવા લોકોને નિસહાય કરવા કોઈ પગલા લેશે નહીં. જેમની પાસે હજુ સુધી આધાર કાર્ડ નથી. તેમણે સામાજિક કલ્યાણ યોજનાઓનો લાભ લેવાથી ૩૧મી માર્ચ સુધી રોકવામાં આવશે નહીં. કેન્દ્ર સરકારે આ અગાઉ બેંક એકાઉન્ટને ૧૨ આંકડાવાળા યુનિક નંબરથી જોડવાની સમય મર્યાદા ૩૧મી ડિસેમ્બર ૨૦૧૭ કરી હતી

અનુસંધાન પાના નં.૬

**જાહેરાત**

**કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગર દ્વારા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર ડીસાના સંચાલન માટે માનદ્વેતનમાં નીચે મુજબ મહિલાઓની ભરતી કરવાની હોઈ જાહેરાતની તારીખથી દિન-૭ માં જરૂરી પ્રમાણપત્રો સાથે અરજી કરવાની રહેશે. તેઓનું રૂબરૂ ઈન્ટરવ્યું લઈ નિમણૂંક કરવામાં આવશે.**

**(૧) કેન્દ્ર સંચાલક - ૧ - એલ.એલ.બી./એમ.એસ.ડબ્લ્યુ**
**(૨) સામાજીક કાર્યકર - ૧ - ધો-૧૨ પાસ/ગ્રેજ્યુએટ**
**(૩) મદદનીશ સામાજિક કાર્યકર - ૧ - ધો. ૧૨ પાસ**
**(૪) કલાર્ક / કોમ્પ્યુટર ઓપરેટર - ૧ - કોમ્પ્યુટર**
**ડીસા તા. ૨૫/૧૦/૨૦૧૭**

**જ્ઞાનદા શિક્ષણ સંસ્થાન, ડીસા**
**૨૨, લાયન્સ કલબ શોપીંગ સેન્ટર, પશુબજાર રોડ, ડીસા. જિ.બનાસકાંઠા**
**મો. ૯૦૯૯૬૨૮૮૮૮/ ૦૨૭૪૪ ૨૨૧૮૮૮**

# તંત્રી સ્થાનેથી ...

**કર્તવ્યનો સમય વિતી ગયા બાદ તેની સફળતાનું રહસ્ય સમજાય છે.**

## નેતાજીના મૃત્યુનું રહસ્ય ! જે જાહેર થયું છે તેમાં છૂપાવવા જેવું શું હતું ?

આઝાદ હિન્દ ફોજના વડા નેતાજી સુભાષચંદ્ર બોઝના મૃત્યુના રહસ્ય પરનો પડદો હટી ગયાનો દાવો કરવામાં આવ્યો છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે ૧૯૪૫માં કથિત રીતે બનેલી આ ઘટનાને અત્યાર સુધી રહસ્યમય કેમ કરી દેવામાં આવી છે ? જે રહસ્ય ખોલાયાનો દાવો કરાયો છે તેમાં અત્યાર સુધી છૂપાવવા જેવું શું હતું ?

વિમાન દુર્ઘટનાની ચગેલી વાતોને દાયકાઓ સુધી રહસ્યમય અફવા ગણવામાં આવતી રહી છે અને નેતાજી જીવિત હોવાના દાવા પણ થતા રહ્યા હતા. ભારત સરકારે આ રહસ્ય ખોલવા એક કરતાં વધુ પંચોની રચના કરી હતી. તેમાં ક્યારેય સંતોષપ્રદ ખુલાસો થયો નહોતો અને હવે અચાનક બ્રિટનની એક વેબસાઈટ વિમાન અકસ્માતમાં જ નેતાજીનું મૃત્યુ થયાની વાતની પૃષ્ટિ કરી રહી છે. એટલું જ નહીં તાઈવાનની સરકારે નેતાજીના અંતિમ સંસ્કાર કર્યા હોવાનો દાવો કરાયો છે. ૭૦ વર્ષથી આટઆટલો ઉહોપોહ થતો રહ્યો છતાં તાઈવાનની સરકાર કેમ મોઢું ખોલતી નહોતી ?શું ભારતની તપાસ સંસ્થાઓએ તાઈવાન સરકારનો સંપર્ક જ નોહોત કર્યો અને કર્યો હતો તો ત્યારે તાઈવાન સરકારે શું જણાવ્યું હતું ? ૧૯૪૫ની ૧૮મી ઓગસ્ટના રોજ તાઈપેઈની હવાઈપટ્ટી બહાર એક વિમાની દુર્ઘટનામાં નેતાજીનું મૃત્યુ થયું હોવાનું સાબિત કરવાના હેતુથી બ્રિટીશ વેબસાઈટ સ્થાપાઈ હતી. આ વેબસાઈટે દાવો કર્યો છે કે, અંતિમ સંસ્કારની મંજુરી સંબંધિત કાર્યના અમલદાર તાન તીન્તીએ અંતિમ સંસ્કાર કર્યા હતા.

જો દાવો સાચો હોય તો પૂછવાનું એ મન થાય છે કે, આ બાબતમાં અત્યાર સુધી છૂપાવવા જેવું શું હતું ? આ રહસ્ય ખોલવા માટે રચાયેલા પંચ કે સમિતિને આ જાણકારી કેમ ન મળી ? આ તપાસ સંસ્થાએ શું ફીફાં જ ખાંડ્યા હતા ? કોંગ્રેસ દેશમાં સત્તામાં હતી તે દરમિયાન નેતાજીના મૃત્યુનું રહસ્ય ખોલવાના પ્રમાણિક પ્રયત્નો નહીં થયાના આક્ષેપો થતા રહ્યા છે. એવો આક્ષેપ પણ થતો રહ્યો છે કે કોઈ વિદેશી સત્તાના દબાણ હેઠળ આ રહસ્ય ખોલવામાં આવતું નથી. હવે એક વિદેશી વેબસાઈટ જ કથિત રહસ્ય ઉઘાડું પાડે છે. અમને તો આ જાહેરાત જ રહસ્યમય લાગે છે. બીજા વિશ્વ યુદ્ધના અંત સમયે નેતાજીની આઝાદ હિન્દની ફોજને સમર્થન આપનાર જાપાનનો પરાજય થયો હતો. પશ્ચિમી દેશો અને રશિયા વચ્ચે કેટલાક સમાધાનો થયા હતા. તેમાં નેતાજીના રહસ્યને છૂપાવવાની વાતનો સમાવેશ થયો હોઈ શકે છે. ભારતમાં નેતાજીની લોકપ્રિયતા એટલી હતી કે તેઓ જો બહાર આવે તો કોંગ્રેસને સત્તા ગુમાવવી પડે તેમ માનવામાં આવતું હતું. ૧૯૪૫ની કથિત અકસ્માતની ઘટના બાદ બ્રિટને નેતાજીને 'ફરાર યુદ્ધ ગુનેગાર' જાહેર કર્યા હતા. જો નેતાજીનું ત્યારે મૃત્યુ થઈ ચૂક્યું હોય તો બ્રિટનની નજીક રહેલું તાઈવાન તેને માહિતી ન આપે તે કેમ બને ? એમ પણ કહેવાય છે કે, બ્રિટને સ્વતંત્રતા આપતી વખતે ભારતના નવા શાસકો પાસેથી, 'નેતાજી મળી આવે તો તેમને બ્રિટનને સુપ્રત કરવાનું' ખાનગીમાં વચન લીધું હતું.

કોંગ્રેસ શાસન દરમિયાન છૂપું રહેલું રહસ્ય ખોલવા નવું ભાજપ શાસન આવતાં દબાણ વધ્યું હતું. રહસ્યમય રીતે શરૂમાં ભાજપ શાસને પણ આ રહસ્ય ખોલવામાં ગલ્લાં-તલ્લાં કર્યા હતા. છેવટે વડાપ્રધાન મોદીએ સશકાર હસ્તકની કેટલીક ફાઈલો જાહેર કરી હતી. હવે બ્રિટનની કોઈ વેબસાઈટ વચ્ચે કૂદી પડી છે જે પ. બંગાલ સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા રહસ્ય ખોલવા ચાલી રહેલી કામગીરીને નિરર્થક કરવાના પ્રયાસરૂપ જણાઈ રહી છે. જે છૂપાવવા જેવી લાગતી નથી તેવી માહિતી જાહેર થઈ છે તે રહસ્ય કોણ ખોલશે ?

## જડવાદ- ઉગ્રવાદ સામેની કથા

શ્રી અશફાકઉલ્લાહ ખાન —એક પ્રખર સ્વાતંત્ર્ય સેનાની અને મહાન શહીદ- કે જેમની મિત્રતા શ્રી રામપ્રસાદબિસ્મિલ સાથે હતી-એ પોતે હિન્દુ મુસ્લિમ એકતાના પ્રતિકરૂપ હતા.શ્રી શફીક ઉલ્લાહખાનના પુત્ર અને એક અમર ક્રાંતિકારી અને સમર્પિત સ્વાતંત્ર્યસેનાની શ્રીઅશફાકઉલ્લાહખાન ૨૦મી સદીના પ્રારંભે ઉત્તરપ્રદેશના શાહ-જહાનપુર ખાતે જન્મ્યા હતા. અશફાકઉલ્લાહ ખાન(એક શ્રદ્ધાળુ મુસ્લિમ)અને એમના જીગરી દોસ્ત શ્રી રામપ્રસાદ બિસ્મિલ (એક આર્યસમાજી હિન્દુ), આ દેશના સ્વાતંત્ર્ય માટે એમનીજીંદગીઓ હોમવા તૈયાર હતા.ર. ૧૯૨૫ માં તેઓ બન્નેએ એક મહાન ક્રાંતિકારી શ્રી સચિંદ્રનાથ સન્યાલ સાથે રહીને હિન્દુસ્તાન . . રીપબ્લીકન એસોસીએશન(વારાણસી) ની સ્થાપના કરી હતી.એમનું નવમી ઑગસ્ટ ૧૯૨૫ના . . રોજનું "કાકોરી ટ્રેન લૂંટ" ની અજોડ બહાદૂરીનું એ કાર્ય તો એક લોકકથા સમાન બની ગયું છે. ૩ આ દેશના સ્વાતંત્ર્ય માટેના શ્રીઅશફાકઉલ્લાહ ખાનના બલિદાન ને આજે તા.૨૨મી ઓક્ટોબરના . રોજના એમના જન્મદિને આપણે યાદ કરીએ. **બી.જીવરાણી**

## ભારતમાં માઈક્રો-ઉદ્યમીઓને સહાય પ્રદાન કરવા માટે કૅપિટલ ફ્લોટ પ્રોપ્રાઈટર લોન્સ રજૂ કરે છે

ભારતમાં ડિજિટલ ધિરાણ માટેના સૌથી મોટા પ્લેટફોર્મ કૅપિટલ ફ્લોટ, દ્વારા પ્રોપ્રાઈટર લોન્સની લૉન્ચની જાહેરાત કરવામાં આવી હતી જે જે જે ભારતમાં માઈક્રો-ઉદ્યમીઓને નાણાંકીય સમાવેશન અને વ્યાપાર વૃદ્ધિની સુવિધા પ્રદાન કરે છે. આ પ્રોડક્ટ નાના રિટેલર સેગમેન્ટ્સ જેમ કે સલુન્સ, મેડિકલ સ્ટોર્સ, કિરાણા, મોબાઈલ ફોન રિટેલર્સ, નાની રેસ્ટોરન્ટ્સ વગેરેને લક્ષિત કરે છે જેમને પરંપરાગત ઋણદાતાઓ પાસેથી વ્યાપાર વિસ્તરણ માટે લોન્સ મેળવવા માટે પડકારોનો સામનો કરવો પડે છે. પ્રોપ્રાઈટર લોનનો હેતુ દસ્તાવેજીકરણ ઘટાડવાનો અને પરંપરાગત બૅંકિંગસેવાઓની સરખામણીએ લોન મેળવવા માટેનો સમય ઘટાડવાનો છે.

શશાંક રિશ્યાશ્રીંગા, કૅપિટલ ફ્લોટના સહ-સ્થાપક દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ''અમે વ્યાપકપણે મલ્ટી સિટી પાઈલટ ચલાવ્યા હતા, અને તેમનું અંતિમ પરિણામ જોઈને અમને આનંદ થાય છે. ભારતમાં ડિજિટલ ધિરાણના અગ્રણી બની રહેવાની અમારી પરંપરા ચાલુ રહે છે, કારણ કે અમે એપ્લિકેશન દ્વારા એક સંપૂર્ણ કાગળવિહીન પ્રક્રિયા બનાવી છે અને એક વિશાળ બજાર જ્યાં આજ સુધી પહોંચ ન હતી ત્યાં નિમ્ન યુનિટ ઈકોનોમિક્સને હાંસલ કરીને પહોંચ મેળવી છે. અમે ખાતરી કરી છે કે ગ્રાહકનો અનુભવ શ્રેષ્ઠતમ રહે`, કારણ કે ઋણ લેનાર તેમનો આધાર નંબર આપીને થોડી જ મિનિટોમાં લોન મેળવે છે. અમે હાલમાં એક મહિનામાં ૧,૦૦૦ ઋણલેનારાઓ ઉમેરી રહ્યા છીએ અને માર્ચ ૨૦૧૮ સુધીમાં દર મહિને ૫૦૦૦ ઋણ લેનારાઓ સુધી પહોંચવાની આશા રાખીએ છીએ.''

''જટિલ દસ્તાવેજીકરણ, સમય માંગી લેતી પ્રક્રિયાઓ અને વીમાકરણ (અંડરરાઈટિંગ) પ્રત્યેના પરંપરાગત અભિગમને કારણે ભારતમાં નાના રિટેલર્સ માટેલોન મેળવવી તે હંમેશા એક પડકાર રહે છે. પ્રોપ્રાઈટરી લોન દ્વારા, અમે આ માઈક્રો-ઉદ્યમીઓને તેમની વ્યાપારી આકાંક્ષાઓ હાંસલ કરવામાં સહાય કરીએ છીએ.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## બ્રિટીશ કાઉન્સિલે ભારતમાં ડિજિટલ ડાન્સ અનુભવ 'મિક્સ ધ બોડી' પ્રસ્તુત કર્યો




યુકેના સ્ટુડિયો વેઈન મેકગ્રેગોરના પુરસ્કાર વિજેતા સમકાલીન ડાન્સર્સ અને ભારતના એતકકલારી ડાન્સ કંપનીના કલાકારો ડિઝિટલ ડાન્સ મુવમેન્ટનું નિર્માણ કરવા માટે સહયોગ કર્યોબ્રિટીશ કાઉન્સિલે સમગ્ર ભારતમાં ઈન્ટરેક્ટિવ, ડિજિટલ ડાન્સ પ્લેટફોર્મ 'મિકસ ધ બોડી' ને પ્રસ્તુત કર્યુ છે જેનું નિર્માણ ફલાઈંગ ઓબજેક્ટ સાથે વિશ્વપ્રસિદ્ધ કોરિયોગ્રાફર વાઈન મેકગ્રેગોર અને ભારતની ડાન્સ કંપની અતકકલારીએ કર્યુ છે. આ પ્લેટફોર્મનું નિર્માણ બ્રિટીશ કાઉન્સિલના 'યુકે-ઈન્ડીયા ૨૦૧૭' પહેલ અંતર્ગત કરવામાં આવ્યું છે જે બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાનનો એક વર્ષનો સંપૂર્ણ કાર્યક્રમ છે. 'મિકસ ધ બોડી' એક ઈન્ટરેક્ટિવ પ્લેટફોર્મ છે, જેના દ્વારા કોઈ પણ તેમના સ્માર્ટફોન પર વેઈન મેકગ્રેગોર દ્વારા કોરિયોગ્રાફ કરવામાં અને બેંગ્લોર સ્થિત અતક્કલારી ડાન્સ કંપનીના ડાન્સર્સની મુવમેન્ટનો ઉપયોગ કરી કન્ટેમ્પનરી ડાન્સ સિવેન્સ(સમકાલીન નૃત્યનો ક્રમ) બનાવવા સક્ષમ છે. આ બ્રિટિશ કાઉન્સિલનો 'મિકસ' સીરીઝ નો ત્રીજો હપ્તો છે, જેનો હેતુ લોકોને આર્ટ (કલા) માત્ર જોવા નહીં પણ તેનું સર્જન કરવાની તક પ્રદાન કરીને સંસ્થાના મિશન કલ્ચર એકસચેન્જ (સાંસ્કૃતિક આદાન-પ્રદાન) ને સિદ્ધ કરવાનો છે. આ પ્લેટફોર્મ પર ડાન્સ ક્રિએટ કરવા માટે સ્કીન પર કોઈપણ શેપ બનાવવાનો હોય છે. પ્લેટફોર્મ આ શેપ્સની ઓળખ કરી તેમાંથી એક સૂત્રનું નિર્માણ કરી ડાન્સ પર્ફોર્મેન્સ ક્રિએટ કરે છે જે યુઝર દ્વારા ડ્રો (દોરવામાં) કરવામાં આવેલ જેસ્ચર સાથે મળે છે. ત્યારબાદ યુઝરએ ડાન્સ સાથે પ્લે કરવા મ્યુઝિકની પસંદગી કરવાની હોય છે. આમ તમે પણ MixTheBody પર વેઈન મેકગ્રેગોરની સ્ટાઈલમાં પોતાની ડાન્સ કોરિયોગ્રાફી કરી શકો છો.

## ભારતીય એલ્કલી ઉદ્યોગે ઘરેલૂ નિર્માણમાં સહયોગ માટે સરકાર પ્રતિ આભાર વ્યક્ત કર્યો

એલ્કલી મેનુફેક્ચરર્સ એસોસિએશન ઑફ ઈન્ડિયાના અધ્યક્ષ અનિલકુમારના નેતૃત્વમાં ક્લોર-એલ્કલી ઉદ્યોગના પ્રતિનિધિઓએ ભારત સરકારના કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી શ્રી અનંથ કુમારની સાથે મુલાકાત કરી તથા ઉત્કૃષ્ટ ગુણવત્તાના કૉસ્ટિક સોડાના નિર્માણ હેતુ વિનિયમો માટે અનુરોધ કર્યો. મંત્રીજીએ ઉદ્યોગ જગતને આશ્વાસન આપ્યું કે તેમને સરકાર તરફથી પૂરો સહયોગ આપવામાં આવશે અને કૉસ્ટિક સોડાના ઘરેલૂ ઉત્પાદન અને આયાત માટે સંશોધિત ગુણવત્તા માનદંડોને ધ્યાનમાં રાખતા વિનિયમ રજૂ કરવામાં આવશે. ભારતીય એલ્કલી ઉદ્યોગ કૉસ્ટક સોડાના નિર્માણ પર સંશોધિત વિનિયમ રજૂ કરવાના સરકારના નિર્ણયનું સ્વાગત કરે છે અને માનનીય મંત્રીજી પ્રતિ આભારી છે જેમણે ઘરેલૂ ઉદ્યોગને સહયોગ આપવાનું આશ્વાસનુ આપ્યું છે. કૉસ્ટિક સોડાની આયાત માંગના ૧૫ ટકા હિસ્સો બનાવે છે જે ઘરેલૂ નિર્માતાઓની ક્ષમતા ઉપયોગિતાને અસર કરી રહી છે. ભારતીય ઉદ્યોગ નીચી ગુણવત્તાના કૉસ્ટિક સોડાની આયાત પર રોક લગાવવાની માંગ કરે છે જેની ખરાબ અસર સ્વાસ્થ્ય અને પર્યાવરણ પર પડી રહી છે. સરકારનો આ નિર્ણય મેક ઈન ઈન્ડિયાને પણ ગતિ આપશે.

## ફટાકડા સળગાવતી વખતે સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઢીલા અને સિન્થેટિક કપડા ન પહેરો, પાણીની ડોલ નજીક રાખો

દેવદિવાળી નજીક આવી રહી છે ત્યારે ફરીએકવાર લોકોને ફટાકડા સળગાવતી વખતે સંભાળ લેવા માટે કોલંબિયા એશિયા હોસ્પિટલના ડૉક્ટરો સૂચવ રહ્યા છે. ડોક્ટરોનું કહેવું છે કે ફટાકડા ફોડતી વખતે ઢીલા કે જ્વલનશીલ કપડા જેમ કે નાયલોન અને પોલિસ્ટર કપડા ન પહેરવા જોઈએ. જ્યારે દિવાળી જેવા તહેવારમાં તૈયાર થવાની વાત આવે છે તો હંમેશા મહિલાઓ અને યુવતીઓ એથનિક વસ્ત્રો પહેરવું પસંદ કરે છે, પરંતુ ફટાકડા ફોડતી વખતે બચાવ માટે સાડી, ફ્રોક, અનારકલી જેવા ડ્રેસ અને એવા કપડા પહેરવાથી બચો જે જ્વલનશીલ ફેબ્રિક જેમ કે નાયલોન, ટેરી કૉટથી બનેલા હોય. આવા સમયે કૉટનના કપડા સૌરી સારો વિકલ્પ સાબિત થાય છે. આની સાથે જ ફટાકડાથી કોઈપણ દુર્ઘટના થવા પર તરત આગ ઓલવી શકાય એ માટે અગ્નિ-શામક અને પાણીથી ભરેલી ડોલ નજીક રાખો. એક પ્રાથમિક ઉપચાર કિટ પણ તૈયાર રાખો. ગઈ સાલ દિવાળીના અવસર પર અમદાવાદમાં ૫૦૦થી વધુ કેસ દાઝવાના સામે આવ્યા હતા. ડૉ. કેઆર ગાંધી ફટાકડાથી થતી દુર્ઘટનાઓથી બચાવ માટે કેટલીક જરૂરી સાવધાની વર્તવાની સલાહ આપે છે. દેવદિવાળી નજીક છે ત્યારે પણ લોકો ફટાકડા ધૂમ ફોડશે. જો કે કેટલાક વર્ષોથી તહેવારોની ધૂમના ચાલતા ન માત્ર પર્યાવરણને નુકશાન થઈ રહ્યું છે પરંતુ લોકોના સ્વાસ્થ્યને પણ અસર થઈ રહી છે. ફટાકડા તો માત્ર દિવાળીનું બીજું નામ બની ગયું છે. આનાથી રમવું બધાને સારુ લાગી શકે છે, પરંતુ આના પરિણામ ઘણીવાર સારા નથી હોતા.

સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા તમામ નિયમ બનાવવા, ફટાકડા પર સખ્તાઈ, અને રોક લગાવવા, જાગૃતતા કાર્યક્રમ ચલાવવા છતા પણ ફટાકડાથી થતી દુર્ઘટનાઓ રોકાતી નથી. એવામાં જરૂરી છે કે તહેવાર દરમ્યાન મસ્તી કરતી વખતે પૂરી સાવધાની વર્તો. આ સાધારણ સાવધાનીઓ તમને ગંભીર દુર્ઘટનાઓથી બચાવી શકે છે

## ક્વૈક્કરેલી સાયમંડ્સે એસઆરએમ યુનિવર્સિટીને આપી ૪ સ્ટાર રેટિંગ



એસઆરએમ યુનિવર્સિટીને અગ્રણી વિશ્વસ્તરીય ઉચ્ચ કક્ષાની કંપની ક્વૈક્કરેલી સાયમંડ્સ દ્વારા ફોર સ્ટાર રેટિંગ આપવામાં આવ્યા છે. ભારતમાં માત્ર બે વિશ્વવિદ્યાલયોને આ સમ્માન મળ્યું છે. આ રેટિંગના ચાલતા એસઆરએમ ફોર સ્ટાર મેળવનારી ટોપ ૧૨૫ સંસ્થાઓમાં સામેલ થઈ ગઈ છે અને દુનિયાભરમાં મુખ્ય પાયાની ૧૨૫ સંસ્થાઓમાંથી એક છે. ક્યુએસ સ્ટાર્સે ૪૫ દેશોની ૨૭૫ સંસ્થાઓનું મૂલ્યાંકન ૫૦ વિભિન્ન સંકેતકોના આધારે કર્યુ છે અને વિશ્વવિદ્યાલયોના આઠ વિભિન્ન ક્ષેત્રોમાં એકથી લઈને પાંચ પ્લસ સ્ટાર આપે છે.દુનિયાના સર્વશ્રેષ્ઠ વિશ્વવિદ્યાલયોમાં સામેલ થવાની આ વાત ખાતરી કરે છે કે અમારા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ આપીને પ્રતિભાશાળી અને ક્ષમતાવાન સ્નાતક ઉભા કરે છે.

ક્યુએસ દ્વારા કરવામાં આવેલા પરીક્ષણમાં વિભિન્ન માનદંડોના આધારે યુનિવર્સિટીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું, જેમાં સામેલ છે : ૧. અધ્યાપન, ૨. રોજગાર, ૩. અનુસંધાન, ૪. આંતરરાષ્ટ્રીયકરણ, ૫. સુવિધાઓ, ૬. ઈનોવેશન, ૭. સમાવેશન અને ૮. વિશેષજ્ઞ કાર્યક્રમ. ઉપરોક્ત માનકોના આધારે ક્યૂએસ એક સમગ્ર રેટિંગ પણ આપે છે. આ ૮ માનકોમાંથી એસઆરએમને અધ્યાપન, રોજગાર ક્ષમતા અને સમાવેશન માટે ૫ સ્ટાર રેટિંગ મળ્યા છે.

## AMNEAL અને IMPAX નું જોડાણ થશે

આ જોડાણથી અમેરિકામાં ૫મી સૌથી મોટી જેનેરિક્સ બિઝનેસ સાથેની વૈવિધ્ય પૂર્વકની ફાર્માસ્યુટિકલ કંપનીનું નિર્માણ થશેસંયુક્ત કંપની ને જેન`રિક્સ પ્રોડક્ટ પોર્ટફોલિઓ,પ્રમુખ વૈવિધ્યસ ભર જેનેરિક્સ પાઈપ લાઈન, ડોઝનાં વિવિધ સ્વરૂપોમાં વ્યાપક R&D ક્ષમતાઓ, ઊંચી ગુણવત્તા અને ઓછા ખર્ચ સાથેના વૈશ્વિક ઉત્પાદન અને વિતરણ નેટવર્ક અને સમૃદ્ધ આર્થિક આધારનો લાભ મળશે સંયુક્ત કંપની ઉદ્યોગમાં અગ્રેસર વિકાસની રૂપરેખા ધરાવતી હશે જે આવક અને સમાયોજિત EPSમાં બે આંકડાનો વાર્ષિક મૂળભૂત વિકાસ ધરાવતી હશે આ વ્યવહારથી ત્રણ વર્ષની અંદર $200 મિલિઅનની ખર્ચની વાર્ષિક બચત થશે અને પ્રથમ ૧૨ મહિનાનીઅંદર Impaxનાસમાયોજિત EPS માં વૃદ્ધિ કરશે એવી અપેક્ષા છે રોકડના મજબૂત સંયુક્ત પ્રવાહથી ઋણની ચૂકવણી અને ભાવિવૃદ્ધિકારક રોકાણો શક્યબને છે "દવા ઉદ્યોગમાં એક અત્યંત ગતિશીલ અને ચેતનવંતી કંપનીનું સર્જન કરવ માટે Impax સાથે જોડાવામાં અમે હર્ષ અનુભવીએ છીએ, "તેમ Amneal ના સહકાર્યકારી અધિકારી અને સહ અધ્યક્ષ ચિન્ટુ પટેલ કહે છે. "આ જોડાણને કારણે સમગ્ર વિશ્વના લોકોન `કિફાયતી દરે સલામત દવાઓ સહેલાથી પૂરી પાડવાના અમારા લાંબા ગાળાના લક્ષ્યાંકા સિદ્ધ કરવામાં અને સાથે સાથે સતત સફળતા મેળવવાના માર્ગ પર અમને અગ્રેસર થવામાં મદદ મળશે." "આજોડાણ Impax માટે વિકાસના ઘણા અગત્યના હેતુઓ સિદ્ધ કરે છે," તેમ Impax ના પ્રમુખ અને મુખ્ય કાર્યકારી અધિકારી પોલ બિસારા કહે છે.

## ભારતીય હેર કટ ચેમ્પિયને વર્લ્ડ સ્કિલ્સ ઈન્ટરનેશનલ માટે શરૂ કરી જોરદાર તૈયારી

૧૯ વર્ષનો યુવા એ કરણ આ દિવસોમાં રોજ સવાર થી અડધી રાત સુધી ૧૬ કલાકની પ્રેક્ટિસ કરેછે. તે સવારે ૯ વાગ્યે વાળ કાપવા અને હેર સ્ટાઈલિંગ ની પ્રેક્ટિસ શરૂ કરે છે અને આ ક્રિયા સાંજેસાત વાગ્યા સુધી ચાલે છે. ત્યારબાદ તે કેટલાક કલાક આરામ કરે છે. અને કાતર, કાંસકો અનેહેરડ્રાયર થી કામ કરવાની કામગીરી ફરી શરૂ થાય છે જે અડધી રાત પછી પણ ચાલે છે. તેના ટ્રેનર કહે છે કે કરણ સપનામાં પણ પ્રેક્ટિસ કરે છે. કરણ માટે હેયરડ્રેસિંગ એક ઝુનુન છે અને તેના લીધે તે ઓક્ટોબર ૨૦૧૭માં અબુ ધાબી માં યોજાનાર વર્લ્ડ સ્કિલ્સ કોમ્પિટીશનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાના છે.

કરણની પ્રતિભા બ્લોસમ કોચર કોલેજ ઓફ ક્રિએટીવ આર્ટ્સ એન્ડ ડિઝાઈન (બીકેસીસીએડી), નવી દિલ્હીમાં થઈ છે. આની સ્થાપના ૪ દાયકા પહેલા ડોકટર એકડમી દ્વારા ડોક્ટર બ્લોસમે ભારતમાં વાળ ના વૈજ્ઞાનિક શિક્ષાની શરૂઆત કરી હતી અને તેમને ઉદ્યોગ ને દેશમાં સુંદર હેર ડિઝાઈનર્સ આપ્યા છે. બીકેસીસીએડીના ઘણા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે કરાર, સુંદર ઈન્ફ્રાસ્ટ્રકચર, ઈન્ટરએક્ટિવ ક્લાસરૂમ જેવી ખાસયતો છે. સંસ્થાઓ એ અહિયાના વિદ્યાર્થીઓ ને સમૃદ્ધ અનુભવ પુરા પાડે છે. એકેડમી માં આંતરરાષ્ટ્રીય શિક્ષક આવતા રહે છે અને તેઓ બિકેસીસીએડી ના વિદ્યાર્થીઓની અંદર વિજેતા બનવાની જુનુન ભરે છે. વર્લ્ડ ડેપ્યુટી ચીફ એક્સપર્ટ ઓફ હેર અને ભારત ના ચીફ એક્સપર્ટ ઓફ હેર, સામંથા કોચર પણ કરણને કોમ્પિટીશન માટે તૈયાર કરી રહાં છે. તેઓ બ્યુટી અને વેલનેસ સેક્ટર સ્કિલ કાઉન્સીલ (બીડબલ્યુએસએસસી) અને નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કાઉન્સિલ (એનએસડીસી) તરફ થી તેમને હેર સ્ટાઈલિંગ ની ઝીણવટ શીખવાડવામાં આવશે.

## વિશ્વની સૌથી મોટી ફલાઈંગ રેસ્ટોરન્ટ- એમિરેટસમાં ભોજન



અમદાવાદ

એમિરેટસ તેના ફર્સ્ટ, બિઝનેસ અને ઈકોનોમી કલાસમાં એકસરખું ધ્યાન આપીનેદર વર્ષે ૧૦૦ મિલિયનથી વધુ ભોજન પીરસે છે. દુનિયાના ૬ ખંડમાં આવેલા ૧૨૦ દેશોમાં ૫૫ મિલિયનથી વધુ મહેમાનોનેઆ ભોજન પીરસાય છે. એમિરેટસ જેટલી સારી રીતે વિશ્વમાં ભોજન ક્ષેત્રના પ્રવાહોને સમજે છે, તેટલું કોઈ સમજતું નથી, કારણકે વિવિધ સ્થળો ઉપરથી પ્રેરણા લઈને વિશ્વની સૌથી મોટી ફલાઈંગ રેસ્ટોરન્ટ આકાશમાં ભોજન પીરસી રહી છે. તે દર વર્ષે કેટરીંગ માટે એક અબજ યુએસ ડોલરનું મૂડીરોકાણ કરે છે. એમિરેટસનું રસોડું દુબઈમાં સતત ૨૪ કલાક ધમધમતુ રહે છે અને ત્યાં ૧૨૦૦ જેટલા શેફ ૧૨,૪૫૦ વાનગીઓ તૈયાર કરતા રહે છે. સુંદર રીતે ગોઠવાયેલી આ સંચાલન વ્યવસ્થામાં તેની ૫૯૦ ફલાઈટસમાં અધિકૃત સ્થાનિક વાનગીઓ પીરસીને ગ્રાહકોને તે જે પ્રદેશમાં જઈ રહ્યાં છે ત્યાંનો સ્વાદ પૂરો પાડે છે. આ ઉપરાંત આ એરલાઈન દુનિયાભરના ૨૫ કેટરીંગ પાર્ટનર્સ સાથે કામ કરીને દુબઈ જતી ફલાઈટસમાં એકસરખી ગુણવત્તા ધરાવતું ભોજન પીરસે છે.

સ્થાનિક સ્વાદ એમિરેટસ સ્થાનિક ફ્લેવર્સ ઉપર ધ્યાન આપે છે એનો અર્થ એ થયો કે તે જે પ્રદેશોમાં ઉડાન ભરીને જાય છે, ત્યાંનું ભોજનઉપલબ્ધ કરે છે. ભારતીય રૂટસ ઉપર જે ભોજન ખૂબ જ લોકપ્રિય છે તેમાં મોટા પ્રમાણમાં મસાલા અને સુગંધીત હર્બનોસમાવેશ થાય છે. પ્રવાસીઓની સ્વાદ ગ્રંથીઓને સંતોષવા વિવિધ પ્રકારની કઢી અને ધીમા તાપે રાંધેલી વાનગીઓ ઉપલબ્ધકરાવાય છે.

આ એરલાઈને તાજેતરમાં દિવાળીના સપ્તાહમાં દુબઈથી ભારત જતી ફલાઈટસમાં મોતીચૂરના લાડુ અને ડ્રાયફ્રૂટબરફી પીરસી હતી. આ મિઠાઈ ખાસ આર્ટવર્ક દ્વારા તૈયાર કરાયેલા સુશોભિત બોક્સમાં અપાઈ હતી અને તેને ચાંદીના વરખઅને પિસ્તાથી ગાર્નીશ કરવામાં આવી હતી.

## દિવાળી હિંદુ સંસ્કૃતિ શ્રેષ્ઠ અને સોનેરી કાળમાં હોવાનું દર્શાવે છેઃ મે

લંડન

(પીટીઆઈ) બ્રિટનનાં પ્રધાનમંત્રી થેરેસા મેએ દિવાળીનાં તહેવાર પર હિંદુ સમુદાયને શુભેચ્છા પાઠવતાંજણાવ્યું હતું કે, તહેવાર જીવનશૈલીની ઉજવણીનું પ્રતીક છે અને દિવાળી હિંદુ સંસ્કૃતિ તેનાં સોનેરી કાળમાં હોવાનું દર્શાવે છે.અગ્રણી બિનનિવાસી ભારતીય (એનઆરઆઈ) બિઝનેસમેન હિંદુજા બ્રધર્સે ગઈ કાલે રાત્રે તેમનાં નિવાસસ્થાને દિવાળીની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પોતાના સંદેશમાં મેએ કહ્યું હતું કે,દિવાળી આપણને જીવન પર પ્રતિબિંબ પાડવા,સન્માન અને આદર શીખવવાની તથા ભવિષ્ય બદલવા માટે ભૂતકાળનાં પ્રસંગોનું આત્મનિરીક્ષણ કરવાની તક આપે છેદિવાળી જીવનનાં અભિગમની ઉજવણીનું પ્રતીક છે, જે હિંદુ સંસ્કૃતિ સોનેરી કાળમાં હોવાનું દર્શાવે છે.આ સંદેશ બ્રિટનનાં આંતરરાષ્ટ્રીય વિકાસ માટેનાં મંત્રી પ્રીતિ પટેલે વાંચી સંભળાવ્યો હતો. પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી થેરેસા મેઅત્યારે બ્રસેલ્સમાં છે અને બ્રેક્ટિઝ પર વાટાઘાટમાં આપણાં રાષ્ટ્રીય હિત માટે લડી રહ્યાં છે. આ સંદેશમાં પ્રધાનમંત્રીએ એવું પણ જણાવ્યું હતું કે, બ્રિટન અને યુરોપનાં જીવનમાં હિંદુ સમુદાય મહત્ત્વપૂર્ણ પ્રદાન કરે છે.અત્યારે આપણાં રાજકારણમાં થોડો નિરાશાજનક સમય છે. આપણાં કેટલાંક મીડિયા આ દેશ વિશે અને આપણાંભવિષ્યને લઈને (બ્રેક્ઝિટ વિશે) નિરાશા ફેલાવી રહ્યાં છે, ત્યારે મારું માનવું છે કે આપણે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતાં, નવોઉત્સાહ ભરતાં અને આશાનો સંચાર કરતાં પ્રકાશપર્વ દિવાળીની ઉજવણી કરી રહ્યાં છીએ, જે ખરેખર વધારે મહત્ત્વપૂર્ણ છે.દિવાળી પ્રકાશનું પર્વ છે, જેમાં તમે ભૂતકાળને ભૂલી જાવ છો, દુશ્મનોને માફ કરો છો અને તમારાં જીવનમાં દરેક સાથે નવી શરૂઆત કરો છો..

## &TV સિદ્ધિવિનાયક સાથે પ્રસ્તુત કરે છે 'પેશનેટ હેટ સ્ટોરી'



અમદાવાદ

બોલીવૂડ એટલો ધનાઢ્ય અને વિખ્યાત, ઝાકઝમાળ કે રોનક છે એવું નથી. પડદાની પાછળ પણ સમાંતર વારતા ચાલે છે, જે મોટે ભાગે નજરમાં આવતું નથી અને આવી જ એક વારતા રજૂ કરતાં &TVતેની નવીનતમ ફિકશન ઓફર સિદ્ધિવિનાયક લાવી રહી છે. આ પેશનેટ હેટ સ્ટોરી સિદ્ધિવિનાયક બોલીવૂડની પાર્શ્વભૂમાં છે, જેમાં ઊભરતો કલાકારો વિનાયક કુંદ્રા (નીતિન ગોસ્વામી) અને જુનિયર ડાન્સર સિદ્ધિ જોશી (નેહા સકસેના) છે. સિદ્ધિ અને વિનાયક વચ્ચે એકમાત્ર સામ્યતા એ છે કે બંને એકબીજા પ્રત્યે ધિક્કારની લાગણી ધરાવે છે. આ ધિક્કાર બળવાને માર્ગ આપે છે, આ ધિક્કાર સિદ્ધિ અને વિનાયકને દૂર કરે છે... જોકે શું ધિક્કારની વ્યાખ્યા બે વ્યક્તિનું નસીબ તરીકે કરી શકાય? જાણવા માટે જોતા રહો સિદ્ધિનાયક, જે ૨૯મી ઓક્ટોબરથી આરંભ કરતાં દર સોમવારથી શુક્રવારે રાત્રે ૯ વાગ્યાથી ફક્ત શ્ફ્પરથી પ્રસારિત થશે.સિદ્ધિવિનાયકમાં નીતિન ગોસ્વામી અને નેહા સકસેના સાથે અનુભવી કલાકારો છે, જેમાં મનીષ ખન્ના શંકર કુંદ્રા બન્યો છે (વિનાયકનો પિતા), ઉત્કર્ષા નાઈક બની છે મંજરી કુંદરા (વિનાયકની માતા), અંજલિ ગુપ્તા, સવિતા જોશી (સિદ્ધિની માતા), પૃથ્વી સંકાલા ,અનિકેત જોશી (સિદ્ધિનો પિતા) છે. જોતા રહો સિદ્ધિ અને વિનાયકની પેશનેટ હેટ સ્ટોરી, ૨૯મી ઓક્ટોબરથી શુભારંભ, દર સોમવારથી શુક્રવારે રાત્રે ૯ વાગ્યાથી , ફક્ત &TV પર

## પ્રથમ વાર પ્રો કબડ્ડી લીગ રમી રહેલી ગુજરાત ફોરચ્યુન જાયન્ટસની ટીમનો ફાયનલમાં પ્રવેશ



ગુજરાત ફોરચ્યુન જાયન્ટસની ટીમ બેંગાલ વોરિયર્સની ટીમને મુંબઈ ખાતે ૪૨-૧૭ના ધમાકેદાર સ્કોર દ્વારા પરાજીત કરીને મંગળવારે વીવો પ્રો કબડ્ડી લીગ સીઝન ૫ની ફાયનલમાં પ્રવેશી છે. ફાયનલ મેચ તા. ૨૮ ઓકટોબરના રોજ ચેન્નાઈમાં રમાશે.

ગુજરાત ફોરચ્યુન જાયન્ટસના હેડ કોચ મનપ્રિત સિંઘ હંમેશાં હરિફ ટીમને કંઈક અચરજ પૂરૂ પાડતા રહ્યા છે. બેંગાલ વોરિયર્સ સામેની અતિ મહત્વની ક્વોલિફાયર મેચ-૧માં મનપ્રિતે શરૂઆતના ૭ ખેલાડીમાં મહેન્દ્ર રાજપૂત અને રાકેશ નરવાલનો સમાવેશ કરીને બેંગાલ વોરિયર્સને ઉંઘતા ઝડપ્યા હતા. લાંબા રેઈડર રાજપૂતે અદભૂત રમત રમીને તેમના કોચના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો. રાજપૂત અગાઉ બેંગાલ વોરિયર્સનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે, તેમણે બેંગાલના ડિફેન્સને ઠરીઠામ થવા દીધો ન હતો અને મેચમાં ૮ પોઈન્ટનો સ્કોર નોંધાવ્યો હતો. રાજપૂતના આ પ્રયાસોને કારણે તેમને પરફેક્ટ રેઈડર ઓફ ધ મેચનો ખિતાબ હાંસલ થયો હતો. કુલ ૨૧ રેઈડ પોઈન્ટમાંથી નરવાલે ૪ પોઈન્ટ મેળવ્યા હતા અને ગુજરાત ફોરચ્યુન જાયન્ટસ તેમની સરસાઈ આગળ ધપાવી શક્યું હતું. " દરમ્યાનમાં સચિન તનવરે આજે ૯ પોઈન્ટ મેળવીને પોતાની ઉત્તમ રમત બતાવવાનું ચાલુ રાખ્યું હતું. ગુજરાત ફોરચ્યુન જાયન્ટસ દ્વારા પોઝિટીવ સંકેત સાથે રમતની શરૂઆત કરવામાં આવી હતી. પોતાની પ્રથમ રેઈડમાં જ રાજપૂતે બેંગાલના સ્ટાર રેઈડર મનિન્દર સિંઘને નિશાન બનાવીને પોતાનો ઈરાદો સ્પષ્ટ કરી દીધો હતો. બોલીવુડના સ્ટાર અક્ષયકુમાર સહિત મુંબઈનુ ક્રાઉડ બેંગાલને સપોર્ટ કરતુ હોવા છતાં હાફ ટાઈમમાં ગુજરાત ફોરચ્યુન જાયન્ટસ ૧૩-૧૧ની સરસાઈથી આગળ હતું. વિરામ પછી જાયન્ટસ દ્વારા ૨૨મી મિનીટે પ્રથમ ઓલ આઉટ લાદીને પોતાનો ઈરાદો બતાવી દીધો હતો. ૨૨મી મિનીટે રાજપૂતે જ્યારે વિનોદ કુમારને આઉટ કર્યો ત્યારે જાયન્ટસની લીડ વધીને ૧૮-૧૦ની હતી. બેંગાલ વોરિયર્સ આ પીછેહઠમાંથી બહાર આવી શક્યા જ નહી. ૧૪ મિનીટ પછી તમામ વોરિયર્સને બેંચ ઉપર મોકલી આપવામાં આવ્યા હતા. એ પછી જાયન્ટસે પાછા વળીને જોયુ ન હતુ અને સહેજ પણ દયા દાખવ્યા વગર છેલ્લી મિનીટ સુધી સ્કોર કરવાનું ચાલુ રાખ્યુ હતું. હકિકતમાં મિધાનીને તો તેનાં પાંચમાંથી પાંચ ટેકલ માટે પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. આ તમામ ટેકલ સેકન્ડ હાફમાં હાંસલ થયા હતા.

# મેસ્સીની હેટ્રિક, આર્જેન્ટિનાને મળી વર્લ્ડ કપની ટિકિટ



સ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસ્સીની હૈટ્રિકની મદદથી આર્જન્ટિનાને ફિફા ફૂટબોલ વર્લ્ડ કપ ૨૦૧૮માં એન્ટ્રી અપાવી છે. ઈક્વાડોરની સામે મેચમાં ૩-૧ની જીત સાથે આર્જન્ટિનાએ ક્વોલિફાઈ કર્યું છે. ૨૦૧૪ની ઉપ વિજેતા આર્જેન્ટિના મેચ શરૂ થતા પહેલા ગ્રુપમાં છઠ્ઠા સ્થાન પર હતું. ક્વોલિફાઈ કરવા માટે તેણે ટોપ-૪માં પહોંચવું જરૂરી હતી. હવે તે ત્રીજા સ્થાન પર છે. બ્રાઝિલ અને ઉરુગ્વે ક્રમશઃ પહેલા અને બીજા સ્થાન પર છે. આ વર્ષે રશિયામાં આયોજિત થનાર વર્લ્ડ કપમાં બે વખતની વિશ્વ વિજેતા ટીમ ક્યાંક વર્લ્ડ કપમાં ક્વોલિફાઈ કરવાની રેસમાંથી બહાર ન થઈ જાય. મેચની શરૂઆતમાં આર્જેન્ટિનાને ઈક્વાડોરે ઝટકો આપ્યો હતો. પહેલી મિનિટમાં ઈકવાડોરે સરસાઈ બનાવી હતી. ત્યાર બાદ મેસ્સીએ કમાલ કરી બતાવી હતી. ૧૨મી મિનિટમાં પહેલો ગોલ કરી આર્જેન્ટિનાને તે બરાબરી પર લાવી દીધું હતું. ત્યાર બાદ ૮ મિનિટ બાદ જ મેસ્સીએ બીજો ગોલ કરી પોતાની ટીમને સરસાઈ અપાવી હતી. મેચની ૬૨મી મિનિટમાં મેસ્સીએ વધુ એક ગોલ કરી ઈકવાડોર સામે પોતાની હેટ્રિક પૂરી કરી હતી.

## મહિલાઓનાં ક્રિકેટ ટીમ રેન્કિંગમાં ભારત ચોથા ક્રમે યથાવત્



પુરુષો અને મહિલાઓની ક્રિકેટ રમતનું વિશ્વસ્તરે સંચાલન કરતી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ સંસ્થાએ મહિલાઓનાં નવા ક્રિકેટ ટીમ રેક્િંગ્સ આજે જાહેર કર્યા છે. એમાં ભારતીય ટીમે પોતાની ચોથી રેક્ર જાળવી રાખી છે. તેનાં ૧૧૬ પોઈન્ટ છે.

જ્યારે ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાને હટાવીને પહેલી રેક્ર હાંસલ કરી છે. હીધર નાઈટની આગેવાની હેઠળની ઈંગ્લેન્ડ ટીમ અને ઓસ્ટ્રેલિયા, બંને ટીમના ૧૨૮ પોઈન્ટ છે, પણ ડેસિમલ પોઈન્ટ્સના આધારે ઈંગ્લેન્ડ પહેલા નંબરે છે. ન્યુ ઝીલેન્ડ ટીમે ૧૧૮ પોઈન્ટ સાથે તેનું ત્રીજું સ્થાન જાળવી રાખ્યું છે.

ટીમ રેક્િંગ્સ નક્કી કરતી વખતે ત્રણેય ફોર્મેટ – ટેસ્ટ, વન-ડે અને ટ્વેન્ટી-૨૦માં ટીમોના દેખાવને ગણતરીમાં લેવામાં આવે છે. વેસ્ટ ઈન્ડિઝ (૧૦૧) પાંચમા અને દક્ષિણ આફ્રિકા (૯૩) છઠ્ઠા ક્રમે છે.

પાકિસ્તાન ૭૨ પોઈન્ટ સાથે સાતમા અને શ્રીલંકા ૬૭ સાથે આઠમા ક્રમે છે. પોઈન્ટ્સ ટેબલમાં તળિયાની બે ટીમ છે – બાંગ્લાદેશ (૩૭) અને આયરલેન્ડ (૩૦).

# શાંઘાઈ માસ્ટર્સની ફાઈનલમાં નડાલ ઉપર ફેડરરની ફરી જીત

**ટીમ સ્પીરીટ**



સ્વિસ સ્ટાર રોજર ફેડરરે આજે શાંઘાઈ માસ્ટર્સમાં પોતાના નજીકના હરીફ અને વિશ્વના પ્રથમ ક્રમાંકિત ખેલાડી રાફેલ નડાલ ઉપર સીધા સેટોમાં જીત મેળવી હતી. આની સાથે જ સ્પેનિશ સ્ટાર ઉપર આ વર્ષમાં પોતાની ચોથી જીત મેળવી હતી. અત્રે નોંધનીય છે કે, વિશ્વના બીજા ક્રમાંકિત ખેલાડી ફેડરરે ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં આ વર્ષે નડાલ ઉપર જીત મેળવી હતી. આ ઉપરાંત મિયામી માસ્ટર્સની ફાઈનલમાં પણ જીત મેળવી હતી. રોજર ફેડરર એકમાત્ર એવો ખેલાડી છે જે હજુ પણ રાફેલ નડાલને રોકવાની સ્થિતિમાં દેખાઈ રહ્યો છે. ફેડરરે આ વર્ષમાં કુલ છ ટ્રોફી જીતી લીધી છે. ફેડરરે એક કલાક અને ૧૨ મીનીટમાં નડાલ ઉપર જીત મેળવી હતી. સ્વિસ સ્ટાર હાલમાં જ રમાયેલી વર્ષની છેલ્લી ગ્રાન્ડસ્લેમમાં ફેંકાઈ ગયો હતો જેથી નડાલ સામે રમવાની તેની આશા ઉપર પાણી ફરી વળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર મહિનામાં ન્યુયોર્કમાં રમાયેલી વર્ષની અંતિમ ગ્રાન્ડ સ્લેમ જોરદાર રોમાંચ સાથે પૂર્ણ થઈ હતી. એકબાજુ પુરૂષોના વર્ગમાં સ્પેનના રાફેલ નડાલે સિગલ્સમાં તાજ જીતી લીધો હતો. જ્યારે મહિલાઓના વર્ગમાં આ વખતે નવી વિજેતા ખેલાડી ઉભરીને સપાટી પર આવી હતી. મિક્સ્ડ ડબલ્સ અને મહિલા ડબલ્સમાં સ્વીસ સ્ટાર માર્ટિના હિન્ગીસે પ્રભુત્વ જમાવ્યુ હતું. રોમાંચ વગરની ફાઈનલ મેચમાં નડાલે કેવિન એન્ડરસન પર સીધા સેટોમાં ૬-૩, ૬-૩ અને ૬-૪થી જીત મેળવી હતી. આ મેચ એક તરફી રહી હતી. અનેક અપસેટ સર્જીને ફાઈનલમાં પહોંચેલા દક્ષિણ આફ્રિકાના ખેલાડી પાસેથી સારા દેખાવની અપેક્ષા હતી પરંતુ તે ફલોપ રહ્યો હતો. બીજી બાજુ સ્પેનિશ નંબર વન ખેલાડી નડાલે ધરખમ દેખાવ કર્યો હતો. તે ચોથી વખત યુએસ ઓપનની ફાઈનલમાં રમી રહ્યો હતો.

## સ્પોર્ટ્સ ક્વીઝ

ડૉ.પી.ડી.શર્મા

**સવાલ :**

૧. હાલમાં જ બેંગ્લોર મુકામે પ્રવાસી ઓસ્ટ્રેલિયાએ ભારતને ચોથી વન-ડે માં ૨૧ રને પરાજીત આપીને ભારતની સતત કેટલામી વન-ડે ની જીતવાની તક અટકાવી હતી ?

૨. 'રાયડર કપ' કઈ રમતમાં અપાય છે ?

૩. 'લેવર કપને કારણે નડાલ સાથે મારી મૈત્રી વધુ ગાઢ બની છે' હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું?

૪. આ વર્ષે અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો હતો ?

૫. આ વર્ષે અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારત સાથે ગ્રુપ એ માં અન્ય કઈ ત્રણ ટીમો હતી ?

૬. આ વર્ષે અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારતીય ટીમના કેપ્ટન કોણ હતા ?

૭. આ વર્ષે અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારતીય ટીમના કોચ લુઈસ નોર્ટોન ડે મારોસ કયા દેશના વતની છે ?

૮. વર્લ્ડકપની તૈયારી માટે ૪ ઉપખંડના ૧૮ દેશોમાં ૧૦૦ થી વધુ મેચો રમી ભારતની અંડર ૧૭ ફુટબોલ ટીમે બે વર્ષમાં કેટલા એર માઈલનો પ્રવાસ ખેડયો હતો ?

૯. આ વર્ષે ભારતમાં આયોજીત અંડર ૧૭ ફૂટબોલ વર્લ્ડકપનું પ્રસારણ કેટલા દેશોમાં કરવામાં આવ્યું હતું ?

૧૦.અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારતની પ્રથમ મેચ કયા દેશ સામે હતી ? કઈ ટીમ વિજેતા બની હતી ?

૧૧. આ વર્ષે ભારતમાં આયોજીત અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપને કેટલા દર્શકોએ ટેલીવિઝન પર નિહાળ્યો હતો ?

૧૨. હાલમાં જ કયા ટેનીસ ખેલાડીએ ચાઈના ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી ? કયા ખેલાડીને હરાવીને ?

૧૩. 'ધોનીને મહાન બનાવવા માટે ગાંગુલીએ તેની કારકીર્દીનો ભોગ આપ્યો' હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

જવાબ :

૧. હાલમાં જ બેંગ્લોર મુકામે પ્રવાસી ઓસ્ટ્રેલિયાએ ભારતને ચોથી વન-ડે માં ૨૧ રને પરાજીત આપીને ભારતની સતત ૧૦ મી વન-ડે ની જીતવાની તક અટકાવી હતી.

૨. 'રાયડર કપ' ગોલ્ફ રમતમાં અપાય છે.

૩. 'લેવર કપને કારણે નડાલ સાથે મારી મૈત્રી વધુ ગાઢ બની છે' હાલમાં જ આ વિધાન સ્વિત્ઝરલેન્ડના મહાન ટેનીસ ખેલાડી રોજર ફેડરરે કર્યું હતું.

૪. આ વર્ષે અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં કુલ ૨૪ ટીમોએ ભાગ લીધો હતો.

૫. આ વર્ષે અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારત સાથે ગ્રુપ એ માં અન્ય અમેરીકા, કોલંબીયા અને ઘાના એમ ત્રણ ટીમો હતી.

૬. આ વર્ષે અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારતીય ટીમના કેપ્ટન અમરજીત હતા.

૭. આ વર્ષે અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારતીય ટીમના કોચ લુઈસ નોર્ટોન ડે મારોસ પોર્ટુગીઝ દેશના વતની છે.

૮. વર્લ્ડકપની તૈયારી માટે ૪ ઉપખંડના ૧૮ દેશોમાં ૧૦૦ થી વધુ મેચો રમી ભારતની અંડર ૧૭ ફુટબોલ ટીમે બે વર્ષમાં બે લાખ એર માઈલનો પ્રવાસ ખેડયો હતો.

૯. આ વર્ષે ભારતમાં આયોજીત અંડર ૧૭ ફૂટબોલ વર્લ્ડકપનું પ્રસારણ ૧૨૫ દેશોમાં કરવામાં આવ્યું હતું.

૧૦.અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપમાં ભારતની પ્રથમ મેચ અમેરીકા દેશ સામે હતી અને તેમાં અમેરીકા ૩-૦ ગોલથી વિજેતા બની હતી.

૧૧. આ વર્ષે ભારતમાં આયોજીત અંડર ૧૭ ફુટબોલ વર્લ્ડકપને ૨૦૦ મીલીયન દર્શકોએ ટેલીવિઝન પર નિહાળ્યો હતો.

૧૨. હાલમાં જ સ્પેનના રફેલ નડાલે ઓસ્ટ્રેલિયાના કીગ્રીયોસને સીધા સેટોમાં ૬-૨, ૬-૧૦ થી હરાવીને ટેનીસ ખેલાડીએ ચાઈના ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી.

૧૩. 'ધોનીને મહાન બનાવવા માટે ગાંગુલીએ તેની કારકીર્દીનો ભોગ આપ્યો' હાલમાં જ આ વિધાન ભારતના ભૂતપુર્વ ઓપનર વિરેન્દ્ર સહેવાગે કર્યું હતું.

-ડૉ.પી.ડી.શર્મા
(અમદાવાદ)

# ત્રણ કે તેથી વધુ ટેસ્ટમેચોની શ્રેણીમાં ભારતનો વિજય

**ખેલના મેદાનમાંથી**

કમલેશ કંસારા

શ્રીલંકા વિરૂદ્ધ શ્રીલંકામાં રમાયેલ સીરીઝમાં ભારતીય ટીમે ત્રણેય ટેસ્ટમેચોમાં જીત મેળવી હતી. આ વિદેશમાં સૌ પ્રથમ ઘટના હતી જેમાં ભારતની ટીમે ત્રણેય ટેસ્ટમેચોની શ્રેણીમાં બધી જ મેચો જીતી હતી.

ગોલમાં રમાયેલ પ્રથમ ટેસ્ટમાં ભારતે શ્રીલંકાને ૩૦૪ રનથી હરાવેલ જે વિદેશમાં એની સૌથી મોટી જીત હતી. આ પહેલા વિદેશમાં રનોના હિસાબે ભારતનો સૌથી મોટ વિજય ૨૭૯ રનનો હતો. જે લોર્ડસમાં ૧૯૮૬ માં રમાયેલ ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ટેસ્ટમાં મેળવ્યો હતો.

કોલંબોમાં રમાયેલ બીજીટેસ્ટમાં ભારતે શ્રીલંકાને એક ઈનીંગ્સ અને ૫૩ રનથી હરાવેલ અને ત્રીજી ટેસ્ટ જે પાલેકેલીમાં રમાયેલ એમાં ભારતીય ટીમે શ્રીલંકાને એક દાવ અને ૧૭૧ રનથી હરાવીને ત્રણ ટેસ્ટમેચોની સીરીઝ ૩-૦ થી જીતી લીધી હતી. આ વિજય શ્રીલંકા વિરૂદ્ધ એનો સૌથી મોટો વિજય અને બીજો સૌથી મોટો વિજય હતો. આ પહેલાં વિદેશમાં ભારતે સૌથી મોટો વિજય એક દાવ અને ૨૩૯ રનનો હતો જે ભારતીય ટીમે ઢાકામાં ૨૦૦૬-૦૭ માં બાંગ્લાદેશ વિરૂદ્ધ મેળવ્યો હતો.

ભારતીય ટીમે પાંચમી વાર ત્રણ કે તેથી વધુ ટેસ્ટ મેચોની સીરીઝમાં બધી ટેસ્ટ જીતવામાં સફળતા મેળવી છે. એમાં પ્રથમ ચાર વાર ભારતીય ટીમે પોતાની ધરતી પર આ સિદ્ધિ મેળવી છે. શ્રીલંકા વિરૂદ્ધ ભારતીય ટીમે બીજી વાર ત્રણ ટેસ્ટમેચોની શ્રેણી ૩-૦ થી જીતી હતી.

૧૯૯૨-૯૩ માં ઈંગ્લેન્ડની ટીમ ભારતના પ્રવાસે આવી હતી ત્યારે ભારતે ૩ ટેસ્ટમેચોની શ્રેણીમાં ૩-૦ થી વિજય મેળવ્યો હતો. આ ભારત માટે સૌ પ્રથમ વાર તક હતી જ્યારે સીરીઝની ત્રણેય ટેસ્ટમાં વિજય મેળવ્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી ગ્રેહામ ગુંચ અને ભારત તરફથી મોહમ્મદ અઝહરૂદીન કેપ્ટન હતા. કોલકાતા ખાતેની પ્રથમ ટેસ્ટમાં ભારતે આઠ વિકેટે વિજય મેળવ્યો હતો. જ્યારે ચેન્નાઈ ખાતેની બીજી ટેસ્ટમાં એક ઈનીંગ્સ અને ૨૦ રને વિજય મેળવીને ૨-૦ થી સરસાઈ મેળવી હતી. મુંબઈ ખાતે ત્રીજી ટેસ્ટમાં ભારતે એક દાવ અને ૧૫ રને વિજય મેળવીને ત્રણ ટેસ્ટમેચોની શ્રેણી ૩-૦ થી જીતી લીધી હતી. આ એક માત્ર અવસર હતો. જ્યારે ઈંગ્લેન્ડ વિરૂદ્ધ કોઈપણ ટીમ શ્રેણીની ત્રણ ટેસ્ટમેચો જીતી હતી.

૧૯૯૩-૯૪ માં ઘરઆંગણે રમાયેલ શ્રીલંકા વિરૂદ્ધની ત્રણ ટેસ્ટમેચોની શ્રેણીમાં ભારત તરફથી અર્જુન રણતુંગા કેપ્ટન હતા. લખનૌ ખાતે રમાયેલ પ્રથમ ટેસ્ટમાં ભારતે એક દાવ અને ૧૯૯ રને વિજય મેળવ્યો હતો. બીજી ટેસ્ટ બેંગલુરૂ ખાતે રમાયેલ. જેમાં ભારત એક દાવ અને ૯૨ રને વિજય પ્રાપ્ત કર્યો હતો. અમદાવાદમાં ૧૭ રનોથી મેચ જીતીને ૩-૦થી શ્રેણીમાં વિજય મેળવ્યો હતો. ભારતે આ ત્રણેય ટેસ્ટમેચો એક દાવના માર્જીનથી જીતી હતી.

ટેસ્ટ ક્રિકેટમાં આ બીજી ઘટના હતી જેમાં ત્રણેય ટેસ્ટમેચો સીરીઝની એક દાવથી જીતી હતી. આ પહેલાં ઈંગ્લેન્ડની ટીમે ૧૯૨૮ માં વેસ્ટ ઈન્ડીઝ વિરૂદ્ધ રમાયેલ ત્રણેય ટેસ્ટમેચો એક દાવના માર્જીનથી જીતી હતી. વેસ્ટ ઈન્ડીઝની આ સૌ પ્રથમ ટેસ્ટ શ્રેણી હતી.

૨૦૧૨-૧૩ માં મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટન પદ હેઠળ ભારતે ઓસ્ટ્રેલિયાને સીરીઝની ચારેય ટેસ્ટમેચોમાં પરાજય આપીને શ્રેણીમાં ૪-૦ થી વિજય મેળવ્યો હતો. ભારતને માટે આ સૌ પ્રથમ બનાવ હતો. જેમાં એણે ચાર ટેસ્ટમેચોની સીરીઝમાં ચારેય મેચો જીતી લીધી હતી. ચેન્નઈમાં રમાયેલ પ્રથમ ટેસ્ટમાં ભારતે આઠ વિકેટે વિજય મેળવ્યો હતો. જ્યારે હૈદ્રાબાદ ખાતેની બીજી ટેસ્ટમાં ભારત એક દાવ અને ૧૫૩ રનોથી વિજય મેળવ્યો હતો.ત્રીજી ટેસ્ટ મોહાલીમાં રમાઈ હતી જેમાં ભારત ૬ વિકેટે વિજયી થયેલ અને શ્રેણીની ચોથી અને અંતિમ ટેસ્ટ જે દિલ્હીમાં રમાઈ હતી એમાં ભારતે ૬ વિકેટે વિજય મેળવીને ૪ ટેસ્ટની શ્રેણીમાં ૪-૦ થી વિજય પ્રાપ્ત કર્યો હતો.

ન્યુઝીલેન્ડ વિરૂદ્ધની ૨૦૧૬-૧૭ માં ભારતમાં રમાયેલ ત્રણ ટેસ્ટમેચોની શ્રેણીમાં ભારતે ૩-૦ થી વિજય મેળવ્યો હતો. પ્રથમ ટેસ્ટ કાનપુરમાં રમાયેલ. જેમાં ૧૯૭ રનથી વિજય મેળવ્યા બાદ કોલકાત્તા ખાતેની બીજી ટેસ્ટમાં પણ ભારતે ૧૭૮ રનથી વિજય પ્રાપ્ત કર્યો હતો. ઈંદોર ખાતે રમાયેલ શ્રેણીની ત્રીજી અને અંતિમ ટેસ્ટમાં ભારતે ન્યુઝીલેન્ડને ૩૨૧ રનથી પરાજય આપીને ટેસ્ટ ક્રિકેટમાં રનોના હિસાબથી પોતાનો બીજો વિજય પ્રાપ્ત કર્યો હતો. આ પ્રકારની ક્રિકેટમાં ભારતે રત્નોના હિસાબે સૌથી મોટો વિજય ૨૦૧૫ માં દિલ્હી ખાતે રમાયેલ દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધની ટેસ્ટમાં ૩૩૭ રનથી વિજય પ્રાપ્ત કર્યો હતો. આ મેચ સુધી ભારતે ત્રણ વાર ૩૦૦ કે તેથી વધુ રનોથી વિજય મેળવ્યો હતો. ૨૦૦૮-૦૯ માં મોહાલી ખાતે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધની ટેસ્ટમાં ભારતે ૩૨૦ રનોથી જીત મેળવી હતી. જે ભારતની ત્રીજી સૌથી વધુ રનોથી વિજય મેળવ્યો હતો.

ભારતે ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ બીજી અને અંતિમ વાર કોઈ ટેસ્ટ સીરીઝમાં ત્રણ ટેસ્ટમેચમાં વિજય મેળવ્યો હતો. આ ટેસ્ટ શ્રેણી ૪ ટેસ્ટમેચોની હતી જેમાં ભારત તરફથી મન્સુરઅલીખાન પટાડી હતા.

અનુસંધાન પાન નં.૬ ઉપર

# આશિષ નેહરા ૧ નવેમ્બરે ક્રિકેટમાંથી લેશે સન્યાસ, દિલ્હીમાં રમશે અંતિમ મેચ

**ટર્નીંગ પોઈન્ટ**



(જી.એન.એસ) ન્યુ દિલ્હી

આશિષ નેહરા ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ દિલ્હીમાં રમાનાર ટી-૨૦ મેચ બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દેશે. નેહરા ૧ નવેમ્બરે ફિરોઝશાહ કોટલામાં પોતાના ઘરેલુ દર્શકો સામે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સન્યાસ લેશે.

૩૮ વર્ષના આશિષ નેહરાએ અત્યાર સુધી ૧૭ ટેસ્ટ, ૧૨૦ વન ડે અને ૨૬ ટી-૨૦ મેચમાં ભાગ લીધો છે. ઈજાગ્રસ્ત થવાને કારણે તે ટીમની અંદર-બહાર થતો રહ્યો છે, નેહરાની ટેસ્ટ કારકિર્દી ૨૦૦૪માં પાકિસ્તાન વિરૂદ્ધ થંભી ગઈ હતી, તે બાદ વન ડે ટીમમાં તેને વાપસી કરી પરંતુ ૨૦૧૧ના વર્લ્ડકપ સેમિ ફાઈનલ મુકાબલા બાદ તેને એક પણ વન ડે મુકાબલો નથી રમ્યો.

આશિષ નેહરાએ ઈજા બાદ આઈપીએલમાં સારૂ પ્રદર્શન કરી ટી-૨૦ ફોર્મેટમાં વાપસી કરી હતી. નેહરાએ ભારત માટે અંતિમ આંતરરાષ્ટ્રીય મેચ આ વર્ષે ઈંગ્લેન્ડ વિરૂદ્ધ રમી હતી. નેહરાએ ઓસ્ટ્રેલિયા સામેની ટી-૨૦ મેચમાં પણ વાપસી કરી છે.

આશિષ નેહરા ભારત માટે ૧૮ વર્ષથી પણ વધુ સમયથી રમી રહ્યો છે. ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ સિરીઝ બાદ ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ રમાનાર ટી-૨૦ સિરીઝની પ્રથમ મેચ તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો અંતિમ મુકાબલો હશે.

# હાર્દિક પંડ્યામાં ઓલરાઉન્ડર બનવાની ક્ષમતા : ઈયાન ચેપલ



ઓસ્ટ્રેલિયાના પૂર્વ કપ્તાન ઈયાન ચેપલે ભારતીય ટીમના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાના વખાણ કર્યા છે. ઈયાન ચેપલે કહ્યું કે, હાર્દિક પંડ્યામાં મેચનું વલણ બદલનાર ઓલરાઉન્ડર બનવાની ક્ષમતા છે. જેની ભારતને મહાન ખેલાડી કપિલ દેવના સંન્યાસ બાદ શોધ હતી.

ચેપન અનુસાર, હાર્દિક પંડ્યા ક્ષમતાવાન ઝડપી બોલર ઓલરાઉન્ડર છે. જેની ભારતને કપિલ દેવના સંન્યાસ બાદ શોધ હતી. પંડ્યા જેવો ખેલાડી, જેનામાં ટોપ ૬ માં બેટિંગ કરવાની ક્ષમતા છે અને ૧૪૦ કિમી પ્રતિ કલાકની રફતારથી બોલિંગ કરવાની પણ ક્ષમતા છે. તે ટેસ્ટ ટીમને પણ સુગમતા આપી શકે છે. જેનાથી દરેક સ્થિતિમાં સફળતા હાંસલ કરી શકાય છે. આ ભારતને પાંચ બોલરોની સાથે સંતુલિન આક્રમણની સાથે ઉતરવાનો મોકો આપશે પછી સ્થિતિ ગમે તેવી હોય.

ચેપલે કહ્યું કે, પંડ્યામાં ના માત્ર આ ભૂમિકા સફળતાપૂર્વક નિભાવવાનું કૌશલ છે પરંતુ, તે આંતરરાષ્ટ્રીય સ્તર પર નિરંતરતા પણ હાંસલ કરી શકે છે. જેનાથી તેનું મનોબળ વધ્યું છે. ભારતીય ટીમના સંદર્ભમાં તેમણે કહ્યું કે, ભારતને મહાન ટીમ બનાવવા માટે તેણે આકરી સ્થિતિ અને ઓસ્ટ્રેલિયા તથા દક્ષિણ આફ્રિકા જેવી પ્રતિસ્પર્ધી ટીમની સામે સારો દેખાવ કરવાની જરૂર છે. જો પંડ્યા પોતાની બોલિંગમાં સુમેળતા સાંધી, સફળ રહેશે તો તે પોતાના મજબૂત ક્રમની સાથે ભારતને વિદેશોમાં વધુ સફળતા હાંસલ કરવાની સંભાવના છે.

## મુરલીધરનથી ખૂબ જ ડર લાગતો હતો : વિરેન્દ્ર સેહવાગ

પૂર્વ બેટ્સમેન વીરેન્દ્ર સહેવાગ પોતાની વિસ્ફોટક બેટિંગ માટે ફેમસ હતો. ટેસ્ટ ક્રિકેટમાં સહેવાગ એકમાત્ર એવો ભારતીય ખેલાડી છે, જેને બે ત્રિપલ સેન્ચ્યુરી ફટકારી છે. વીરૂ એવો બેટ્સમેન હતો જે ૯૦, ૧૯૦ અને ૨૯૦ના સ્કોર પર હોવા છતાં પણ સિક્સ મારવાની હિમ્મત રાખતો હતો. સહેવાગે ઓપનિંગ બેટિંગને એક નવું રૂપ આપ્યું છે. પરંતુ શું તમને ખબર છે, મોટા-મોટા બોલરોની ધોલાઈ કરનાર સહેવાગ પણ કોઈ બોલરથી ડરતાં હતા. વીરૂએ એક ઈન્ટરવ્યૂ માં જણાવ્યું કે, તેમને શ્રીલંકાના પૂર્વ દિગ્ગજ સ્પિનર મુથૈયા મુરલીધરનથી ડર લાગતો હતો. સહેવાગે જણાવ્યું કે, મુલીધરન વિરૂદ્ધ બેટિંગ કરવી ખુબ જ અઘરી હતી. એક ઈન્ટરવ્યૂમાં સહેવાગે કહ્યું કે, મને કોઈ બોલરથી ડર લાગ્યો નથી, પરંતુ મુરલીધરનની બોલિંગ અને તેમના મોઢાના હાવ-ભાવ ડર પેદા કરી દેતું હતું. મુરલીધરનના સ્પેશ્યલ બોલ (દૂસરા)ને રમવું ખુબ જ મુશ્કેલ હતો.

મંગળવારે ગુવાહાટીમાં થયેલ બીજી ટી-૨૦ મેચથી પહેલા સહેવાગે કહ્યું હતું કે, ભારત આ સીરીઝ ૩-૦થી જીતશે. જોકે હવે આવું હવે શક્ય નથી, કેમ કે ૮ વિકેટથી મેચ જીતીને ઓસ્ટ્રેલિયા હવે સીરીઝમાં ૧-૧ની બરાબરી પર આવી ગયું છે. આ પહેલા સહેવાગે તે પણ ખુલાસો કર્યો હતો કે, કેવી રીતે સૌરવ ગાંગુલીએ એમએસ ધોનીને પ્રમોટ કરવા માટે પોતાની બેટિંગ પોઝિશનનો ત્યાગ કર્યો હતો. સહેવાગે કહ્યું હતું કે, તે સમયે અમે બેટિંગમાં એક્સપેરિમેન્ટ કરી રહ્યાં હતા.

## ડીસા બેઠક...

પાના નં .૧ ચાલુ

આગળ ઉપર શું નિર્ણય લેવાય છે તે જોવાનું રહ્યું. ઈત્તર સમાજમાં બ્રાહ્મણ સમાજમાંથી શશીકાંત પંડયા અને કનુભાઈ વ્યાસ તેમજ પ્રજાપતિ સમાજમાંથી દિનેશભાઈ અનાવાડીયાનું નામ ચર્ચામાં છે. ઈત્તર સમાજના સુર મુજબ સ્થાનિકને પસંદ કરાય તો ભાજપની જીત સરળ રહે તેમ છે. એ સિવાય જિલ્લાનો રબારી સમાજ પણ પાર્ટી પાસે પ્રતિનિધિત્વ માંગે છે ત્યારે પાર્ટી રબારી સામે રબારીની વ્યૂહરચના પણ અપનાવી શકે છે. જેમાં માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ રબારીનું નામ મોખરે છે જ્યારે મહિલા ઉમેદવારની પસંદગી કરાય તો રાજુલબેન દેસાઈ પણ દાવેદાર છે. સામા પક્ષે કોંગ્રેસમાં ગોવાભાઈ રબારી સિવાય કોઈ વિકલ્પ દેખાતો નથી. છેલ્લી ૨૦૧૨ ની વિધાનસભાની ચૂંટણીમાં દિયોદર બેઠકમાં હારનો સામનો કરનાર ગોવાભાઈ રબારીએ છેલ્લા પાંચ - સાત વર્ષથી ડીસા તાલુકાના ગામે - ગામ ખૂંદી સારી લોકચાહના મેળવી છે જેથી ૨૦૧૪ ની પેટાચૂંટણીમાં તેમનો વિજય થયો હતો ત્યારે તેમના જેવા લોકપ્રિય ઉમેદવારને હંફાવવા ભાજપ મોવડી મંડળ પ્રદેશકક્ષાના કોઈ કદાવર નેતાને ચૂંટણીના રણ મેદાનમાં ઉતારવાની રણનીતિ પણ ઘડી રહ્યું છે ત્યારે ડીસા બેઠક ઉપર ભાજપના ઉમેદવારને લઈ રહસ્ય ઘુંટાઈ રહ્યું છે. જેને લઈને ઉત્તજેના સાથે ઉત્સુકતા છવાઈ છે.

## ચૂંટણી પંચ દ્વારા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

કાયદો વ્યવસ્થા જળવાય તે હેતુથી વધારાનો પોલીસ ફોર્સ, સી.સી.ટીવી સર્વેલન્સ, વિડીયો રેકોર્ડીંગ ટીમો, વેળકાપરીંઝ, જેવી બાબતોને આવરી લેવામાં આવી છે. ત્યારે સુત્રો દ્વારા મળતી મુજબનું વર્ષ ૨૦૧૭ ની આ વખતની વિધાનસભાની ચૂંટણીઓ વર્તમાન સ્થિતિને જોવા અને મનાઈ રહ્યુ છે કે આ વખતે અંદાજીત ૨૦ ટકાથી વધુ મતદાન મથકો અતિ સંવેદનશીલ અને સંવેદનશીલ જાહેર થઈ શકે છે જેને જોવા અત્યારથી જ ચૂંટણી પંચે આગોતરૂ આયોજન કરી તમામ જિલ્લા પોલીસ વડા ઓને જરૂરી સુચનો અને માર્ગદર્શન આપ્યુ છે. તો બીજી તરફ એમ પણ મનાઈ રહ્યુ છે કે આજે આયોજીત આ વિડીયો કોન્ફરન્સ દરમિયાન મતદાર યાદી અંગે પણ ચૂંટણી પંચે વિશેષ તકેદારી રાખી છે. ત્યારે બી.એલ.ઓ. દ્વારા મતદાર યાદી ચકાસણીનો રીપોર્ટ આજ સાંજ સુધીમાં તૈયાર કરી કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ રજુ કરવામાં આવશે તેમ જાણવા મળ્યુ છે.

## હવે ઉમેદવારોની...

અનુસંધાન ૩ નુ ચાલુ..

કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, મોહનસિંહ રાઠવા, શૈલેષ પરમાર સહિતના સ્થાનિક નેતાઓએ બેઠક યોજી હતી.

સ્ક્રીનીંગ કમીટીના પદાધિકારીઓ અને પ્રદેશ ઈલેકશન કમીટીના હોદ્દેદારો ભેગા મળી ઉમેદવારોના નામોને આખરી ઓપ આપી તે યાદી કેન્દ્રીય ચૂંટણી સમિતિને આખરી મંજૂરીની મ્હોર માટે મોકલી આપે તેવી શકયતા છે. જો કે, રાજયની તાજેતરની પરિસ્થિતિ અને પ્રવર્તતા માહોલને લઇ કોંગ્રેસે તેના ઉમેદવારોની યાદીને લઇ થોભો ને રાહ જુઓની રણનીતિ અપનાવી છે. ભાજપ દ્વારા તેના ઉમેદવારોના નામો જાહેર થાય ત્યારબાદ કોંગ્રેસ પોતાના ઉમેદવારો જાહેર કરે તેવી પણ શકયતા સેવાઇ રહી છે. કોંગ્રેસ આ વખતે તેની તરફેણમાં ઉભા થયેલા લોકજુવાળને લઇ કોઇપણ બાબતમાં કચાશ રાખવા માંગતી નથી.

## ધાનેરાના નેનાવા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તથા ટ્રક ગાડીના ચાલક સુખપાલસીંગ વિરસીંગ દર્શનસીંગ શીખ (મજબી) રહે. બલુઆણા ઢાકરસીંગ ઢાણી, તા. અબોહર, જી.ફાજીલકા (પંજાબ) તથા ધ્યાનસીંગ જરનાયલસીંગ ભાંણસીંગ શીખ (જાટ), રહે. અબોહર શહિદ ભગતસિંહનગર, તા. અબોહર, જી. ફાજીલકા (પંજાબ) વાળાઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## આધાર કાર્ડને...

અનુસંધાન ૩ નુ ચાલુ..

પરંતુ હવે આ સમય મર્યાદા વધારીને ૩૧મી માર્ચ કરી દેવામાં આવી છે. મોબાઈલ અને બેંક એકાઉન્ટને આધાર સાથે જોડવાની બાબતને ફરજિયાત કરી દેવામાં આવી છે. મોબાઈલ અને એકાઉન્ટને આધાર સાથે જોડવાને ફરજિયાત કરવા અને તેની બંધારણીય કાયદેસરતાને પડકાર ફેંકીને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. અરજી કરનારને આધારને બેંક એકાઉન્ટ અને મોબાઈલ સાથે લિંક કરવાની બાબતને ગેરકાયદે ગણાવી હતી અને કહ્યું હતું કે, આધાર કાર્ડને બેંક એકાઉન્ટ સાથે નહીં જોડવા પર નાગરિક પીએમએલએ હેઠળ અભિયોજન માટે ઉત્તરદાયી થઇ જશે. કેકે વેણુગોપાલે સુપ્રીમ કોર્ટમાં તર્કદાર દલીલો કરી હતી અને કહ્યું હતું કે, બેંક એકાઉન્ટ અને આધાર કાર્ડ લિંકિંગ પર તેઓ કેન્દ્ર સરકારના નિર્દેશ લીધા બાદ સોમવારના દિવસે વધુ રજૂઆત કરશે. સામાજિક સેવાઓ માટે નવી સમય મર્યાદા એટલા માટે વધારવામાં આવી છે કે, લોકોને કોઇપણ નુકસાન ન થાય. સાથે સાથે તેમના સામાજિક લાભ રોકાય નહીં. સુપ્રીમ કોર્ટમાં આધારને ફરજિયાત કરવા પર સુનાવણી ચાલી રહી છે.

## વિધાનસભા ચૂંટણી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

દાહોદ - ૦૬ ભાજપ - કોંગ્રેસ બરોબર - ૦૩ - ૦૩, આણંદ ની ૭ બેઠકોમાં કોંગ્રેસ - ૦૪ ભાજપ - ૨ એનસીપી - ૦૧ નર્મદા - ૦૨ માં ભાજપ - બંને બેઠક મેળવી હતી. નવસારી - ૦૪ બેઠકોમાં ભાજપ - ૦૩ કોંગ્રેસ - ૦૧ આમ વિધાનસભા - ૨૦૧૨ ની ચૂંટણીમાં ૧૮૨ બેઠકોમાં ભાજપ - ૧૧૫ - કોંગ્રેસ - ૬૧ જીપીપી એનસીપી - ૨ + ૨ જનતાદળ યુ અપક્ષ ૧ + ૧ બેઠક મેળવવામાં સફળ થયા હતા.

વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણી જાહેર થઈ ચૂકી છે. ૪.૩૩ કરોડ મતદારો વીવી પેરથી બે તબક્કામાં મતદાન કરશે જેમાં પહેલા તબક્કામાં કચ્છ- સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત બીજા તબક્કામાં મધ્ય - ઉત્તર ગુ- જરાત પ્રથમ તબક્કામાં ૮૯ બેઠક માટે આગામી તા.૧૪/૧૧/૨૦૧૭ અને બીજા તબક્કામાં ૯૩ બેઠકો માટે તા.૨૦/૧૧/૨૦૧૭ થી ઉમેદવારી પત્રો ભરાશે. ગત વિધાનસભા ચૂંટણીમાં દક્ષિણ ગુજરાત - સૌરાષ્ટ્રની ખોટ પૂરી કરવા ભાજપ ભારે મથામણ કરશે તો નોટબંધી જીએસટી અનામત જેવા મુદા ઉછાળી કોંગ્રેસ તો શંકરસિંહની ગાડી ક્યાં કેવી રહે છે. તેની તરફ પણ નજર છે. ભાજપ - કોંગ્રેસમાં ઉમેદવારોની પસંદગીમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ હાલ જોવા મળે છે. છેલ્લી ઘડી સુધી ગોપનીયતા ભરી સ્થિતિ જળવાઈ રહે તે માટે બંન્ને પક્ષોની સક્રિયતા વધુ છે. ચૂંટણી જાહેર થતાં આચાર સંહીતા લાગુ પડી છે પણ કોના માટે ? તે સ્થાનિક ને અન્ય લોકોને જ ખબર પડે બાકી ચૂંટણી આચાર સંહીતા છે એટલે વધુ બોલવું લખવું નહી... ફરી કંઈક ચૂંટણીલક્ષી તમારી ચૂંટણી ઈન્તજારી જેવી લઈને મળીશું.

## નવા વર્ષના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

કેન્દ્રો શરૂ કરવાના હોવા છતા લાભપાંચમથી માત્ર બે-ચાર જગ્યાએ જ ખરીદી કેન્દ્રો શરૂ થયા હતા.મગફળી ની સૌથી વધુ આવક ડીસા માર્કેટ યાર્ડ માં હોવા છતાં ડીશા માર્કેટમાં મગફળીનું ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર શરૃ થયું ન હતું .ખેડૂતો પણ ક્યારે ટેકાના ભાવે ખરીદી શરૂ થાય તેની રાહ જોઈ રહ્યા છે.

આ અંગે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને બનાસ ડેરીના વાઇસ ચેરમેન માવજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતમાં કુલ ૩૪ જગ્યાએ ખરીદ કેન્દ્રો શરૂ કરવાના હોઈ પ્રથમ દિને આઠથી દસ જગ્યાએ ખરીદ કેન્દ્રો શરૂ થયા હતા ડીશા માર્કેટમાં પણ એકાદ-બે દિવસમાં ખરીદ કેન્દ્ર શરૃ કરવા ડીસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘને સૂચના અપાઇ છે.

# નરેન્દ્ર પટેલની ભાજપ સામેની ફરિયાદમાં તપાસ માટે હુકમો

અમદાવાદ

વિધાનસભાની ચૂંટણી ટાણે ભાજપ દ્વારા એક કરોડ રૂપિયામાં ખરીદવાના પ્રયાસનો પર્દાફાશ કરનાર મહેસાણાના પાટીદાર નેતા નરેન્દ્ર પટેલે ગાંધીનગર કોર્ટમાં ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી, પાસના પૂર્વ કન્વીનર અને તાજેતરમાં ભાજપમાં જોડાયેલા વરૂણ પટેલ, ભાજપના યુવા નેતા ઋત્વિજ પટેલ, ભાજપના પ્રદેશ પ્રવકતા ભરત પંડયા, મહેશ પટેલ અને રવિ પટેલ વિરૂધ્ધ દાખલ કરેલી ફરિયાદના કેસમાં કોર્ટે તપાસના આદેશો કર્યા છે. વધુમાં કોર્ટે ફરિયાદી નરેન્દ્ર પટેલને ઓડિયો રેકોર્ડિંગ, લાંચ પેટે અપાયેલા દસ લાખ રૂપિયા સહિતના જરૂરી પુરાવા તા.૩જી નવેમ્બરે રજૂ કરવા તાકીદ કરી છે. મહેસાણાના પાટીદાર નેતા નરેન્દ્ર પટેલે ગાંધીનગર કોર્ટ સમક્ષ કરેલી ફરિયાદમાં એવા આક્ષેપો કર્યા છે કે, ભાજપ દ્વારા તેમના પક્ષમાં મને જોડાઇ જવા માટે એક કરોડ રૂપિયાની ઓફર કરાઇ હતી. મને ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઇ વાઘાણીના ત્યાં લઇ જવાયો હતો, ત્યાંથી મને ગાંધીનગર કમલમ્ ખાતે ભાજપના કાર્યાલય ખાતે લઇ જવાયો હતો. જયાં જીતુ વાઘાણી, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિતના ભાજપના અન્ય નેતાઓ હાજર હતા. તેઓની સાથે મારી મુલાકાત કરાવાઇ હતી અને પછી મને અંદરના એક રૂમમાં લઇ જવાયો હતો. મારો એક કરોડ રૂપિયામાં સોદો કરાયો હતો. તે પેટે મને દસ લાખ રૂપિયા રોકડા આપવામાં આવ્યા હતા અને જણાવાયું હતું કે, આવતી-કાલે ભાજપનું ટાઉન હોલ કે ટાગોર હોલમાં સંમેલન છે અને ત્યાં તમારે ભાજપમાં જોડાઇ જવાનું છે. બાકીના રૂ.૯૦ લાખ તમને મળી જશે. આટલુ કહી પ્રેસ મીડિયાને બોલાવી મને ભાજપમાં જોડાઇ જવાનું બોલાવડાવ્યું હતું અને ધમકી આપી ભાજપનો ખેસ પહેરાવાયો હતો. ફરિયાદી નરેન્દ્ર પટેલ દ્વારા આરોપીઓ વિરૂધ્ધ કાયદાકીય જોગવાઇ હેઠળ સખત નશ્યત કરવા ફરિયાદમાં દાદ મંગાઇ છે. નરેન્દ્ર પટેલની આ ફરિયાદમાં કોર્ટે તપાસના આદેશો જારી કર્યા છે. સાથે સાથે ફરિયાદી નરેન્દ્ર પટેલને તા.૩જી નવેમ્બરે જરૂરી પુરાવા રજૂ કરવા તાકીદ કરી છે. આ ફરિયાદને પગલે ભાજપની મુશ્કેલીમાં ચોક્કસપણે વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે, નરેન્દ્ર પટેલે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, હું પાટીદાર સમાજનો વફાદાર સૈનિક છું. આ પૈસા લઉ તો મારા સમાજ સાથે મારી ગદ્દારી થાય અને મારો પાટ-ીદાર સમાજ લજવાય એટલે મેં આ પૈસાની ઓફર હુકરાવી ભાજપના કાળા કરતૂતોનો પર્દાફાશ કરવા અને જનતા સમક્ષ તેને ઉઘાડી પાડવા મીડિયા સમક્ષ પૈસા રજૂ કરી દીધા હતા. નરેન્દ્ર પટેલે પાસના અન્ય કન્વીનરો અને નેતાઓને મારી જાહેર અપીલ કરી હતી કે, ચૂંટણી ટાણે ભાજપની કરોડોની ઓફર, પૈસાની કે ટિકિટની લાલચમાં ના આવતા અને પાટીદાર સમાજ સાથે ગદ્દારી ના કરતા. આ પાટીદારોનો ઉપયોગ કરનારી પાર્ટી છે.

# બીજી વનડેમાં ભારતની ન્યુઝીલેન્ડ પર ભવ્ય જીત

પુણે

પુણેમાં રમાયેલી બીજી વનડે મેચમાં વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે પ્રવાસી ન્યુઝીલેન્ડ ઉપર છ વિકેટે જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે નિર્ધારિત ૫૦ ઓવરમાં ૯ વિકેટે ૨૩૦ રન કર્યા હતા જેના જવાબમાં ભારતે ૪૬ ઓવરમાં ચાર વિકેટે ૨૩૨ રન બનાવીને આ મેચ જીતી લીધી હતી. ભારત તરફથી આ મેચમાં જીત મેળવવામાં દિનેશ કાર્તિક અને શિખર ધવનની ચાવીરુપ ભૂમિકા રહી હતી. કાર્તિકે અણનમ ૬૪ અને ધવને ૬૮ રન કર્યા હતા.

# જયપુરથી ભાગેલી સગીરાને રેલ્વે સ્ટેશનથી શોધી કઢાઇ

અમદાવાદ

જયપુરના પ્રતાપનગર પોલીસ મથક વિસ્તારમાં રહેતી એક સગીર બાળા અભ્યાસના ટેન્શનમાં તેના ઘેરથી ભાગી નીકળી હતી. આ અંગે જયપુર પોલીસ તરફથી મદદ માટે મળેલી સૂચનાના આધારે પશ્ચિમ રેલ્વેના પોલીસ અધિક્ષક પરિક્ષિતા રાઠોડના માર્ગદર્શન હેઠળ અમદાવાદ પોલીસ, રેલ્વે પોલીસ અને પશ્ચિમ રેલ્વેના કર્મચારીઓની વિવિધ ટીમો બનાવી ભારે જહેમત બાદ આખરે અમદાવાદ રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર-૭ પરથી સગીર બાળાને શોધી કાઢવામાં આવી હતી અને તેના માતા-પિતાને અહીં બોલાવી તેમને સગીરાનો હેમખેમ સહીસલામત કબ્જો સોંપાયો હતો. સગીરાના પરિવારજનોએ અમદાવાદ પોલીસનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો અને તેમને આશીર્વાદ આપ્યા હતા.આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, જયપુરના પ્રતાપનગર પોલીસમથક વિસ્તારમાં રહેતી એક સગીર બાળકી ત્રણ દિવસ પહેલા ગુમ થવા અંગે ત્યાં સ્થાનિક પોલીસમથકમાં ફરિયાદ નોંધાઇ હતી. જયપુર પોલીસ તરફથી અમદાવાદ પોલીસ પાસે આ પ્રકરણમાં જરૂરી મદદ અને તપાસ માટે અનુરોધ કરાયો હતો. જેના અનુસંધાનમાં પશ્ચિમ રેલ્વેના પોલીસ અધિક્ષક પરિક્ષિતા રાઠોડના માર્ગદર્શન હેઠળ અમદાવાદ પોલીસ, રેલ્વે પોલીસ અને પશ્ચિમ રેલ્વેના કર્મચારીઓની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી અને બાળકીના ફોટો વર્ણનના આધારે અમદાવાદ રેલ્વે સ્ટેશન તેમ જ તેની આસપાસના વિસ્તારમાં, ગેસ્ટહાઉસ, હોટલ વગેરે સહિતના સ્થળોએ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જો કે, કયાંય સગીરાનો પતો લાગ્યો ન હતો. દરમ્યાન રેલ્વે સ્ટેશન પર કરંટ ટિકિટ કાઉન્ટર પર તપાસ કરતાં આવી એક સગીર બાળકીએ ટિકિટ બારી પરથી મુંબઇ જવા માટેની ટિકિટ લીધી હોવાની હકીકત જાણવા મળી હતી.

# એક વર્ષ અગાઉ બનાવાયેલ પાર્કનુ લોકાર્પણ કરી દેવાયું

અમદાવાદ

અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા બહેરામપુરા વોર્ડમાં મ્યુનિસિપલ તંત્ર દ્વારા એક વર્ષ અગાઉ રૂપિયા એક કરોડના ખર્ચ સાથે તૈયાર કરવામા આવેલા પાર્કનુ લોકાર્પણ કરવા મામલે સત્તાવાળાઓ દ્વારા સમય ન ફાળવવામા આવતા લોકોએ જાતે જ આ પાર્કનુ ઉદઘાટન કરી નાંખ્યુ હતુ આ સમયે બંધ એવા પાર્કમાંથી દારૂની ખાલી બોટલો પણ મળી આવતા સ્થાનિક રહીશો દ્વારા શાસકોની બેદરકારી સામે ઉગ્ર રોષ ઠાલવવામા આવ્યો હતો.આ અંગેની વિગત એવી છે કે,શહેરના બહેરામપુરા વોર્ડમાંથી ભાજપની ટિકીટ ઉપર ચૂંટાઈને આવેલા અને છેક મેયર પદે બેઠેલા સ્વ.લાલજીભાઈ પરમારની યાદમાં બહેરામપુરા વોર્ડમાં તેમના જ નામે બનાવવામા આવેલા ઓડિટોરીયમની પાછળના ભાગમા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજથી એક વર્ષ અગાઉ રૂપિયા એક કરોડના ખર્ચ સાથે પાર્ક તૈયાર કરવામા આવ્યો હતો.એક વર્ષથી વધુના સમયથી આ પાર્ક તૈયાર થઈ ગયો હોવા છતાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બેઠેલા શાસકો દ્વારા આ પાર્કના લોકાર્પણ માટે સમય ફાળવવામા આવતો ન હતો.દરમિયાન આજે બપોરના બારના સુમારે સ્થાનિક રહીશો એકઠા થયા હતા જ્યાં તેમણે આ મામલે કોર્પોરેટર બદરૂદીન શેખ સમક્ષ રજુઆત કરતા તમામ એકઠા થઈ પાર્ક ખાતે પહોંચ્યા હતા.જ્યાં લોકોએ જ પાર્કનુ લોકાર્પણ કરી નાંખ્યુ હતુ દરમિયાન બંધ એવા પાર્કમાંથી દારૂની ખાલી બોટલો મળી આવતા રહીશોએ શાસકોની બેદરકારી સામે ઉગ્ર રોષ ઠાલવ્યો હતો.બીજી તરફ આ મામલે પૂર્વ વિપક્ષ નેતાનો સંપર્ક કરવામા આવતા તેમણે કહ્યુ કે,એક વર્ષ અગાઉ એક કરોડના ખર્ચથી તૈયાર કરવામા આવેલા આ પાર્કનુ નામ પૂર્વ કોર્પોરેટર અલ્લાબક્ષ શેખના નામ સાથે જોડવામા આવ્યુ છે.

# ખેલના મેદાનમાં

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

આ શ્રેણીમાં ભારતે ૩-૧ થી વિજય મેળવ્યો હતો. ભારતે સૌ પ્રથમ વાર આ શ્રેણી દ્વારા ટેસ્ટ સીરીઝ જીતવાની સૌ પ્રથમ ઘટના હતી જે વિદેશમાં રમાયેલ હોય.

ભારતીય ટીમે પાંચ વાર ત્રણ કે વધુ ટેસ્ટમેચોની સીરીઝમાં બધી મેચોમાં વિજય મેળવ્યો છે. જ્યારે આઠ વાર ભારત વિરૂદ્ધ બન્યું છે. બે વાર ભારતીય ટીમ પાંચ ટેસ્ટમેચોની શ્રૃંખલાની બધી જ મેચો હારી ગયેલ છે. જ્યારે ત્રણ વાર, ચાર ટેસ્ટમેચોની સીરીઝમાં બધી જ ટેસ્ટમેચોમાં પરાજય મેળવ્યો હતો. ત્રણ વાર ભારતે ત્રણ ટેસ્ટમેચોની શ્રેણીમાં હારનો સામનો કરવો પડેલો.

કમલેશ કંસારા

# એશિયા હોકી કપીમાં ભારતે જાપાનને ૫-૧થી હરાવ્યુ

ભારતે ૧૦મા એશિયા કપ હોકી ટૂર્નામેન્ટમાં પોતાની શાનદાર શરૂઆત કરી છે. વર્લ્ડ રેક્રિંગમાં છઠ્ઠા નંબર પર રહેલી ભારતીય ટીમે ૧૭ નંબરની જાપાનની ટીમને ૫-૧થી હાર આપી હતી. હવે ભારતનો બીજો મુકાબલો ૧૩ ઓક્ટોબરે યજમાન બાંગ્લાદેશ સામે થશે.

ઢાકામાં રમાઈ રહેલી એશિયા કપ હોકી ટૂર્નામેન્ટમાં ભારત તરફથી હરમનપ્રિત સિંહે ૨, એસવી સુનિલ, લલિત ઉપાધ્યાય અને રમનદીપ સિંહે ૧-૧ ગોલ ફટકાર્યા હતા. જ્યારે જાપાન તરફથી એકમાત્ર ગોલ કેનજી કિતાજાતોએ કર્યો હતો. રમતની શરૂઆતમાં ભારતીય ટીમે રમતની ત્રીજી મિનિટમાં જ સરસાઇ હાંસલ કરી લીધી હતી. એસવી સુનિલે ગોલ કરીને ખાતુ ખોલાવ્યું હતું. પરંતુ જાપાનના કિતાજાતાઓએ પણ પલટવાર કરતા ચોથી જ મિનિટમાં ગોલ કરીને જાપાનને બરાબરી અપાવી હતી. ત્યાર બાદ ૨૨મી મિનિટમં લલિત ઉપાધ્યાયે ભારતને ૨-૧ની સરસાઈ અપાવી હતી. બીજા ક્વાર્ટરમાં પણ બંને ટીમોએ જોરદાર રમત અપનાવી હતી. આ દરમિયાન ભારતને એક પેનલ્ટી કોર્નર મળ્યો હતો. હાફ ટાઈમ સુધી ભારતની સરસાઈ યથાવત કરી હતી.

ત્રીજા ક્વાર્ટરમાં ભારતને જોરદાર રમત અપનાવી હતી અને ૩૨મી મિનિટમાં રમન દીપે સરસાઈ ૩-૧ની કરી હતી. ૩૫મી મિનિટમાં હરમનપ્રિત સિંહે પેનલ્ટી કોર્નરને ગોલમાં તબદીલ કરી સ્કોર ૪-૧નો કરી દીધો હતો. છેલ્લા ક્વાર્ટરણાં હરમનપ્રિત સિંહે ૪૮મી મિનિટમાં મળેલા એક પેનલ્ટી કોર્નરને ગોલમાં બદલી ભારતને ૫-૧થી આગળ કરી દીધું હતું, જે નિર્ણયાક રહ્યું હતું.

# ISSF શૂટિંગ વર્લ્ડકપ : જીતૂ-હિનાએ ૧૦ મીટર એર પિસ્ટલમાં જીત્યો ગોલ્ડ

(જી.એન.એસ) ન્યુ દિલ્હી

ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોટ્ર્સ ફેડરેશનલ વર્લ્ડકપ ફાઈનલમાં ભારતે શાનદાર પ્રારંભ કર્યો છે. જીતૂ રાય અને હિના સિદ્ધૂએ ૧૦ મીટર એર પિસ્ટલની મિક્સડ ટીમ ઈવેન્ટમાં ભારતીય ટીમને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. શૂટિંગ વર્લ્ડકપ દિલ્હીની કર્ણી સિંહ શૂટિંગ રેન્જમાં ચાલી રહ્યો છે.

આ વર્લ્ડકપમાં કુલ ૨૫ ટીમો ભાગ લઈ રહી છે, જેમાં ૮ ટીમો મિક્સ ઈવેન્ટ ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટ અને ૧૦ મીટર એર પિસ્ટલ ઈવેન્ટની છે. ૯ ટીમો મિક્સડ ટીમ ટ્રેપ સ્પર્ધામાં ભાગ લેશે.

ભારતે ૨ ટીમો આ વર્લ્ડકપમાં ઉતારી છે. પિસ્ટલ સ્પર્ધામાં જીતૂ રાય અને હિના સિદ્ધુ તથા એર રાઈફલ સ્પર્ધામાં દીપક કુમાર અને મેઘના ભારતીય ટીમની જવાબદારી સંભળાશે.

# ઓસ્ટ્રેલિયા ક્રિકેટરે એક જ દાવમાં ૪૦ સિક્સરો ફટકારી...!

ઓસ્ટ્રેલિયામાં રમાયેલી એક મેચમાં જોશ ડનસ્ટન નામના બેટ્સમેને બોલરોનાં છોતરાં કાઢી નાખતી સ્ફોટક બેટિંગ કરીને ૪૦ સિક્સર ફટકારી હતી. આ દરમિયાન જોશે સંખ્યાબંધ રેકોર્ડ તોડ્યા. ઓસ્ટ્રેલિયાની ક્લબ ક્રિકેટ ટીમના બેટ્સમેનને રન દોડવાનો કંટાળો આવતો હતો તેથી તેણે આ તોફાની બેટિંગ કરી હતી

જોશે વેસ્ટ ઈન્ડિઝના મહાન ક્રિકેટર વિવિયન રિચાર્ડ્સના ૩૩ વર્ષ જૂના રેકોર્ડને તોડી નાંખ્યો હતો. સાઉથ ઓસ્ટ્રેલિયાની વેસ્ટ ઓગસ્ટા ગ્રેડ-બી માટે રમી રહેલા જોશ ડનસ્ટને સેન્ટ્રલ સ્ટર્લીંગ સામે ૩૫-૩૫ ઓવરની મેચમાં ૩૦૭ રન ફટકાર્યા જેમાં ૪૦ સિક્સર અને નવ બાઉન્ડ્રી ફટકારી. જોશની સ્કોર ૩૫૪ રન જ હતો.

જોશે ટીમના સ્કોરમાં ૮૬ ટકા યોગદાન આપ્યું હતું. આ રીતે તેણે રિચાર્ડ્સના ટીમના સ્કોરમાં સૌથી વધુ યોગદાન આપવાના રેકોર્ડને તોડી નાંખ્યો. ૧૯૮૪માં ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે વેસ્ટ ઈન્ડિઝે ૫૫ ઓવરમાં ૨૭૨ રન કર્યા ત્યારે રિચાર્ડ્સે તોફાની બેટિંગ કરતા ૧૮૯ રન નોંધાવી ટીમના કુલ સ્કોરમાં ૬૯.૪૮ ટકા યોગદાન આપ્યું હતું.

ડનસ્ટને કહ્યું હતું કે મેચની આગલી રાત્રે મેં મારા સાથી ખેલાડીઓ સાથે બીયર પીધી હતી તેથી સુસ્તી હતી. તેના કારણે હું હું દોડીને રન લેવા ઈચ્છતો ન હતો તેથી મેં સિક્સર ફટકારવાનું નક્કી કર્યું હતું. સાથે સાથે મેં નક્કી કર્યું હતું કે હું આઉટ થઈશ નહીં. મેદાનમાં આવ્યો ત્યારથી જ મારા મનમાં બોલને ફટકારવાનો જ વિચાર ચાલતો હતો.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૨૦૦-૪૦૫૦૦**
રૂપુ કાચું ૪૦૨૦૦-૪૦૫૦૦
સોનુ તોલો ૩૦૨૦૦-૩૦૫૦૦

**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૦૦**
પામોલીન ૯૯૦
સોયા રીફાઈન ૧૨૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી. ૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૪૭૦
સીગતેલ ૫ લી. ૪૭૫
તિરૂપતી કપા. ૧૨૦૦
૫ લીટર ૩૮૮
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦-૨૯૦૦
૫ કે. કોપરેલ૯૬૦
૫લી. અંકુર સીંગતેલ ૪૪૫
**૧૫ લીટર સનફલાય ૧૧૮૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭

**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૬૫૦૦
ગેટ વ. રોયલ ૫૫૦૦
ગેટવે રેગ્યુલર૫૦૦૦
ગેટવે રીઝાના૪૫૦૦
ગેટવે એવરેડી૪૦૦૦
ગેટવે ડેઈલી ૩૫૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
દુન તીબાર ૫ કી.૮૨૦૦
દુન તીબાર ૧ કી.૮૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૮૦૦
મગદાળ નર્મદા સુપર ૫૭૦૦
નર્મદા મગ મોગર ૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦
નર્મદા અડદદાળ ૭૦૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૧૧૦૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૭૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૩૦૦
દાવત ૬૦ મીની જુના ૩૫૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦

**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૦૮૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦

**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦

**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦

**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦

**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦

**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦

**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીબુ ૭૦૦-૮૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૭૦૦-૮૦૦
રીંગણ ૭૦૦-૮૦૦
ટામેટા ૪૬૦-૫૪૦
ભીંડા ૪૦૦-૫૦૦
કોબી ૫૦૦-૬૦૦
વટાણા ૧૧૦૦-૧૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૭૦૦-૮૦૦
તુરીયા ૨૦૦-૩૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ .....................................................
સરનામુ : ....................................................
મોકલનારની સહી : ........................................

## ખામીવાળાં EVMનાં ૧૬૫ બેલેટ-કંટ્રોલ યુનિટ બેંગલુરુ મોકલાયાં

મહેસાણા

મહેસાણા જિલ્લાની ૭ વિધાનસભા બેઠકની ચૂંટણી માટે આવેલા બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ અને વીવીપેટની પ્રથમ તબક્કાની ચકાસણી પૂર્ણ થઇ છે. જેમાં ખામીયુક્ત ૧૬૫ બેલેટ યુનિટ અને કંટ્રોલ યુનિટને બેંગલુરુ ખાતે સોમવારે પરત મોકલી આપવાની તજવીજ હાથ ધરાઇ હતી. જિલ્લાની ૭ વિધાનસભા બેઠકની ચૂંટણીમાં ઉપયોગમાં લેનારા બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ અને વીવીપેટની ટેકનિશિયનો અને સ્થાનિક અધિકારી- કર્મચારીઓ દ્વારા હાથ ધરાયેલી પ્રથમ તબક્કાની ચકાસણી તાજેતરમાં પૂર્ણ કરાઇ છે. જેમાં ૨૦૧ વીવીપેટ, ૬૦ બેલેટ યુનિટ અને ૧૦૫ કંટ્રોલ યુનિટના ડિસ્પ્લે, બટન સહિતના ભાગોમાં ખામી હોવાનું જાણવા મળ્યું હતું. જે પૈકી ૨૦૧ વીવીપેટને અગાઉ પરત કરી દેવાયા હતા. જ્યારે સોમવારે ૬૦ બેલેટ યુનિટ અને ૧૦૫ કંટ્રોલ યુનિટને સોમવારે બેંગલુરુ પરત મોકલી આપવાની તજવીજ હાથ ધરાઇ હતી.

## પાટણની રાણકીવાવ નિહાળવા વિદેશી પર્યટકોનો ઘસારો

પાટણ

દિવાળીના તહેવારોમાં વર્લ્ડ હેરિટેજ પાટણનાં રાણકીવાવને નીહાળવા માટે પર્યટકો ઉમટી પડતા રાણકીવાવ સંકૂલ પર્યટકોથી ઉભરાઈ ગયું હતું છેલ્લા ચાર - પાંચ દિવસમાં ભારતીય અને વિદેશી પ્રવાસીઓએ રાણકીવાવ અને સહસ્ત્રલિંગ તળાવની મુલાકાત લીધી હતી. ગત શનિવાર સુધીમાં ૧૮૦૦૦ ઉપરાંત ભારતીય અને વિદેશી પ્રવાસીઓએ રાણીની વાવને નિહાળી હતી આના કારણે પુરાતત્ત્વ - વિભાગને રૂા.૨.૮૩.૧૨૫ ની આવક થઈ હતી હજુ પણ પર્યટકોની આવ - જા ચાલુ રહેવા પામી છે.

## ભાજપ ત્રણ ચતૃર્થાંશથી ચૂંટણી જીતીને ગુજરાતનું સુકાન સંભાળશે : વિજય રૂપાણી

(જી.એન.એસ) ગાંધીનગર

ચૂંટણીની તારીખો જાહેર થતાં જ મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ ભાજપ બે તૃત્યાંશ નહીં પણ ત્રણ ચતુર્થાંશથી ચૂંટણી જીતીને ફરીથી ભાજપ ગુજરાતનું સુકાન સંભાળશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો. મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ સાથે જ તાજ હોટલના સીસીટીવી ફૂટેજને લઈને કોંગ્રેસ અને હાર્દિક પટેલ પર નિશાન સાધ્યું.

મહત્વનું છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજવામાં આવશે. ગુજરાતની કુલ ૧૮૨ બેઠકો પર ૯ અને ૧૪ ડિસેમ્બરે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે.

ભાજપની પક્કડ શહેરી બેઠકો પર મજબૂત છે

## ગુજરાતની ૮૭ શહેરી બેઠકો જીતવા માટે કોંગ્રેસે એક્શન પ્લાન તૈયાર કર્યો

(જી.એન.એસ) ન્યુ દિલ્હી

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો જંગ બરાબર જામવાનો છે. મુખ્ય હરિફ પક્ષો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય ટક્કર છે ત્યારે ગુજરાતમાં કોંગ્રેસ આ વખતે વધુ જોર કરવા માગે છે અને ખાસ કરીને જ્યાં કોંગ્રેસની હાલત નબળી છે તેવી શહેરી બેઠકો પર વધુ ફોકસ કરવાનો નિર્ણય લેવાયો છે અને તેના માટે અલગથી વ્યૂહરચના ઘડાઈ રહી છે.

કોંગ્રેસના વર્તુળોએ જણાવ્યું છે કે ગુજરાતની ૬૭ જેટલી અર્બન બેઠકો અને ૨૦ જેટલી સેમી અર્બન બેઠકો પર કોંગ્રેસનો દેખાવ નબળો રહ્યો છે અને ત્યાં કોંગ્રેસ વધુ ધ્યાન આપવા માગે છે અને તેના માટે એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનોને આકર્ષવા માટે કોંગ્રેસ ખાસ વ્યૂહરચના બનાવે છે. રાહુલ ગાંધી અને અન્ય કોંગ્રેસી નેતાઓ યુવા અને વિદ્યાર્થી મતદારોને આકર્ષવા માટે ૧૦૦ જેટલી વોર્ડલેવલ મિટિંગો કરશે અને આ તમામ શહેરી બેઠકોમાં માઈક્રો મેનેજમેન્ટ સાથે બુથની જાળવણી થશે.અત્યારે કોંગ્રેસ પાસે ૪૬ શહેરી બેઠકો પૈકીની માત્ર ૪ બેઠકો છે. જ્યારે ભાજપ પાસે ૪૨ શહેરી બેઠકો છે જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, ગાંધીનગર, વડોદરા અને ભાવનગરનો સમાવેશ થાય છે. ૨૦૧૨માં સુરતમાં ૧૬ શહેરી બેઠકોમાંથી ભાજપે ૧૫ મળી હતી. અમદાવાદમાં ૧૭ શહેરી બેઠકોમાંથી ભાજપ્રે ૧૫ મળી હતી. જ્યારે રાજકોટની ચાર શહેરી બેઠકોમાંથી તેને ૩ બેઠકો મળી હતી. જ્યારે ભાવનગરમાં બન્ને બેઠકો તેના હાથમાં આવી હતી.

કોંગ્રેસના એક નેતાએ એવી માહિતી આપી છે કે અમે આ માટે કેમ્પેઈનનું મટીરીયલ તૈયાર કર્યું છે જે કોલેજોમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં આપવામાં આવશે અને વિદ્યાર્થીઓ તથા યુવાનોને માહિતગાર કરવામાં આવશે. તાજેતરમાં જ યોજાયેલી ૫૬ જેટલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ભાજપ્રા હાથમાં ૪૦ સંસ્થાઓ આવી હતી માટે હવે કોંગ્રેસ યુવા મતદારો તરફ વધુ ધ્યાન આપશે અને તેના માટે મટિરીયલ તૈયાર છે.

## નર્મદા પેટા કેનાલમાં પાણી ન છોડાતા ખેડૂતોને રવિ પાકનું વાવેતર કરવુ મુશ્કેલ

વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ સાંભળતું નથી

ચાણસ્મા

ચાણસ્મા - બેચરાજી - સમી - હારિજ - રાધનપુર - સાંતલપુર - સહિતના વિસ્તારોમાં નર્મદાની મુખ્ય કેનાલમાં પાણીનું લેવલ ન હોવાના કારણે હજુ સુધી પેટા કેનાલોમાં પાણી ન પહોંચતા આ વિસ્તારના ખેડૂતોમાં રવિપાકના વાવેતર માટે મુશ્કેલી સર્જાઈ છે. અને તેની રજૂઆત કરવા ચાણસ્મા ખાતેની કચેરીમાં છેલ્લા એક સપ્તાહથી આ વિસ્તારના ખેડૂતો ચક્કર કાપી રહ્યા છે તેમ છતાં અધિકારીઓની આડોડાઈના કારણે આ વિસ્તારનો ખેડૂત તંત્ર પ્રત્યે લાલચોળ છે અને તેનું યોગ્ય પરિણામ બે દિવસમાં ના આવે તો આ વિસ્તારના ખેડૂતો ચાણસ્માની કચેરીએ કાર્યક્રમ આપી વિરોધ પ્રદર્શિત કરવાનું વિચારી રહ્યા છે.

સમગ્ર પાટણ અને મહેસાણા જિલ્લામાં પાતાળકુવા આધારિત સિંચાઈની વ્યવસ્થા છે જે આર્થિક દ્રષ્ટિએ ખેડૂતોને પોષાતી નથી જેને ધ્યાનમાં રાખી આજથી ૧૫ વર્ષ પહેલા આ વિસ્તારમાં નર્મદાની મુખ્ય કેનાલનું નિર્માણ કરાયું હતું પરંતુ હલકી ગુણવત્તાના કારણે કેનાલ વારંવાર તૂટી જતાં વહીવટી તંત્ર સામે ભ્રષ્ટાચારના અનેક આક્ષેપો થઈ ચૂક્યા છે. કેનોલોમાં ભંગાણ પડતા તેની મરામત માટે માત્ર માટી નાંખીને તંત્ર કામ પુરું કરવાનો સંતોષ માને છે જેથી વારંવાર કેનાલ તૂટી જાય છે બીજીબાજુ અંડરલાઈન પોટાકેનાલનું કામ હજુ સુધી પૂર્ણ થયેલ નથી અને જ્યાં પૂર્ણ થયેલ છે તે જગ્યાએ પણ પાણી ન મળવાની ચારેબાજુ ખેડૂતોની બૂમો ઉઠી છે. પેટા કેનાલમાંથી પાણી ખેંચવા ગૃપ બનાવીને મશીનો અપાયા છે. પરંતુ જેમાં કેનાલમાં પાણી ન હોય તો મશીન આપવાની સગવડ નાકામિયાલ પૂરવાર થઈ રહી છે.

હવે રવિ પાકો જેવા કે રાયડો, એરંડા, કપાસ, રજકો, મેથી, ઘઉં સહિતના પાકોના વાવેતર માટે સિઝન શરૂ થઈ ચૂકી છે. પરંતુ હજુ સુધી પેટાકેનાલોમાં પાણી ન છોડવાના કારણે આ વિસ્તારમાં ચારેબાજુથી ખેડૂતોમાં રોષ ફાટી નીકળ્યો છે કેનાલોના રિપેરિંગ માટે તેમજ પાણી છોડવા જિલ્લાભરના ખેડૂતો ચાણસ્માની મુખ્ય કચેરીએ છેલ્લા એક સપ્તાહથી રજૂઆત કરવા જાય છે. પરંતુ કચેરીમાં કોઈ અધિકૃત અધિકારીની હાજરી ન હોઈ ખેડૂતો નિસાસા નાખી પરત ફરે છે. જ્યારે જરૂર ન હોય ત્યારે કેનાલ અને નદીઓમાં પાણી



**ચૂંટણી નજીક આવતાં રાજયના નાયબ મુખ્યમંત્રીએ તા.૯ ઓકટોબરથી પાણી છોડવાની જાહેરાત કરી હતી. પરંતુ તે જાહેરાત માત્ર કાગળ ઉપર હોય તેમ જણાય છે અને આજદિન સુધી પેટાકેનાલ અને આ વિસ્તારમાંથી પસાર થતી નદીઓમાં પાણી છોડવામાં આવ્યું નથી જેના પરિણામે આગામી ચૂંટણીમાં આ વિસ્તારના ખેડૂતો સરકાર સામે બાંયો ચડાવી વધુ ઉગ્ર લડત આપશે.**

**બહુચરાજી તાલુકાના કાલરી ગામ પાસેથી પસાર થતી કાલરી - પ્રતાપગઢ માઈનોર કેનાલ નંબર - ૮ માં બબ્બે વર્ષથી પાણી છોડવામાં નહી આવતા કાલરી અને ગણેશપુરાના ગ્રામજનો રોષે ભરાયા છે. આ અંગે બંન્ને ગ્રામજનોએ કેનાલમાં પાણી છોડવામાં ન આવે તો તેમજ ગામ તળાવ અને સીમતળાવમાં નર્મદાનું પાણી નાખવામાં નહી આવે તો આગામી વિધાનસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારાઈ છે અને જ્યાં સુધી પાણી છોડવામાં ના આવે ત્યાં સુધી રાજકીય પાર્ટીઓને પ્રચાર માટે ગામમાં પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે.**

છોડાય છે. અને જ્યારે પાણીની જરૂર પડે છે ત્યારે ઠાગાઠૈયા કરવામાં આવે છે. ખેડૂતોએ કચેરી સમક્ષ લેખિત રજૂઆત કરી છે.

પરંતુ નર્મદા વિભાગ ખેડૂતોના આ પ્રશ્નને ગંભીર રીતે ન લેતાં આ વિસ્તારના ખેડૂતો ચાણસ્મા કચેરીએ ભૂખ હડતાલ તેમજ તાળાબંધીનો કાર્યક્રમ રાખવા વિચારી રહ્યા છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ગાંધીનગર દ્વારા

## શ્રી વલ્લભભટ્ટની વાવ માટે રૂ.૩.૫૦ કરોડની ફાળવણી

(હિં.સ.) મહેસાણા

મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બેચરાજી ખાતે આવેલ પ્રાચીન વલ્લભભટ્ટની વાવના વિકાસ માટે વિકાસ બોર્ડ દ્વારા રૂ.૩૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. વલ્લભભટ્ટની વાવમાં વિવિધ સુવિધાઓ થાય તે માટે વિકાસ કામોનું ખાતમુર્હુત જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી વલ્લભભટ્ટની વાવના વિકાસ કામોના ભૂમિપૂજનમાં ઉપસ્થિત શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે રાજયના યાત્રાધામોમાં પ્રવાસીઓને સુખ અને સુવિધા મળી રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.પાટણમાં વચ્છરાજદાદાના મંદિરના વિકાસ માટે રૂ.૦૩ કરોડ,તરભ શ્રી વાળીનાથ મંદિરના વિકાસ માટે રૂ.૨.૫૦ કરોડ,પાવાગઢ મંદિરમાં વિકાસના રૂ.૯૪ કરોડના કામો થઇ રહ્યા છેઆ ઉપરાંત બીજા સુવિધાના કામ માટે રૂ.૬૦ કરોડ તાજેતરમાં આપ્યા છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે રાજયમાં આ ઉપરાંત પવિત્ર યાત્રાધામોમાં ૨૪ કલાક સ્વચ્છતા રહે તે માટે કામ થઇ રહ્યું છે.મંત્રીશ્રીએ બેચરાજી મંદિરના વિકાસના રૂ.૧૪ લાખ ના કામોની જાહેરાત કરી હતી.જેમાં સ્વચ્છતા માટે રૂ.૦૫ લાખનું ટ્રેક્ટર,દિવ્યાંગ અને વૃધ્ધજનો માટે ૦૫ વ્હીલચેર,રૂ.૧,૪૦,૦૦૦ની ઈ-રીક્ષા,રૂ,૦૧ લાખના ખર્ચે ૦૨ વોટવોટર કુલર, સ્વચ્છતાની જાળવણી માટે રૂ.૫૦ હજારના ખર્ચે બેચરાજીમાં ૧૦૦ ડસ્ટબીન, રૂ.૦૬ લાખના વોટર એ.ટી. એમના બે મશીનોની ભેટ આપી હતી.

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, મંદિર પરિસરમાં સ્વચ્છતા જરૂરી છે. યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સ્વચ્છતા માટે ખાસ આયોજન કરાયું છે. આ ઉપરાંત રાજયમાં ૩૩૮ દેવસ્થાનો પર સોલર રૂફ ટોપ લગાવવાનું આયોજન થઇ રહ્યું છે.

ધારાસભ્યશ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે ધર્મ એ તમામ પુરૂષાર્થનો આધાર છે.ધાર્મિક સંસ્થાઓ થકી ધર્મ ટકી રહે છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં સંસ્કૃતિ અને ધર્મનું જતન કરવાનું કામ થઇ રહ્યું છે.બેચરાજી મંદિરના અને વલ્લભભટ્ટની વાવના વિકાસ માટે સરકારે પ્રતિબધ્ધતા દર્શાવી છે. કાર્યક્રમમાં પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ઉપાધ્યક્ષ રાજુભાઇ ધ્રુવ, અધિકારી કિરીટભાઇ અધ્યર્વ્યુ, ટેમ્પલ ટ્રસ્ટ્રના ટ્રસ્ટીઓ ,ભાવિક ભક્તો, ગ્રામજનો, સરપંચશ્રી દેવાંગ પંડ્યા સહિત પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિરહ્યા હતા.

## માતૃતીર્થ, સિદ્ધપુર ખાતે પૂ.ભાઈશ્રીની નિશ્રામાં શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનો પ્રારંભ



સિધ્ધપુર

જાણીતા કથાકાર, પૂજ્ય રમેશભાઈ ઓઝા(પૂ.ભાઈશ્રી)એ માતૃતીર્થ, સિદ્ધપુર ખાતે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનો પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે જે આપતી જ રહે છે, એ મા છે. જે ક્યારેય થાકતી નથી એ મા છે. માતા હંમેશા આશીર્વાદ આપતી રહે છે. એકવાર એક પુત્રએ તેની માતાને પૂછ્યું કે મા હોલીડે એટલે શું? ત્યારે માતાએ કહ્યું કે બેટા મને રજા એ શું કહેવાય એ ખબર નથી. માતા સતત પોતાના સંતાનો માટે કાર્ય કરે છે, ક્યારેય થાકતી નથી.

પૂજ્ય રમેશભાઈ ઓઝાએ વ્યાસપીઠ ખાતેથી જણાવ્યું હતું કે ભારતીય સાંસ્કૃતિક વિરાસતનો મજબૂત પાયો એટલે અર્પણ, તર્પણ અને સમર્પણ છે. સમાજ માટે થયેલો ત્યાગ એ અર્પણ છે. પિતૃઓ માટે થયેલો ત્યાગ એ તર્પણ છે અને દેવ માટે કરવામાં આવેલો ત્યાગ એ સમર્પણ છે. આપણે ત્યાગનું ખૂબ જ મહત્ત્વ છે. જે ત્યાગ કરે છે, તેને અમૃતની પ્રાપ્તિ થાય છે. આ અમૃત એટલે આનંદ અને શાંતિ. જે વ્યક્તિ ત્યાગ કરી દે છે, પછી તે દુરાગ્રહ, દુર્ગુણ કે પદ, પ્રતિષ્ઠા હોય તેનો ત્યાગ કરી દે પછી તેને શાંતિની પ્રાપ્તિ થતી હોય છે.

શ્રીલોહાણા મહાપરિષદના પ્રમુખ પ્રવીણભાઈ કોટકે જણાવ્યું કે આ સમગ્ર કથાનું આયોજન શ્રીલોહાણા મહાપરિષદ દ્વારા સમગ્ર દેશની માતાના કલ્યાણ અર્થે તથા દિવંગત માતાઓના સ્મરણાર્થે અને હયાત માતાઓના શ્રેયાર્થે કરવામાં આવી રહ્યું છે. પ્રસિદ્ધ માતૃતીર્થ, સિદ્ધપુર ક્ષેત્રનું વર્ણ શ્રીમદ્ ભાગવતમાં પણ છે ત્યારે ભગવાન કપિલ મુનિ અને માતૃશક્તિરૂપે મા દેવહૂતિની સંવેદના અને માની મહત્તા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના માધ્યમથી પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના શ્રીમુખે ચરિતાર્થ થશે. અહીં વિશેષરૂપે નિર્મિત માતૃમંદિર, યજ્ઞશાળા તથા અન્ય પ્રકલ્પો પણ ધન્યતાનો અનુભવ કરાવશે. જ્યારે માતૃવંદનાની સાથે વિશેષ રૂપે નિર્મિત આરોગ્ય મંદિરમાં તમામ દિવસો દરમિયાન રક્તદાન માટેનું અભિયાન ચલાવીને વધુમાં વધુ લોકોને રક્તદાન કરવા માટે પ્રોત્સાહિત કરવા અને રક્તની વધુમાં વધુ બોટલ એકત્ર કરવા માટે સંકલ્પ કરવામાં આવ્યો છે. માતૃસંસ્થા શ્રીલોહાણા મહાપરિષદની સમગ્ર ટીમ, પર્યાવરણ સમિતિ, સ્થાનિક નગરપાલિકાના સહયોગથી વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સૌ લોકોને સાથે જોડીને સ્વચ્છ અને હરિયાળા સિદ્ધપુર માટે પણ સવિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

પ્રથમ દિવસે પ્રવીણભાઈ કોટક, બળવંતસિંહ રાજપૂત, ચિંતક વક્તા ભાગ્યેશભાઈ જહાં, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન રૂપાણી, ધારાસભ્ય નિમાબેન આચાર્ય સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

જ્યારે શ્રીલોહાણા મહાપરિષદ - પર્યાવરણ સમિતિના ચેરમેન કિરીટભાઈ ભીમાણી દ્વારા જણાવાયું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન રૂપાણી, ધારાસભ્ય નિમાબેન આચાર્ય સહિત પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણ પણ થયું હતું.

સાથે જ દરરોજ ચિંતક વક્તાઓ દ્વારા પણ માતાનું મહત્ત્વ સમજાવવામાં આવશે. ગુરુવારે ચિંતક વક્તા તરીકે ડો.શરદ ઠાકર ઉપસ્થિત રહેશે. આ સમગ્ર કથાનું સંસ્કાર ચેનલ ઉપરથી જીવંત પ્રસારણ પણ કરવામાં આવી રહ્યું છે.

## રાધનપુર તાલુકાના દેવ માં હિમજા માતાજીને લાભપાંચમનો શૃંગાર



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના દેવ ગામે ૬૦૦ વર્ષથી વધુ પૌરાણિક હિમજા માતાજીના મંદિરમાં માતાજીને લાભપાંચમે મનોરમ્ય શૃંગાર કરવામાં આવ્યો હતો, દેવ ગામ ઉપરાંત આજુ-બાજુના ગામોના ભાવિકજનોએ માતાજીના દર્શનનો લાભ લઈને લાભપાંચમે ધન્યતાઅનુભવી હતી,

કેટલાક વેપારીઓએ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવીને પોતાના ધંધાની શરૂઆત કરી હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **થરા** | મગ | ૬૮૧-૧૨૭૬ |
| જીરૂ | ૨૪૮૦-૩૫૦૧ | અડદ | ૭૦૦-૮૮૧ |
| એરંડા | ૮૫૧-૮૬૨ | ગવાર | ૬૬૧-૬૭૧ |
| રાયડો | ૬૪૦-૬૫૧ | ચોળા | ૪૮૧-૪૯૦ |
| ગવાર | ૬૩૧-૬૭૧ | ઘઉં | ૩૧૦-૩૫૮ |
| ઘઉં | ૩૦૨-૩૩૧ | બાજરી | ૧૭૧-૨૭૬ |
| બાજરી | ૨૩૧-૨૬૧ | જવ | ૨૭૦ |
| તલ | ૧૧૮૦-૧૩૧૧ | કપાસ | ૮૮૨-૯૫૧ |
| અડદ | ૬૭૧-૭૩૧ | | **ધાનેરા** |
| રજકો | ૧૬૨૧-૨૮૦૦ | ઘઉં | ૨૭૭-૨૮૭ |
| | **પાટણ** | બાજરી | ૨૨૫-૨૭૦ |
| જીરૂ | ૨૬૦૦-૩૪૩૧ | જુવાર | ૩૦૧ |
| વરી. | ૭૦૦-૯૬૧ | મગ | ૭૩૬-૮૮૨ |
| મેથી | ૩૫૦-૪૬૦ | ચોળા | ૫૭૮-૧૦૫૨ |
| સુવા | ૬૦૦-૮૩૫ | ગવાર | ૫૮૦-૬૬૮ |
| રાયડો | ૬૦૦-૬૫૮ | બીજડા | ૯૬૬-૧૧૦૦ |
| એરંડા | ૮૪૦-૮૭૦ | મગફળી | ૬૧૧-૮૬૮ |
| તલ | ૯૧૧-૧૩૭૦ | રાયડો | ૬૧૦-૬૬૨ |
| અજમો | ૪૦૦-૬૫૦ | એરંડા | ૮૪૦-૮૬૩ |
| ઘઉં | ૩૧૪-૩૬૫ | ઈસ. | ૧૮૧૬-૧૯૩૧ |
| બાજરી | ૨૧૧-૨૩૮ | જીરૂ | ૨૯૯૫-૩૩૫૧ |
| બંટી | ૩૧૭-૩૩૬ | તલ | ૧૦૬૦-૧૩૯૩ |
| મગ | ૫૩૧-૮૫૨ | સુવા | ૭૦૦-૭૯૦ |
| અડદ | ૭૦૦-૯૩૧ | વરી. | ૮૨૩ |
| ગવાર | ૬૨૫-૬૭૫ | રાજગરો | ૭૦૧-૭૬૫ |
| | **સિદ્ધપુર** | અજમો | ૭૦૦-૮૦૦ |
| રાયડો | ૬૧૩-૬૫૫ | રજકો | ૧૯૦૦-૨૫૯૧ |
| એરંડા | ૮૨૨-૮૭૫ | અન્ય | ૬૫૦-૮૯૯ |

## રાધનપુરમાં રૂ.૫૦ લાખના ખર્ચે તૈયાર થનાર સી.સી.રોડનું ખાતમુહૂર્ત કરાયું

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેરમાં નગર પાલિકા દ્વારા વિકાસકાર્યોની જાણે કે વણઝાર લગાવવામાં આવી છે.શહેરના મોટાભાગના વિસ્તારો આજ વિકાસ કાર્યોથી ધમધમી રહ્યા છે, શહેરના ૯૫ ટકા વિસ્તારોમાં પાકા રસ્તા બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહીછે. લાભપાંચમના દિવસે રૂ.૩૦ લાખના ખર્ચે હરેકૃષ્ણ સોસાયટી અને રૂ.૨૦ લાખના ખર્ચે રામનગર વિસ્તારમાં તૈયાર થનાર સી.સી.રસ્તાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જયારે શહેરના રેલવે સ્ટેશન બાજુ નાગપુર વિસ્તારમાં પાણીનો બોર એક વર્ષ પહેલાતૈયાર કરવામાં આવ્યો હતો,તેનું પાણી આ વિસ્તારના લોકોને મળે તે માટે એક લાખ લીટરની ટાંકી (સંપ) અને પાઈપલાઈનની કામગીરીનો પણ શુભારંભ કરવામાં આવ્યો હતો, જયારે વર્ષોથી પાણી માટે તરસતા ગંગેશ્વર વિસ્તારના લોકોને પીવાનું પાણી મળીરહે તે માટે ટાંકી અને સંપ બનાવવા માટે વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યા છે,પાલિકાના પ્રમુખ જુગલદાસ ગરો, ઉપપ્રમુખ અરવિંદભાઈ તન્ના, પાલિકાના કારોબારી ચેરમેન ડો.દેવજીભાઈ પટેલ, ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન અંકુરભાઈ જોશી, બાંધકામ કમિટીના ચેરમેન શંકરભાઈ ઠાકોર સહીત તમામ અગ્રણીઓની જહેમતથી શહેરના લગભગ તમામ વિસ્તારોમાં પાકા રસ્તા, પીવાનુંપાણી અને અન્ય સુવિધાઓ માટે ધમધમાટ જોવા મળી રહ્યો છે.

પાલિકાના બાંધકામ ઈજનેર ભરતભાઈ ચૌધરીના જણાવ્યા મુજબશારદા અને ચામુંડા સોસાયટીમાં પાકા રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે, જયારે મસાલી રોડ ઉપરની તમામ સોસાયટીઓમાં પાકા રોડ બનાવવામાં આવનાર છે,જેમાં કેટલાક કામો તો પૂર્ણ પણ થઇ ગયા છે.

**બે મહિનામાં સી.સી.ટી.વી.કેમેરા લાગશે**

રાધનપુર શહેરમાં બે મહિનામાં સી.સી.ટી.વી.કેમેરા લગાવવાની કામગીરી પણ શરુ કરી દેવામાં આવી છે,રૂ.૩૮.૪૩ લાખના ખર્ચેસમગ્ર શહેરના ધમધમતા વિસ્તારોમાં સી.સી.ટી.વી.કેમેરા લગાવવા માટે ટેન્ડરો બહાર પાડી દેવામાં આવ્યા છે,જે તા.૩ નવેમ્બરનારોજ ખુલશે અને બે જ મહિનામાં શહેરના વિવિધ વિસ્તારોમાં સી.સી.ટી.વી.કેમેરા લાગી જશે,જેના કારણે ગુનાખોરીનું પ્રમાણ તો ઘટશે જ, સાથે સાથે ટ્રાફિક નિયમનમાં પણ પોલીસને મદદ મળશે.

ઓબીસી એકતા મંચ ૪૦ બેઠક પર પ્રભાવી રહેશે

## અલ્પેશ ઠાકોરની સેનાને કૉંગ્રેસ દસથી વધુ ટિકિટ આપશે...!?

(જી.એન.એસ) અમદાવાદ

ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર ગુજરાતભરમાં ચર્ચાસ્પદ બન્યા છે. કૉંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ તેમને કૉંગ્રેસમાં ખેસ પહેરાવીને આવકારતાં હવે રાજયનો ચૂંટણી જંગ વધુ રસપ્રદ બન્યો છે. ઠાકોર સમાજનું સારું એવું વર્ચસ્વ ગુજરાત વિધાનસભાની અનેક બેઠકો પર હોઈ ઠાકોર સેનાએ અમદાવાદ સહિત રાજયભરમાંથી ૧૦થી વધુ બેઠકો પરથી પંજાના નિશાન પર ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે.

ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે કૉંગ્રેસ હાઇકમાન્ડ અમારા સમાજને કઇ બેઠક પરથી ટિકિટ આપશે તેનો નિર્ણય લેશે, જોકે હજુ સુધી કઇ બેઠક પરથી મારે ચૂંટણી લડવી તે અંગે મેં કશું વિચાર્યું નથી, પરંતુ ગુજરાત વિધાનસભામાં કૉંગ્રેસની જીત પછી રાજયના સીએમ કે ડેપ્યુટી સીએમ મને કે મારા પિતા ખોડાજી ઠાકોરને બનાવવાની કોઇ શરત મેં કૉંગ્રેસ સમક્ષ મૂકી નથી. હું બિનશરતી રીતે કૉંગ્રેસમાં જોડાયો છું. કૉંગ્રેસના પ્રદેશ પ્રભારી અશોક ગેહલોત અને પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી ગઇ કાલે પક્ષના ઉમેદવારો નક્કી કરવા દિલ્હી ગયા છે. તેઓ દિલ્હીમાં બે દિવસ સુધી પક્ષના ઉમેદવારો અંગે હાઇકમાન્ડ સાથે ચર્ચા-વિચારણા કરવા ઉપરાંત કૉંગ્રેસમાં અલ્પેશ ઠાકોરને ઉપપ્રમુખ જેવો સન્માનભર્યો હોદ્દો સોંપવા અંગે પણ હાઇકમાન્ડ સમક્ષ રજૂઆત કરશે. આ દરમ્યાન પ્રદેશ કૉંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે અલ્પેશ ઠાકોરને સ્વતંત્ર ઓફિસ ફાળવવાની દિશામાં પણ કવાયત હાથ ધરાઇ છે. પ્રદેશ કૉંગ્રેસનાં સૂત્રો કહે છે કે, વિધાનસભાની ચૂંટણી બાદ સંગઠનની ચૂંટણી યોજાશે, જોકે જે પ્રકારે અલ્પેશ ઠાકોરે ગઇ કાલના સંમેલનમાં શક્તિ પ્રદર્શન દાખવ્યું છે તેને જોતાં પક્ષમાં તેમને ચોક્કસપણે માનવંતો હોદ્દો સોંપાશે.

કૉંગ્રેસ એવું માને છે કે, અલ્પેશ એકલા હાથે આ ૪૦ બેઠકો પર કૉંગ્રેસ તરફી જુવાળ ઊભો કરવામાં સફળ થશે. આ બેઠકોનું ગણિત સમજીએ તો જાતી

આધારિત રાજકીય સ્થિતિ પ્રમાણે સાબરકાંઠા, બનાસકાંઠા, આણંદ, ખેડા, મહેસાણા, પાટણ, ગાંધીનગર અને અરાવલ્લી જેવા જિલ્લાઓની ૪૦-૪૫ બેઠકો પર ઠાકોર મત નિર્ણાયક સ્થિતિમાં છે.

